# યુગ શક્તિ ગાયત્રી

માર્ચ ૧૯૯૭






**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અનુક્રમણિકા


૧. તમે તેને અવશ્ય પામશો ૧
૨. આસ્તિકતા, આધ્યાત્મિકતા અને ધાર્મિકતા ૨
૩. 'વિશ્વધારા' ભારતીય સંસ્કૃતિ ૫
૪. ભવાની શંકરૌ વન્દે શ્રદ્ધા વિશ્વાસ રુપિણૌ ૧૦
૫. યોગક્ષેમ વહામ્યહમ્ ૧૨
૬. ધ્યાન શા માટે અને કેવી રીતે ધરવું ? ૧૪
૭. સર્વશ્રેષ્ઠ સાધના ૧૭
૮. ધન્ય છે ભારત દેશ ૧૯
૯. સ્વર્ગ તમારા ઘરમાં છે ૨૧
૧૦. હે રામ ! અમોને તમારા શરણમાં લઈ લો ૨૩
૧૧. તપસ્યાનું તત્ત્વદર્શન ૨૬
૧૨. પાત્રતા કેળવીએ તો દૈવી કૃપા વરસે ૨૯
૧૩. તમસો મા જ્યોતિર્ગમય ૩૧
૧૪. મારું આત્માવલોકન ૩૪
૧૫. આનંદની દેવી ૩૬
૧૬. સવિતાની સ્વર્ણિમ પ્રકાશસાધના સરળ અને નિરુપદ્રવી ૩૮
૧૭. બુદ્ધિવાન બનીએ કે પ્રજ્ઞાવાન ૪૧
૧૮. પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી ૪૩
અસામાન્ય સમય માટે અસામાન્ય તૈયારી


## ધન્ય છે :

**ગાયત્રી શક્તિપીઠ મહેસાણા-જેમણે ૩૦૦૦થી વધુ યુગ શક્તિ ગાયત્રીના ગ્રાહકો આ વર્ષે બનાવ્યા છે.**

**ગાયત્રી પ્રજ્ઞાપીઠ ગોંડલ-જેમણે ૨૦૦૦થી વધુ ગ્રાહક બનાવ્યા છે.**

**ગાયત્રી પ્રજ્ઞાપીઠ વીસનગર-જેમણે ૨૦૦૦થી વધુ ગ્રાહક બનાવ્યા છે.**

**હરિશંકરભાઈ પી. પંડયા ભાવનગરને-જેમણે ૧૮૦૦થી વધુ ગ્રાહક બનાવ્યા છે.**

૧૫૦૦થી વધુ ગ્રાહક બનાવનાર શાખાઓ-

1. **ગાયત્રી શક્તિપીઠ, ડીસા**
2. **ગાયત્રી શક્તિપીઠ, કલોલ**
3. **ગાયત્રી શક્તિપીઠ, પાટણ**
4. **ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ભાવનગર**
5. **મીઠાભાઈ પટેલ, ઓઢવ**

૧૦૦૦થી વધુ ગ્રાહક બનાવનાર શાખાઓ-

1. **ગાયત્રી પ્રજ્ઞાપીઠ, માંડવી જિલ્લા-કચ્છ**
2. **ગાયત્રી શક્તિપીઠ, રાજકોટ**
3. **ગાયત્રી પ્રજ્ઞામંદિર, રાણીપ**
4. **ગાયત્રી શક્તિપીઠ, અમરેલી**
5. **ગાયત્રી શક્તિપીઠ, ગાંધીનગર**

પરમ પૂજ્ય ગુરુદેવની અમરવાણી જન-જન સુધી પહોંચાડવા પરિજનોએ ઉત્સાહપૂર્વક પ્રયાસ કરેલ છે તેમને સંસ્થા તરફથી અભિનંદન.

( ક્રમશઃ )

## ફાર્મ-૪

| | |
|---|---|
| ૧. પ્રકાશનનું સ્થાન | મથુરા |
| ૨. પ્રકાશનનો પ્રકાર | માસિક |
| ૩. મુદ્રકનું નામ | પં૦ લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ પ્રેસ, મથુરા |
| ૪. પ્રકાશકનું નામ | પં૦ લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ યોજના, મથુરા |
| ૫. સંપાદકનું નામ | પં૦ લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ યોજના, મથુરા |
| ૬. સત્વાધિકારી | યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા |

હું લીલાપત શર્મા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતોવાળું નિવેદન મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચું છે.

**સહી--લીલાપત શર્મા**




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

**સંસ્થાપક/સંરક્ષક :**

**વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા**

**પં. શ્રીરામ શર્મા આચાર્ય**

**અને**

**માતા ભગવતી દેવી શર્મા**

સંપાદક :

**પં૦ લીલાપત શર્મા**

**કાર્યાલય :**

**ગાયત્રી તપોભૂમિ,**

**મથુરા-૨૮૧ ૦૦૩**

**ટેલિફોન :**

**(૦૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫**

**વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા**

**આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા**

**વિદેશનું લવાજમ**

**વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડોલર/ ૪૦૦ રૂપિયા**

**આજીવન : ૧૦૦ પાઉન્ડ/ ૧૫૦ ડોલર/ ૪૫૦૦ રૂપિયા**

**વર્ષ - ૨૭ અંક - ૩**

**માર્ચ - ૧૯૯૭**

## તમે તેને અવશ્ય પામશો

કોઈ પર્વતીય સરોવર પર નજર નાખો. ઝાકળની રૂપેરી ચાદર છવાયેલી છે. પવન આવે છે, પાણી વરસે છે, વાદળ ગરજે છે અને વીજળી ચમકે છે, પરંતુ સરોવરની અવિચળતામાં કોઈ પણ ફરક નથી પડતો. કિનારા પર રંગબેરંગી પક્ષીઓ કિલ્લોલ કરે છે, પરંતુ સરોવરમાં કોઈ વિક્ષેપ પડતો નથી. કિનારા પર ફેલાયેલી વૃક્ષાવલી પર એક એકથી ચઢિયાતાં ફૂલો ખીલે છે અને તુટીને સરોવર પર પડે છે, પરંતુ સરોવરના સ્થિર હૃદયમાં એમનું કોઈ જ પ્રતિબિમ્બ પડતું નથી. તે પોતાના નિર્લેપ ભાવે સ્થિતપ્રજ્ઞ રહે છે. જો તમારામાં પણ એ સરોવર જેવી સ્થિરતા. તન્મયતા અને નિર્લેપતાનું ધૈર્ય હોય તો તમે તેને જરૂર પ્રાપ્ત કરી લેશો.

વૈદ જંગલમાંથી વિવિધ પ્રકારની વનસ્પતિ ઉખેડી લાવે છે. તેમને પાણીમાં સાફ કરે છે. યોગ્ય રીતે ખાંડે છે, વાટે છે કે મસળે છે. એમને તપાવે છે ઉકાળે છે. એ વનસ્પતિને ધધકતા અંગારાઓમાં બળવું પડે છે, શેકાવું પડે છે અને રાખ બની જવું પડે છે, પરંતુ એ વનસ્પતિ સમગ્ર યાતનાઓ સમર્પિત ભાવે સહન કરે છે. ઊંહકારાનો ધ્વનિ, નિસાસાના હીબકાં કે વિરોધની પ્રતિક્રિયા એનામાં નથી હોતી. જો તમારામાં પોતાના ગુરુ પ્રત્યે આ વનસ્પતિ જેવો જ સમર્પણ ભાવ છે તો તમે તેને અવશ્ય પામશો.

કુંભાર તળાવમાંથી માટી ખોદીને લાવે છે. તેને વાટી-મસળીને અને ચાળીને સાફ કરે છે. તેમાં પાણી નાખીને ગૂંદે છે. તૈયાર થતાં એને ચાકડા પર ચઢાવીને પોતાની ઇચ્છા અનુસાર એને આકાર આપે છે. આટલું બધું થવા છતાં માટી કશું બોલતી નથી. બધું જ સમભાવે સહન કરતી કરતી એ કુંભારની ઇચ્છાને આધીન રહે છે. જો તમારામાં એ માટી જેવી સહનશીલતા અને નમ્રતા છે તો તમે તેને અવશ્ય પામી લેશો.

રણમાં ભટકતાં પ્રાણીને પાણી સિવાય બીજા કશાની લાલચ હોતી નથી. પાણી માટે તે એટલું વ્યાકુળ બની જાય છે કે રેતીના કણોમાં પણ તેને પાણીનો આભાસ થાય છે. તે તરફડે છે, દોડે છે, વ્યાકુળ થાય છે. તેને પાણીથી છલોછલ ભરેલા જળાશયની નહીં પણ એક ટીપું પાણીની જરૂર હોય છે. તે બિંદુમાં જ પોતાના સર્વસ્વને શોધે છે. પનઘટ પર ઊભેલા પથિકની તૃષામાં ન તો એટલી વ્યાકુળતા હોય છે કે ન એકાગ્રતા. તે પાણી સિવાય ત્યાંનું દૃશ્ય જોવાનો આનંદ પણ માણે છે. આજુબાજુના લોકો સાથે ગપશપનો આનંદ પણ માણે છે. જો તમે તેને પામવા માગતા હો તો પનઘટ પર ઊભેલા પથિકની ઇચ્છા નહીં પણ રણમાં ભટકતા તરસ્યા પ્રાણીની આકાંક્ષા લઈને ચાલો. એક દિવસ તમે તેને અવશ્ય મેળવી લેશો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આસ્તિકતા, આધ્યાત્મિકતા અને ધાર્મિકતા

કંદોઈની દુકાનમાં જાતજાતની મીઠાઈઓ જોવા મળે છે, પરંતુ તેનું નિરીક્ષણ કરતાં તેમાં મુખ્યત્વે દૂધ, સાકર અને અનાજ આ ત્રણ જ વસ્તુઓનું મિશ્રણ જોવા મળે છે. બનાવનાર પોતાની હોશિયારીથી તેમાંથી જાતજાતના સ્વાદવાળી અને જાતજાતના રૂપવાળી મીઠાઈઓ બનાવે છે. કુંભાર ચાકડો, માટી અને લાકડી વડે અનેક જાતનાં વાસણો બનાવે છે. કાગળ, પેન અને શાહીનો ઉપયોગ કરીને અનેક લેખો લખાય છે. ખેડૂત ખાતર, પાણી અને બીજ દ્વારા અખૂટ અનાજનું ઉત્પાદન કરે છે, તેવી જ રીતે અધ્યાત્મ વિજ્ઞાનનું માળખું પણ ત્રણ આધારો ઉપર જ રચાયેલું છે.

તત્ત્વજ્ઞાનના દાર્શનિક વિવેચનોમાં ઈશ્વર, જીવ અને પ્રકૃતિનું વિવેચન થતું રહે છે. બુદ્ધિજીવીઓમાં ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગને આત્મિક પ્રગતિનો આધાર માનવામાં આવે છે. આ અલગ અલગ સમર્થિત શૈલીઓનું જો એકીકરણ કરવામાં આવે તો તે અધ્યાત્મના આધારભૂત ગણાતા મુખ્ય ત્રણ સમર્થનોમાં સમાઈ જાય છે. તત્ત્વજ્ઞાન રૂપી સમુદ્રમંથન દ્વારા નીકળેલું આ માખણ આસ્તિકતા, આધ્યાત્મિકતા અને ધાર્મિકતાના નામે ઓળખાય છે. આ માનવીય સત્તાના ત્રણ ક્લેવરો છે. આને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર તથા એને શરીર, મન અને અંતઃકરણ પણ કહે છે. આ ત્રણેના ઉદય માટે એક સાથે પ્રયત્નો કરવા પડે છે. એક પૂરું કર્યા પછી બીજું હાથમાં લેવાય તેવું આમાં બનતું નથી. તેઓ સાથે જ વિકાસ પામે છે. જીવનનિર્વાહ માટે અનાજ, પાણી અને હવાની જરૂરિયાત છે અને તે ત્રણે સાથે જ વપરાય છે. આ જ વાત આત્મિક પ્રગતિના ત્રિવિધ આધારોમાં પણ જોવા મળે છે.

આસ્તિકતાનો અર્થ છે - ઈશ્વર વિશ્વાસ તેને અંતરના ઊંડાણમાં પહોંચાડવા માટે ભક્તિભાવનો આશરો લેવો પડે છે. આ વિશ્વાસ મનોકામનાઓ પૂરી કરવા અથવા તો પ્રગટ થઈને દર્શન દેવા જેવા નાદાનિયત ભરેલાં કૌતુકો માટે નથી, પરંતુ ગાઢ શ્રદ્ધાપૂર્વક સદ્પ્રવૃત્તિઓનો સમન્વિત આધાર અપનાવવાથી પૂરી થઈ શકે છે. ઈશ્વર પ્રત્યે સમર્પણ, વિસર્જન અને વિલયનું તાત્પર્ય છે શ્રેષ્ઠતાની સાથે પોતાને ગાઢ રૂપે જોડવી. અંતરાત્મારૂપી જાદુગરના ઇશારે કઠપૂતળીની જેમ પોતાના બાહ્ય તથા આંતરિક જીવનને ઢાળવું. પોતાના જ્ઞાનને આને માટે જ વાપરવું. ઈશ્વર એ કોઈ વ્યક્તિ વિશેષની જેમ શરીરધારી નથી કે જેને ભેટસોગાદો દ્વારા પોતાની તરફ આકર્ષિત કરી શકાય અને મરજી મુજબ કામ કરાવી શકાય. બધા ઋષિઓ પણ નિયમ અને અનુશાસન મુજબ ગતિશીલ રહીને જ પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યાં છે. ઈશ્વરે પોતે પણ આ અનુશાસન સ્વેચ્છાપૂર્વક સ્વીકારેલું છે. ઈશ્વર પણ જો પોતાની મરજી મુજબ અથવા તો ભક્તની મરજી મુજબ સ્વેચ્છાર કરવા લાગે તો અંધેરી નગરી અને ગંડુ રાજા જેવી પરિસ્થિતિ થઈ જાય. ચારેબાજુ અરાજકતા ફેલાઈ જાય.

ઈશ્વરની સત્તા અને મહાનતા પર વિશ્વાસ કરવાનો અર્થ છે - શ્રેષ્ઠતા સાથે જોડાવું અને સત્પરિણામો પર, સદ્ગતિ પર અને સર્વતોમુખી પ્રગતિ પર વિશ્વાસ કરવો. આદર્શવાદિતા અપનાવવાથી આ પ્રકારની પ્રાપ્તિ ચોક્કસ મળે છે, પરંતુ ક્યારેક ક્યારેક વિલંબ પણ થાય છે. આવા પ્રસંગે ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર વિચલિત થતો નથી. ધીરજપૂર્વક પ્રતીક્ષા કરે છે અને વિશ્વાસ રાખે છે. ભક્ત જેટલી પ્રગાઢતાથી દિવ્યશક્તિ સાથે જોડાયેલો રહેશે, તેના અનુશાસનને, તેના અનુબંધનોને જેટલી ઈમાનદારી અને ઊંડાણપૂર્વક પાળશે તેટલું તેનું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કલ્યાણ થશે. આસ્તિક મનુષ્ય ઈશ્વર પાસે કંઈ માગતો નથી અને પોતાની યોગ્યતા કરતાં અધિક મેળવવાની ઇચ્છા રાખતો નથી. તેની ઇચ્છાઓ ભાવનાના રૂપમાં વિકાસ પામે છે. ભાવસંવેદનાઓ ફળે છે તો આદર્શો પ્રત્યે શ્રદ્ધાવાન બનાવે છે. થોડાં દબાણ કે પ્રલોભનમાં લપસતાં રોકે છે. અંતઃકરણ પવિત્ર કરી લેતાં ઈશ્વરના અવતરણ માટે આવતાં અવરોધો અટકી જાય છે. દુષ્પ્રવૃત્તિઓનો અંત આવતા સત્પ્રવૃત્તિઓ તેનું સ્થાન લઈ લે છે. આ સ્થિતિ પરિપક્વ થવાથી જે આનંદ, સંતોષ અને ઉલ્લાસ પ્રગટે છે તેંને જ ઈશ્વરપ્રાપ્તિ કહી શકાય છે.

વિરાટ બ્રહ્મ અને વિશાલ પરબ્રહ્મ એક જ વાત છે. સર્વવ્યાપી પરમેશ્વરને કોઈ શરીરધારી રૂપમાં જોઈ શકાતો નથી. તે નિયમ, શક્તિ અને ભાવચેતનાના રૂપમાં કણેકણમાં સમાયેલો છે. પરબ્રહ્મની વાસ્તવિક સત્તાનું આ જ રૂપ છે, પરંતુ તેને પ્રત્યક્ષ જોવો હોય તો અર્જુન, જશોદા, કૌશલ્યા અને કાકાભુંશુંડિની જેમ સર્વવ્યાપક રૂપમાં જોવો જોઈએ. તે માન્યતા પરિપક્વ થતાં જ "આત્વમત્ સર્વભૂતેષુ" અને "વસુધૈવ કુટુમ્બકમ્"ની શ્રદ્ધા પેદા થાય છે. સેવા, સાધના અને પરમાર્થપરાયણતાની દિશામાં આગળ થવું પડે છે. આસ્તિક્તા એ કોઈ ભાવુકતા નથી. કોઈ મૂર્તિની પૂજા કરવાથી તે હેતુ સરતો નથી. ભક્તજનોના ચિંતન, ચરિત્ર અને વ્યવહારમાં ભક્તિભાવના ઉચ્ચકોટીનું પરિવર્તન પ્રસ્તુત કરે છે. મનુષ્યને દેવસ્તરનો બનાવનાર કાયાકલ્પ જ ભગવદ્ભક્તિનું યથાર્થ રૂપ છે.

અધ્યાત્મનું બીજું ચરણ છે - આધ્યાત્મિક્તા. આધ્યાત્મિક્તાનો અર્થ છે - આત્માવલંબન. બાહ્ય પરિસ્થિતિઓનું મૂળભૂત કારણ પોતાની મનઃસ્થિતિને માનવાનું છે. બીજાઓ સાથે સંપર્ક રાખવામાં, આપલે કરવામાં કોઈ નુકસાન નથી, પરંતુ એ યાદ રાખવું જોઈએ કે ઉન્નતિ અને પતનની સંપૂર્ણ જવાબદારી આપણી પોતાની જ છે. એકલા આવ્યા છીએ અને એકલા જવાના છીએ. આની સાથે એટલું પણ જાણવું જોઈએ કે કોઈ પણ સંકલ્પ એકલાએ કરવાનો જ છે અને તે સંકલ્પને પૂરો કરવા એકલાએ જ કટિબદ્ધ થઈને આગળ ધપવાનું છે. શ્રેષ્ઠતાને માર્ગે આગળ વધવામાં ઘણું કરીને પ્રોત્સાહન આપનાર, માર્ગદર્શક બનનાર અને સહયોગ આપનાર લોકો મળતાં જ નથી. લોકમાનસ સંકુચિત સ્વાર્થપરાયણતાથી ભરેલું છે. લોકોની માન્યતા, વિચારણા અને કામકાજ હંમેશાં અધોગામી દિશામાં જ વહેતાં હોય છે. તેમની સલાહ માનવાથી કે અનુકરણ કરવાથી મોહમાયાના બંધનોમાં જકડાઈ રહેવાય છે. પક્ષી પોતાની પાંખોની મદદથી કોઈપણ જાતના માર્ગદર્શન વિના કે કોઈની મદદ લીધા વિના ઉડી શકે છે. સદાચાર, સજ્જનતા, ઉદારતા અને પુણ્ય પરમાર્થના માર્ગ પર ચાલવામાં કોઈ મદદગાર કે ભોમિયાની આશા રાખવી જોઈએ નહીં. તેમાં આપણો પોતાનો જ વિવેક, સંયમ, સંકલ્પ અને સાહસ કામમાં આવે છે. પ્રામાણિકતા અને સદાચારની કસોટી પર કસ્યા પછી જ બીજાં લોકો આદર, મદદ કે સન્માન આપતાં જોવા મળે છે. ઘણું કરીને નીચે પડેલાને ધક્કો મારીને વધારે ઊંડાઈએ ફેંકનારા મિત્રો જ સામાન્ય રીતે વધુ જોવા મળે છે. ગુરુત્વાકર્ષણની જેમ પતનનો પ્રભાવ પડવો કે અંતરાત્માની ઉચ્ચતમ પ્રેરણાઓને અનુસરવી તે પોતાની તાકાત ઉપર જ આધારિત છે. મનુષ્ય પોતે જ પોતાનો મિત્ર કે શત્રુ છે. જેણે પોતાના અંતરાત્માનો અવાજ સાંભળ્યો અને પોતાના પગની તાકાતને આધારે નક્કી કરેલા રસ્તે એકલો ચાલ્યો તે પોતાની મંજીલ જરૂર પામી શકે છે. રસ્તામાં ચાલનારા તો દરેક રસ્તે મળી જાય છે. અધોગતિના માર્ગે ચાલવામાં તો ઘણાં મિત્રો મળી જાય છે પણ એવું જરૂરી નથી કે આગળ ધપવાના માર્ગે બધાં સાથ આપે. દુનિયામાં ઘણાં સારતત્ત્વો રહેલાં છે પણ તેને પામવા માટે તો પોતાની પાત્રતા જોઈએ. આંખ ન હોય તો દુનિયાનું કોઈ પણ દૃશ્ય જોઈ શકાતું નથી. કાન ન હોય તો સમસ્ત સૃષ્ટિ બહેરી લાગે છે. મગજ કામ ન કરતું હોય તો સમગ્ર દુનિયા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પાગલ જણાય છે. જો આપણો દૃષ્ટિકોણ રંગીન ચશ્મા જેવો હશે તો સમગ્ર દુનિયા રંગીન દેખાશે. તેથી આત્મનિરીક્ષણ, આત્મસુધાર, આત્મનિર્માણ અને આત્મવિકાસ કરતાં કરતાં સાધકે આત્માવલંબન અપનાવવું જોઈએ. એકલા ચાલવાનું સાહસ રાખવું જોઈએ. આ જ આધ્યાત્મિક્તા છે, જેને વિજ્ઞાનનું બીજું ચરણ માનવામાં આવે છે.

ત્રીજું ચરણ છે - ધાર્મિકતા. ધાર્મિકતાનો અર્થ છે કર્તવ્યપરાયણતા. નીતિ, નિષ્ઠા અને ઉદાર સેવાસાધનાની આજુબાજુ જ ધર્મની ધરી ફરે છે. આત્મસંયમ અને પરમાર્થ માટે મોટા મોટા સંકલ્પો કરવાનું સાહસ - આ બે તેના અવિભાજ્ય અંગો છે.

નિરંકુશતા એ પાશવીય પ્રવૃત્તિ છે. સ્વૈરવિહાર ફક્ત કીટપતંગોને જ શોભે છે. અપરાધ અને દૂરાચાર કરનારાઓ શેતાનની ઓલાદ કહેવાય છે. મનુષ્યનું સ્તર આ બધાંથી ઊંચું છે. નીતિ, નિષ્ઠા અને સદાચાર પર તેની મહાનતા ટકેલી છે. એને કર્તવ્યપરાયણતા અને જવાબદારીઓનું વહન પણ કહેવાય છે.

મનુષ્ય આમ જોઈએ તો બધી રીતે સ્વતંત્ર છે. તેને રસ્તા પર ચલાવવા માટે લગામ, ઊંટની નાથ, અંકુશ કે ચાબૂકનો સહારો લેવો પડતો નથી અને તેને કેદીઓની જેમ હાથકડીઓ પહેરાવીને જેલની ચાર દિવાલોમાં કેદ પણ કરી શકાતો નથી. આત્માના અનુશાસનને કારણે જ તે પોતાની વિવિધ જવાબદારીઓનું પાલન કરતાં કરતાં અગવડોનો સામનો કરવા માટે હંમેશાં તૈયાર જ રહે છે. શરીરને સ્વચ્છ રાખવું, મનને સંયમિત રાખવું, તેને મનોવિકારોથી બચાવવું, અર્થોપાર્જનમાં પણ ઈમાનદારી રાખવી, વહેંચીને અને હળીમળીને ખાવું, હસતાં હસતાં જીવન જીવવું, પડેલાને ઊંચે લાવવા અને ઊંચે ઉઠેલાને આગળ વધારવાં વગેરે અનેક જવાબદારીઓ પોતાના જીવન સાથે જોડાયેલી છે. ઘણું કરીને સદ્પ્રવૃત્તિઓને વધારવા અને ખરાબ પ્રવૃત્તિઓને જડમૂળથી ઉખાડવા, નીરક્ષીર વિવેકબુદ્ધિ અપનાવવી પડે છે અને અનીતિ સાથે લડવાની સાહસિકતા અપનાવવી પડે છે. તૂટેલાને જોડવામાં અને રૂઠેલાને મનાવવામાં અસાધારણ હોશિયારી દેખાડવી પડે છે. સામાજિક જવાબદારીઓ નિભાવવા માટે મનુષ્યે પણ આ પ્રમાણે જ કરવું પડે છે, જેને રચનાત્મક કે સુધારાત્મક કહી શકાય તેવી પ્રવૃત્તિ કરવા માટે પોતાના વ્યક્તિત્વને પ્રામાણિકતા અને પ્રખરતાથી સુસજ્જ કરવું પડે છે.

કર્તવ્યપાલનનું મહત્ત્વ બીજી રીતે જોતાં ઈશ્વરપૂજાનું સ્વરૂપ ગણાવ્યું છે. ગીતામાં કર્મયોગનું ખૂબ વિસ્તૃત વિવેચન આપ્યું છે. તેમાં કર્મનો અર્થ કામકાજ કે મહેનત નથી, પરંતુ કર્તવ્યપાલન છે. કર્તવ્યપાલનને જ કર્મયોગનું વાસ્તવિક સ્વરૂપ માનવું જોઈએ. જેણે પોતાની જાતને આદર્શોની અંદર બાંધી દીધી છે તે જ સાચો કર્મયોગી છે. તેને ધર્માત્મા પણ કહે છે. ધર્મ અને કર્તવ્યપાલન એક જ હકીકતની વ્યાખ્યા-વિવેચના કરે છે.

ધર્મધારણાઓને કાયમ રાખવા માટે સમયે સમયે સાંપ્રદાયિક રિવાજોની સ્થાપના થતી રહી છે. તેની અંદર કેટલાંયે પ્રકારના રિવાજ, માન્યતાઓ અને પૂજાપદ્ધતિઓ આવી જાય છે. તે બધી જ સમય અને સંજોગ અનુસાર હોય છે. પરિસ્થિતિ બદલાતાં તેમાં પણ સુધારો કે પરિવર્તન કરવું પડે છે. અલગ અલગ મતમતાંતરો ધરાવનારને કોઈ પણ પ્રકારે તે અનુશાસનમાં બાંધેલા રાખવાં પડે છે જેથી આપસમાં ટકરાવની કોઈ પરિસ્થિતિ ઊભી ન થાય. સાંપ્રદાયિક રીતરિવાજોમાં નીરક્ષીરની દૃષ્ટિથી જે વિવેકપૂર્ણ અને ન્યાયોચિત લાગે તેને અપનાવી શકાય છે અને બાકીના રીતરિવાજને છોડી શકાય છે. જ્યારે ધર્મની બાબતમાં આમ થઈ શકતું નથી. ધર્મ વિશુદ્ધ રૂપે માનવીય ગરિમાને શ્રેષ્ઠ બનાવનાર કર્તવ્ય છે, જ્યારે સંપ્રદાય કોઈ વિશેષ વર્ગ કે વિશેષ વિસ્તાર દ્વારા સમર્થન પામીને વ્યવહારમાં આવ્યો હોય છે. તેથી ધર્મભાવના સાર્વભૌમ ગણાય છે અને તેનું વિવેચન અધ્યાત્મના ત્રીજા ચરણના રૂપે થાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# 'વિશ્વધારા' ભારતીય સંસ્કૃતિ

સંસ્કૃતિ એટલે સંસ્કાર સંપન્ન કાર્ય પદ્ધતિ. જે રીતે આડાંઅવળાં છોડ-વૃક્ષને કાપ-કૂપ કરીને સુરમ્ય અને સુશોભિત બનાવવામાં આવે છે તે જ રીતે વ્યક્તિની ઉચ્છ્રૃંખલ મનોવૃત્તિઓ પર નિયંત્રણ સ્થાપિત કરવા માટે સંસ્કૃતિને માધ્યમ બનાવાય છે. ખેડૂત જે રીતે જમીનને ખેડીને, ખાતર-પાણી આપીને ફળદ્રુપ બનાવે છે અને વાવણીથી માંડીને લણણી સુધી એ છોડવાંને સિંચવાનું અને સંભાળવાનું કાર્ય કર્યા કરે છે, તે જ કાર્ય સંસ્કૃતિ દ્વારા માનવીય મનોભૂમિને ફળદ્રુપ તેમજ પરિણામલક્ષી બનાવવા માટે પરિપૂર્ણ કરવામાં આવે છે. અંગ્રેજીમાં વપરાતો 'કલ્ચર' શબ્દ પણ એ જ ભાવાર્થ વ્યક્ત કરે છે. અસ્તવ્યસ્તતાના નિરાકરણ અને વ્યવસ્થાના નિર્માણ માટે કરવામાં આવતા પ્રયત્નોને 'કલ્ચર' કહી શકાય. સંસ્કૃતિનો ઉદ્દેશ પણ આ જ છે.

'સંસ્કૃતિ'ની સાથે 'ભારતીય' શબ્દ જોડીને એને ભારતીય સંસ્કૃતિ કહી શકાય છે. એનો અર્થ એ નથી કે એ માત્ર ભારતીયો માટે જ ઉપયોગી છે. સંશોધનનું શ્રેય આપવા માટે કેટલીય વાર એના કર્તાઓનું નામ એની સાથે જોડી દેવાય છે. કેટલાય ગ્રહો-નક્ષત્રો હાલમાં જ શોધાયા છે તેમનાં નામ તેમના શોધકર્તાઓના નામો પરથી રાખવામાં આવ્યા છે. જે પર્વતોના શિખરો પર સાહસિક યાત્રીઓ પહેલાં પહોંચ્યા એમનાં નામ પણ એ યાત્રીઓના નામ પરથી પાડવામાં આવ્યાં. ધર્મસંપ્રદાયોની બાબતમાં પણ એમ જ હોય છે. તેમના સંસ્થાપકો આચાર્યોનું નામસ્મરણ કાયમી રહે એ માટે એમના જ નામે એ સંપ્રદાયો ઓળખાતા હોય છે. એ કારણે એ પદાર્થો કે માન્યતાઓને તેમની જ સંપત્તિ માની શકાય નહીં. હિંદુસ્તાનમાં 'વર્જિનિયા' તમાકુ ઊગે છે. જેનું પ્રારંભિક ઉત્પાદન વર્જિનિયામાં થયું હતું. તેથી નામકરણ તેના જ આધારે થઈ ગયું. એનો અર્થ એ નથી કે એ તમાકુનો ઉપયોગ વર્જિનિયા પૂરતો જ સીમિત રહે. ભારતીય સંસ્કૃતિનો પ્રયોગ, વિકાસ તેમજ વિસ્તાર ભારતમાંથી થયો. તેથી તેને એ જ નામે ઓળખવામાં આવે છે, તેથી તેનો પ્રયોગ ભારત પૂરતો સીમિત કરી શકાય નહિ.

'સા પ્રથમા વિશ્વધારા' કહીને યજુર્વેદે એની ભારતમાં શોધ થયાની અને ત્યારપછી વિશ્વવ્યાપી બનવાની વાત સ્વીકારી છે. સૃષ્ટિના આરંભથી શક્ય છે છુટક છુટક સંસ્કૃતિઓનો ઉદય થયો હોય, જે વર્ગ વિશેષ, કાળ વિશેષ અથવા ક્ષેત્ર વિશેષ માટે ઉપયોગી બની રહી હોય. એ બધાને પાછળ પાડીને ભારતીય સંસ્કૃતિ જ વિશ્વસંસ્કૃતિ સ્વરૂપે પ્રસ્તુત થઈ. જ્યારે સર્વસાધારણ લોકોને પણ એના સર્વશ્રેષ્ઠ સ્વરૂપનો ખ્યાલ આવ્યો ત્યારે એનો સર્વત્ર સ્વીકાર થવા લાગ્યો. પરિણામે તે વિશ્વવ્યાપી બનવા લાગી. જે કોઈ પણ એના સંપર્કમાં આવ્યા એ એના જ બનીને રહ્યા, એ વાત તો ઈતિહાસ પણ સ્વીકારે છે.

સુપ્રસિદ્ધ પાશ્ચાત્ય વિદ્વાન તેમજ ભારતીય વિદ્યાઓના જ્ઞાતા સર વિલિયમ જોન્સે ભારતના સાંસ્કૃતિક ગ્રંથોના અધ્યયન પછી કહ્યું, "પોતાને આવા ઉદાત્ત વાતાવરણમાં પામીને હું અવર્ણનીય આનંદ અનુભવું છું. આ મહાન દેશ જે દૂરદૂર સુધી એશિયાઈ દેશો સાથે સંકળાયેલો છે. જેને વિજ્ઞાનની ધરતી હોવાનું સન્માન પ્રાપ્ત છે, જેની પાસે ગૌરવપૂર્ણ કાર્યો કરવાની દૃષ્ટિ છે, જે માનવીય પ્રતિભા માટેનું ફળદ્રુપ મેદાન છે, જે આશ્ચર્યજનક પ્રાકૃતિક અજાયબીઓથી ભરેલો છે અને જે ધર્મપ્રશાસન, શાસ્ત્રીય નિયમો, શિષ્ટાચાર, રીતરિવાજો, વિવિધ ભાષાઓ તથા મનુષ્યોના વિવિધ વર્ગોનો અખૂટ ભંડાર છે. આ જ દેશની સંસ્કૃતિએ માનવીને માનવીય ગરિમાની શીખ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપી છે.

અહીંના ઋષિ મુનિઓની 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના ભારતીય સંસ્કૃતિના વિશ્વવ્યાપી પ્રસાર પ્રચાર માટેનું મુખ્ય કારણ હતી. એ ઋષિઓ કોઈ સીમિત ક્ષેત્રના હિત. વિશે ન વિચારતાં સમસ્ત વિશ્વની એકતા, પ્રગતિ તેમજ સમૃદ્ધિનું ચિંતન કરતા. તેથી જ તો ભારતીય વિદ્વાન ડૉ. રાધાકૃષ્ણને પોતાના એક વ્યાખ્યાનમાં કહ્યું હતું, "ભારતીય સંસ્કૃતિનો અર્થ છે સમન્વય, સમસ્ત જાતિઓનો સમન્વય, સમસ્ત જ્ઞાનવિજ્ઞાનનો સમન્વય, સમસ્ત કાળોનો સમન્વય. આમ મહાસમન્વય સાધવાની મહેચ્છા ધરાવનારી સમગ્ર માનવજાતિને તેના કલ્યાણ તરફ લઈ જનારી આ ઋષિ રચિત સંસ્કૃતિ છે. આ જ વિશાળ દૃષ્ટિકોણના કારણે ભારતવાસીઓ પોતાની આધ્યાત્મિક તેમજ ભૌતિક સંપત્તિને વિશ્વના ખૂણેખૂણે વહેંચવા માટે નીકળી પડયા.

પ્રાચીન ભારતમાં માત્ર ઋષિઓમાં જ નહીં પણ સામાન્ય સ્તરના લોકોમાં પણ ત્યાગ અને આદર્શના ક્ષેત્રમાં સ્પર્ધા રહેતી. દેશનો દરેક નાગરિક આદર્શવાદિતાની પ્રતિમૂર્તિ હતો. સંકીર્ણ સ્વાર્થપરાયણતાથી ભર્યું જીવન ઘૃણાસ્પદ ગણાતું. ઈ.સ. ૧૮૮૪માં રશિયામાં ભારતીય વિદ્યાના સંસ્થાપક ઇવાન મિનાયેવે કહ્યું હતું, "ભારતીય સુદૂર અતીતનું બહુઆયામી અધ્યયન થઈ રહ્યું છે ત્યારે સ્પષ્ટ થાય છે કે પ્રાચીન વિશ્વના ભાગ્ય નિર્માણમાં આ દૂરવર્તી પૂર્વીય દેશે કેટલી મોટી ભૂમિકા નિભાવી હતી. પુરાતન માનવી માટે આ એક સમૃદ્ધ દેશ માત્ર ન હતો જ્યાંથી તે સોનું, હાથીદાંત અને રત્ન લઈ જતો, પરંતુ આ દેશ વિવેકનો દેશ હતો. વિવેકની અધિષ્ઠાત્રિ શક્તિના રૂપે અહીં 'ગાયત્રી'ની ઉપાસના કરવામાં આવતી. જેરાર્ડ યેકૉર્ટરે પોતાના ગ્રંથ 'કૉસ્મૉગ્રાફી'માં ભારતને 'સૌર નગર' તરીકે વર્ણવ્યું છે જ્યાં લોકો નિત્ય ગાયત્રી મહામંત્રની ઉપાસના સૂર્ય ઉપાસના રૂપે કર્યા કરતા. જે સ્પષ્ટ સંકેત આપે છે કે ભારતે માત્ર પોતાની સમૃદ્ધિના કારણે નહીં પણ પોતાની આધ્યાત્મિક ચેતનાના કારણે વિશ્વને પ્રભાવિત કર્યું હતું.

ભારતીય દર્શન, વેદ-પુરાણ, ઉપનિષદ, બધાનું લક્ષ્ય એક જ છે 'શ્રેષ્ઠતમ'ની પ્રાપ્તિ. એ માત્ર બુદ્ધિવાદના આધારે નથી લખાયા. એમાં રજૂ કરેલ પ્રત્યેક હકીકત પ્રાચીન ઋષિગણોની તપસાધનાનો નિષ્કર્ષ છે. જો કે આ સૃષ્ટિ અસીમ છે, વિચાર અસીમ છે તેથી કોઈ પણ એક વિચારને સંપૂર્ણ માની શકાય નહીં. આ જ મૂળ તત્ત્વને ધ્યાનમાં રાખીને ભારતીય સંસ્કૃતિ-દૃષ્ટિકોણને સંકુચિત ન કરી દેતાં વિવિધ વિચારોને પ્રગટ કરનારી બની રહે છે. જે પણ શ્રેષ્ઠ છે એને આત્મસાત્ કરનારી બની રહે છે. આ જ કારણે અહીંની સાંસ્કૃતિક સંપત્તિએ દેશી પરદેશી દરેક વિચારશીલને આકર્ષિત કર્યો છે. ફ્રેંચ વિદ્વાન ઍન્કવેતિ દ્ યૂ યેરો દ્વારા અનુવાદિત ઉપનિષદોએ જર્મન દાર્શનિક શલિંગ અને શૉપેનહૉવરનું ધ્યાન પણ આકર્ષિત કર્યું. જેણે એમની પ્રશંસા કરતાં કહ્યું, "આ ઉપનિષદો માનવીની ઉચ્ચતમ બુદ્ધિનું પ્રાગટય છે" અને તેમણે ઉપનિષધિ વાક્યને ગ્રહણ કર્યું **"બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ."** અર્થાત્ બ્રહ્મને જાણી લેનારો બ્રહ્મ જ બની જાય છે. ઈ. સ. ૧૭૮૯માં સર વિલિયમ જોન્સે કાલિદાસની અમરકૃતિ 'અભિજ્ઞાન શાકુન્તલમ્'નો અંગ્રેજી અનુવાદ કર્યો જે એટલો લોકપ્રિય થયો કે વીસ વર્ષોથી પણ ઓછા ગાળામાં એની પાંચ અંગ્રેજી આવૃત્તિઓ છપાઈ. ૧૭૯૧માં વિશ્વયાત્રી તેમજ ક્રાંતિકારી વિચારક જ્યોર્જ ફૉસ્ટર દ્વારા એનો જર્મન અનુવાદ પણ થયો. જેનાથી હર્ડર અને ગૅટે જેવી વ્યક્તિઓ પણ પ્રભાવિત થઈ. શ્લેગલે તો સ્પષ્ટ જાહેરાત કરી દીધી કે વિશ્વ સાહિત્યનો સાચો ઇતિહાસ ભારતીય સાહિત્ય વિના લખી શકાય નહીં.

યૂરોપિયન વિદ્વાન મૅક્સમૂલરની ભારતભક્તિ તો પ્રસિદ્ધ છે જ. તેમણે પોતાના જીવનનો અધિકાંશ સમય ભારતીય વિદ્યાઓને વાંચવામાં અને પ્રકાશિત કરવામાં વિતાવ્યો. તેમના દ્વારા સંપાદિત 'સૅક્રેડ બુક ઑફ ધ ઇસ્ટ' ગ્રંથમાળા, વેદોનું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભાષ્ય તેમજ 'ઇન્ડિયા વૉટ ઇટ કૅન ટીચ અસ' જેવાં પુસ્તકો એનું પ્રમાણ છે. ભારતીય સંસ્કૃતિના મહાન ઉદ્‌ગાતા સ્વામી વિવેકાનંદ જ્યારે તેમને ઇન્ગ્લૅંડમાં મળ્યા ત્યારે તેમણે સ્વામીજીને કહ્યું, "ભારત માતા સ્વપ્નોનો દેશ છે. અહીંની સાંસ્કૃતિક શોધોએ વિશ્વ માનવને એના દેવત્વ તેમજ દિવ્યત્વનો માર્ગ બતાવ્યો છે.

જર્મન વિદ્વાન જ્હૉન હર્ડરે પોતાની કૃતિ 'આઈડિયાઝ ઑન એ ફિલોસોફી ઑફ ધ હિસ્ટ્રી ઑફ મૅનકાઈન્ડ'માં લખ્યું છે કે મનુષ્ય જાતિના ઉદ્‌ગમની શોધ ભારતમાં કરવી જોઈએ, જ્યાં સરળતા, શક્તિ અને વિનય જેવા સદ્‌ગુણોની સાથે બુદ્ધિએ સર્વપ્રથમ સ્વરૂપ ગ્રહણ કર્યું છે. સ્પષ્ટ શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે યુરોપીય જગતની જડ દાર્શનિકતામાં કોઈ પણ વસ્તુ નથી.

રામાયણમાં વર્ણિત કૌટુંબિક આદર્શ તેમ જ જીવન મૂલ્યો ભારતીય જનમાનસ માટે સદૈવ અનુકરણીય રહ્યાં છે. કૌટુંબિક વિચ્છેદની આગમાં બળતું પશ્ચિમ અશાંતિ તેમજ તનાવથી ત્રસ્ત છે. તેઓ ભારતીય સાંસ્કૃતિક વારસાને ઊંડાણથી સમજવા માટે આતુર છે. માનવીય મનના અધ્યેતા કાર્લ ગુસ્તાન જુંગે કહ્યું છે, "આપણે જાણતા નથી કે આપણી તકનિકી ક્ષમતા આગળ પૂર્વના દેશોને નિમ્ન સમજીએ છીએ જ્યારે મનોવૈજ્ઞાનિક ઉપલબ્ધિઓમાં આપણી પહોંચ કરતાં તેઓ ઘણાં આગળ છે. જ્યાં ભૌતિક દૃષ્ટિએ આપણે પૂર્વના જગત કરતાં ઘણાં આગળ છીએ ત્યાં આપણા આત્મિક ઉત્થાનનો માર્ગ ભારત દેશ જ બતાવી શકે તેમ છે."

શ્લેગલના મતે, "જો કોઈ સર્વમાન્ય ભારતીય સંસ્કૃતિના મૂળમાં રહેલી શ્રેષ્ઠ દૈવી ભાવનાને સમજી લે તો યુરોપમાં અપાયેલી ધર્મની વ્યાખ્યા એને ઉપર્યુક્ત ન લાગે. જે રીતે કલાનું અધ્યયન કરવા માટે ઈટાલી જવું જરૂરી છે એ જ રીતે ધર્મશોધકે ભારત જવું જરૂરી છે. ત્યાં યુરોપમાં ક્યાંય ન મળે એવાં ધાર્મિક અંશો મળી જશે." ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિ શાસ્ત્રરૂપ ગીતા વિશે તેમણે કહ્યું, "એક ગંભીરતમ તેમજ સૌથી શ્રેષ્ઠ વસ્તુ જેના પર સંસાર ગર્વ કરી શકે છે."

ભારતના સાંસ્કૃતિક વારસાથી લાભ લેવામાં આરબો પણ પાછળ નથી રહ્યા. એમણે ભારત પાસેથી વેદાંત, જ્યોતિષ, ગણિત, આયુર્વેદ, રસાયણ અને પ્રશાસનનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. ટાયરસે પોતાના ગ્રંથોમાં ઉલ્લેખ કર્યો છે - સૂફીવાદના ધાર્મિક સ્વરૂપમાં બૌદ્ધ તેમજ વેદાંત દર્શનનો મહત્ત્વનો ફાળો હતો. ચોથા ખલિફાના મતે, "સૌ પ્રથમ ભારતમાં જ પુસ્તકો લખાયા અને બુદ્ધિ તેમ જ જ્ઞાનનો પ્રસાર પણ અહીં જ થયો. આરબોના ભારત પ્રત્યેના સન્માનજનક ઉદ્‌ગારોને અસાધારણ જ કહેવા પડશે. ખલિફા ઉમરને કહેવાયું હતું કે ભારતની નદીઓ મોતી છે અને એનાં પહાડો લાલ અને વૃક્ષો સુગંધિત છે. છતાં પણ તેણે ભારત પર આક્રમણ કરવાનો ઇન્કાર કર્યો કારણ કે એ ભારતને વિચારો તેમજ ધર્મની પૂર્ણ સ્વતંત્રતાવાળો દેશ ગણતા હતા, જ્યાં હિન્દુ તેમજ મુસલમાનો પોતપોતાના ધર્મનું સ્વતંત્રતાપૂર્વક પાલન કરી શકે છે. તેથી જ તો અબુલ ફઝલે આઈના-એ-અકબરીમાં લખ્યું છે, "ભારતના મુસલમાનો પોતાને ભારતીય ગણવામાં ગૌરવ અનુભવે છે."

સંસ્કૃત જ્ઞાનનો યુરોપમાં પ્રચાર કરનારા વિદ્વાન સર વિલિયમ જૉન્સે લખ્યું છે, 'હું હિન્દુ નથી, પરંતુ હિન્દુઓના સિદ્ધાંતોની મોહકતાએ મને તેમના સિદ્ધાંતો અપનાવવા માટે વિવશ કર્યો છે. તેમની સાથે હું સંપૂર્ણપણે સંમત છું. ભવિષ્યમાં આજથી પણ સારા એવા અનુપમ, વિવેકપૂર્ણ, પવિત્ર અને માનવીને પાપયુક્ત કરનારા યુગનો આરંભ થશે જે નિઃશંકપણે અનંત દંડ વ્યવસ્થાની ભયજનક આશંકાઓ કરતાં શ્રેષ્ઠ હશે.

પોતાની આ જ વિશેષતાઓના કારણે ભારતીય સંસ્કૃતિને વિશ્વધારા કહેવામાં આવી છે. વિશ્વધારા એટલે - **વિશ્વવંકૃણોતીતિ** વિશ્વધારા એટલે કે સમસ્ત સંસાર દ્વારા વરણ કરી શકાય, સ્વીકાર કરી શકાય એ વિશ્વધારા. બીજા શબ્દોમાં એને સાર્વભૌમ પણ કહી શકાય છે. સંસ્કૃતિ માટે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બ્રાહ્મણગ્રંથોમાં આપેલો શબ્દ 'સોમ' છે. સોમ શું છે ? **અમૃતમ્ વૈ સોમઃ** (શતપથ) અમૃત જ સોમ છે. અમૃત શું છે ? જ્ઞાન અને તપથી ઉત્પન્ન થયેલો આનંદ. એ રીતે ભારતીય સંસ્કૃતિનું તાત્પર્ય એ શ્રદ્ધા સાથે છે જે જ્ઞાન અને તપની વિવેકયુક્ત ક્રિયાશીલતા તરફ આપણી ભાવનાશીલતાને અગ્રેસર કરે છે. આ સંસ્કૃતિને જ્યાં જેટલી માત્રામાં અપનાવાઈ છે એટલી માત્રામાં ભૌતિક સમૃદ્ધિ તેમજ આત્મિક પ્રગતિનો અનુભવ કરી શકાયો છે.

ભારતીયોના નૈતિક આદર્શો અન્ય લોકોથી ભિન્ન છે એવું નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિની એક મહાન વિશેષતા રહી છે કે એણે માનવીય વ્યવહારને નીતિપૂર્ણ બનાવવા પર ભાર મૂક્યો. એ માટે ભલે ગમે તેટલું બલિદાન આપવું પડે. આ જ ભાવથી અનુપ્રાણિત મહાત્મા ગાંધી અહિંસાને સ્વતંત્રતા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ ગણતા હતા. તેઓ કહેતા મનુષ્ય સમાજ અને રાષ્ટ્રનો જ એક ભાગ છે. આજે માનવીય વ્યક્તિત્વ ખંડિત થઈ રહ્યું છે. રાજનૈતિક પ્રયત્નો દ્વારા એકતા સ્થાપિત કરવાનું સંદેહાત્મક છે. જ્યાં સુધી આત્માસુધારણા કરીને વ્યક્તિત્વને પરિશુદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી રાષ્ટ્રસુધારણા કે પ્રગતિનું સ્વપ્ન સાકાર થશે નહીં. પોતાની સુધારણા કરવાથી રાષ્ટ્ર આપમેળે સુધરી જશે.

ભારતમાં રાષ્ટ્રીયતા રાજ્યમાં નહીં પણ સંસ્કૃતિમાં છે. એથી જ અનેક જાતિઓ, રાજ્યો, ભાષાઓ અને ધર્મો હોવા છતાં ભારત એક રાષ્ટ્ર છે. પશ્ચિમમાં રાષ્ટ્ર અને રાજ્ય એકબીજાના પર્યાય છે. તેથી ત્યાં નેશનલ સ્ટેટ (રાષ્ટ્ર રાજ્ય) કહેવાય છે. ભારતમાં રાષ્ટ્રીયતા સંસ્કૃતિ પર આધારિત હોવાથી રાષ્ટ્રને રાજ્યથી ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. આ જ આધાર જો ભવિષ્યમાં સમગ્ર વિશ્વને એક સૂત્રમાં પરોવી દે તો આશ્ચર્ય ન થવું જોઈએ. વાસ્તવમાં સંસ્કૃતિ પર આધારિત રાષ્ટ્રીયતા જ દેશને બળવાન બનાવે છે. આ સમયે યુરોપ ભાષા આધારિત નાના નાના ટુકડામાં વહેંચાયેલું છે. યુરોપના દેશો પણ સમાન સંસ્કૃતિ પર આધારિત રાજકીય એકમના સ્વપ્ના જોઈ રહ્યું છે. હવે મોટાભગના યુરોપિયનો ભારતીય સંસ્કૃતિના રાષ્ટ્રવાદના આદર્શો પર આધારિત રાજકીય એકમ બનાવવાની ઇચ્છા સેવે છે. યુરોપીય સમુદાયની સ્થાપના આ દિશામાં એક શરૂઆત છે.

ભારતીય સંસ્કૃતિની પોતાની અનેક પ્રકારની અનોખી વિશેષતાઓ છે. વાસ્તવમાં 'સંસ્કૃતિ' શબ્દ સાથે જોડાયેલી વિશેષતાઓને પૂરી કરવામાં બધી જ કસોટીમાં ખરી ઉતરે એવી ભારતીય સંસ્કૃતિ જ છે. અન્ય સંસ્કૃતિઓ તો માત્ર સભ્યતાઓ જ છે. સભ્યતા કોઈ દેશ, કાળ તેમજ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને વિનિર્મિત કરવામાં આવે છે અને એની સીમા એટલા જ વિસ્તારમાં સીમિત રહે છે. દરેક પરિસ્થિતિ તેમજ દેશકાળ માટે સમાન રૂપે એનો ઉપયોગ ન થઈ શકે, કારણ કે એમાં સૈદ્ધાંતિક ઓછાં અને વ્યાવહારિક તથ્યો અધિક હોય છે. વ્યવહાર તો ઋતુઓના પરિવર્તન સાથે જ બદલાઈ જાય છે. આયુષ્યમાં ફેરફાર પણ વ્યવહાર બદલવા માટે વિવશ કરી દે છે. આવી પરિસ્થિતિમાં વ્યવહાર વ્યવસ્થાઓ પર આધારિત સભ્યતાઓ સાર્વત્રિક કે સર્વકાલીન હોઈ જ કેવી રીતે શકે ? અંગ્રેજી કે આરબ સભ્યતા ભારતને સમકક્ષ છે એમ દૃઢતાપૂર્વક કહી શકાય નહીં.

ભારતની સાંસ્કૃતિક સમૃદ્ધિ મહાન જ નહીં અજોડ પણ છે. એના આચરણ અને વ્યવહારોના વિશુદ્ધ રૂપને જોઈએ. મધ્યકાલીન વિકૃતિઓને દૂર કરી દઈએ તો નિઃશંકપણે આ વ્યવહાર વ્યવસ્થા પણ એટલી જ ઉચ્ચ કોટિની સિદ્ધ થશે જેનાથી વૈયક્તિક વ્યવહાર અને સામાજિક સંગઠનની પરિશુદ્ધ શૈલી ઉદ્ભવશે જે વ્યષ્ટિ અને સમષ્ટિને ઉદ્વિગ્ન ઉન્મત્ત બનાવીને વિનાશ તરફ જતાં રોકશે. સાંસ્કૃતિક શ્રેષ્ઠતાને તો માનવીય જ નહીં દૈવી સંસ્કૃતિ પણ કહી શકાય. માનવીને દેવત્વની દિવ્યતા પ્રદાન કરી શકવાની સમસ્ત સંભાવનાઓ આ દાર્શનિક ઢાંચામાં રહેલી છે. જે ક્યારેક ભારતીય સંસ્કૃતિ નામથી ઓળખાતી હતી એમાં જો સંકુચિતતા જણાય તો એનું નામ વિશ્વ સંસ્કૃતિ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પણ પાડી શકાય.

ધર્મ, અધ્યાત્મ, ઈશ્વર, જીવ, પ્રકૃતિ, પરલોક, પુનર્જન્મ, સ્વર્ગનરક, કર્મઅકર્મ, પ્રારબ્ધ, પુરુષાર્થ, નીતિ, સદાચાર પ્રથાપરંપરા, શાસ્ત્ર, દર્શન વગેરે માન્યતાઓના માધ્યમથી આ સંસ્કૃતિની માન્યતાઓ મનુષ્યને ચારિત્ર્યવાન, સંયમી, કર્તવ્યપરાયણ, સજ્જન, વિવેકી, ઉદાર અને ન્યાયપરાયણ બનવાની પ્રેરણા આપે છે. સર્વમાં આત્મતત્ત્વ જોઈને સજ્જનતા ભર્યો સૌમ્ય વ્યવહાર કરવાનું શિખવે છે અને નિષ્ફળતાની કે અભાવગ્રસ્ત પરિસ્થિતિમાં પણ વિચાર અને કર્મની શ્રેષ્ઠતા સાથે જોડાયેલી દિવ્ય અનુભૂતિ માત્રનું અવલંબન કરીને આનંદમાં રહેવાનું બળ આપે છે. અધિકારને બદલે કર્તવ્યની પ્રાથમિક્તા, આળસ તેમજ પ્રમાદનો અંત અને પ્રચંડ પુરુષાર્થમાં નિષ્ઠા, પોતાના માટે ઓછું અને બીજા માટે વધુ એ જ તો ભારતીય સંસ્કૃતિના મૂળ આધારો છે. જેમને શાસ્ત્રો અને પુરાણોના વિવિધ કથનો દ્વારા અનેક પૃષ્ઠભૂમિઓમાં રજૂ કરવામાં આવ્યા છે. આ સંસ્કૃતિ મનુષ્યને પૂર્ણ બનાવવાના એક નૃવંશશાસ્ત્ર, માનસશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને સમાજવિજ્ઞાનની પરિશુદ્ધ તેમજ સમન્વિત ચિંતન પ્રક્રિયા છે."

એની આ જ શ્રેષ્ઠતા તેમજ વિશેષતાને સ્વીકાર કરતાં ભારતમાં પૉલેન્ડના રાજદૂત માર્થા વૃસ્કીએ કહ્યું હતું, "ભારત અને ભારતીય સંસ્કૃતિએ મારા માટે દર્પણનું કામ કર્યું છે, જે રીતે દર્પણની સામે ઊભા રહીને માણસ પોતાને જુએ છે, ઓળખે છે અને મૂલ્યાંકન કરે છે એ જ રીતે ભારત આવીને મેં સ્વયંને ઓળખ્યો છે, સમજ્યો છે અને સ્વયંને સુધારવા પ્રયત્ન કર્યો છે."

એના આ જ નિર્દોષ સ્વરૂપને સ્વીકારવા, અપનાવવાનું આવાહન કરતાં સાને ગુરુજીએ કહ્યું છે, "હું ઉત્કૃષ્ટતાપૂર્વક ઇચ્છું છું કે બધાને ભારતની દેવસંસ્કૃતિનો પાવન પ્રકાશ મળે. એને ધારણ કરી બધા જ તેજસ્વી બને. આ સંસ્કૃતિ જ્ઞાનમય છે, સંગ્રાહક છે, કર્મમય છે. આ સંસ્કૃતિ બધાને પોતાની નિકટ લેશે, નવા નવા પ્રયોગો કરશે અને અવિરત પણે ઉદ્યમશીલ રહેશે. ભારતીય સંસ્કૃતિનો અર્થ છે સર્વનો સર્વાંગીણ વિકાસ. ભારતીય સંસ્કૃતિનો આત્મા છૂતઅછૂતને માનતો નથી, હિન્દુ મુસલમાનને જાણતો નથી. આ સંસ્કૃતિ, પ્રેમ અને વિશ્વાસપૂર્વક સર્વને ભેટી જ્ઞાન, ભક્તિ અને કર્મનો અખંડ આધાર લઈને માંગલ્ય અને મોક્ષના સમુદ્ર તરફ લઈ જનારી સંસ્કૃતિ છે.

ભગવાનની ઇચ્છા તેમજ સમયનું આવાહન છે કે આપણે બધા તેની આ સૃષ્ટિને, આ મહાન સંસ્કૃતિના સિદ્ધાંતો પ્રમાણે વધુ સુંદર, વધુ સુખી, વધુ સમૃદ્ધ અને વધુ સમુચિત બનાવવામાં એ પરમ પ્રભુને સહકાર આપીએ. પોતાની બુદ્ધિ, ક્ષમતા અને વિશેષતા વડે અન્ય પછાત જીવોની સુવિધાનું સર્જન કરીએ અને સંસારમાં સ્વર્ગીય વાતાવરણ દૃષ્ટિગોચર થાય એવો સદ્‌વ્યવહાર કરીએ.

ભારતીય સંસ્કૃતિના ઉપાસકોની મહાન યાત્રા અનાદિ કાળથી આરંભ થઈ છે. વ્યાસ, વાલ્મિકી, બુદ્ધ, મહાવીર, શંકરાચાર્ય, રામાનુજ, તુકારામ, નાનક, કબીર તેમજ મહાત્મા ગાંધી, મહર્ષિ અરવિંદ જેવી મહાન વિભૂતિઓએ આ યાત્રાને આગળ વધારી છે. આવો, નાનાં-મોટાં આપણે સૌ આ પાવન યાત્રામાં ભળી જઈએ. આવો, બધાં જ આવો. ભારતીય સંસ્કૃતિના એ બધાં સુપુત્રો આપ સૌને, સમગ્ર વિશ્વમાનવતાને પોકારી રહ્યા છે. એ પોકાર જેના હૃદય સુધી પહોંચશે એ ધન્ય બની જશે.

કોઈ મનુષ્યની મહાનતાની કસોટી તે તેના કરતાં નાના વિશે શું વિચારે છે અને તે કેવા કર્મો કરે છે તેના પરથી થાય છે.

* * *

સાર્થક જીવનની આધારશિલા જ્ઞાન જ છે. જ્ઞાન જ આ દુનિયાની સર્વોપરિ સંપત્તિ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ભવાની શંકરૌ વન્દે શ્રદ્ધા વિશ્વાસ રુપિણૌ

આદ્યશક્તિ ગૌરીને શ્રદ્ધાના રૂપે અને દેવાધિદેવ પરમાત્માને વિશ્વાસના રૂપે ભજનાર સિદ્ધિ મેળવે છે. બાઈબલની માન્યતા છે કે વિશ્વાસપૂર્વક કરેલી પ્રાર્થના બીમારને પણ સાજો કરી દે છે.

વિશ્વાસપૂર્વક કરેલી ઈશ્વરની પ્રાર્થનાઓ ચમત્કારિક લાભ આપી જાય છે, આ શ્રદ્ધા આપણા દેશના લોકોના હૃદયમાં ઊંડાણપૂર્વક ઘર કરી ગયેલી છે. જોકે આજના તર્કવાદી લોકો પશ્ચિમનું ઉદાહરણ આપીને આ માન્યતાઓને ભ્રામક ગણાવે છે, પરંતુ લોકો એ જાણતાં નથી કે આ દેશમાં જે વાતોને અંધવિશ્વાસ ગણવામાં આવે છે તેને પશ્ચિમના દેશોમાં વિજ્ઞાનની જેમ માનવામાં આવે છે અને તેમાંથી ફાયદો મેળવવામાં આવે છે.

શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક કરેલી ઈશ્વર પ્રાર્થનાથી કોઈપણ વસ્તુ અશક્ય નથી. જીવનને કોઈ ચોક્કસ ઢાળગાં ઢાળનારી સૌથી પ્રબળ અને ઊંચી શક્તિ શ્રદ્ધા છે. શ્રદ્ધા અંતઃકરણની દિવ્યભૂમિમાં ઉત્પન્ન થઈને સમગ્ર જીવનને હરિયાળું બનાવી દે છે. આ આસ્થા જ્યારે સિદ્ધાંત અને વ્યવહાર તરીકે પ્રયોજાય છે ત્યારે તે નિષ્ઠા કહેવાય છે અને જ્યારે તે જ આસ્થા આત્માના સ્વરૂપ, જીવન અને ઈશ્વરભક્તિના ક્ષેત્રમાં પ્રવેશે છે ત્યારે તે શ્રદ્ધા કહેવાય છે.

ઈશ્વરપ્રાપ્તિના પ્રયત્નો કરનાર માટે અને આત્મકલ્યાણ ઇચ્છનાર માટે આ શક્તિનું અવલંબન જરૂરી છે. તેના વગર તે મહાન લક્ષ્યને પામવું અશક્ય છે. પોતાના અંતરાત્માનાં વિરાજમાન પરમાત્માને જોવા અને તેને પ્રાપ્ત કરવા માટેના ઉપાય તરીકે બુદ્ધિજીવીઓએ શ્રદ્ધાની મહત્તા સ્વીકારી છે. રામચરિતમાનસમાં શ્રદ્ધાને ભવાની અને વિશ્વાસને શંકર ગણાવ્યા છે. આ બંનેની મદદથી જ ભગવાનને મેળવી શકાય છે.

શ્રદ્ધાના સિંચનથી પથ્થરમાં પણ દેવતા પ્રગટાવી શકાય છે. હિંદુ સંસ્કૃતિમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં અને તેની પૂજા-આરાધના કરવામાં આ શ્રદ્ધા રાખીને જ સાધક તેની સાથે એકતા સાધી શકે છે. ઈશ્વર, કર્મફળ, જીવનઉદ્દેશ, કર્તવ્યપાલન, આત્માનું ગૌરવ વગેરે સત્ય હકીકતો ઉપર આધાર રાખનાર જ સામાન્ય જીવનમાંથી આગળ નીકળીને પયંગબરની પંક્તિમાં સ્થાન પામી શકે છે.

આધ્યાત્મિક ક્ષેત્રની ઉચ્ચસ્તરીય સાધનાઓમાં શ્રદ્ધાની અસીમ શક્તિઓ જ કામ આવે છે. શ્રદ્ધા વગર કરેલા કર્મકાંડો તો સામાન્ય વ્યાયામની જેમ અંગ સંચાલનના જ કામમાં આવે છે. પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસના આધારે કરેલાં તે જ કર્મકાંડો સાધનાની લક્ષ્ય પ્રાપ્તિમાં સિદ્ધિ આપનારા સાબિત થાય છે. શ્રદ્ધા ફક્ત ઉપાસનાત્મક ક્ષેત્રને જ નહીં પરંતુ જીવન પ્રત્યેના આપણા દૃષ્ટિકોણ તથા ઉદ્દેશને પણ પ્રભાવિત કરે છે.

જે લોકોને માનવજીવનની શ્રેષ્ઠતા અને મહાનતામાં શ્રદ્ધા નથી હોતી તેઓ પશુવત પેટ ભરવામાં અને પ્રજનન કરવામાં જ તેમની શ્રદ્ધાને સીમિત રાખે છે. તેમની આ અશ્રદ્ધા માનવસમાજ પ્રત્યે અવિશ્વાસ જ ઊભો કરે છે.

શ્રદ્ધાની કમીને કારણે અગણિત સમસ્યાઓ અને વિવિધ મૂંઝવણો ઊભી થાય છે અને સમાજવ્યવસ્થાને વિચલિત કરી નાખે છે. આદર્શો અને મર્યાદાઓની ઉપેક્ષા થવાને કારણે વ્યક્તિગત જીવનમાં દુષ્ટતા અને નિરંકુશતા અને સામાજિક જીવનમાં ભ્રષ્ટતા, અનૈતિક્તા અને અવ્યવસ્થા જન્મે છે. આ વિકટ પરિસ્થિતિને કારણે સમાજમાં રહેનાર દરેક વ્યક્તિ પોતાને દુઃખી તથા અસુરક્ષિત અનુભવે છે. વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ સાધનો અને સુખોપભોગના માટે કુબેર જેવા ભંડારો પણ તેને સંતોષ આપી શકતાં નથી કારણ કે શરીરને તેની પોતાની મર્યાદા છે. ફક્ત શરીર સુખોની પૂર્તિ માટે પ્રયત્ન કરનારાનું ભૌતિક જીવન તો રોગમય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બને જ છે, પરંતુ તેમનું આંતરિક જીવન પણ શુષ્ક, નીરસ, ભાવનાવિહીન, ચિંતાગ્રસ્ત, દ્વેષમય અને આવેશમય બની જાય છે. આવા મનુષ્યો ભૂતપિશાચ જેવી મનઃસ્થિતિમાં જીવી રહ્યા હોય છે. આવી પરિસ્થિતિ કેટલી ભયંકરતા ઉત્પન્ન કરી શકે છે તે પશ્ચિમના દેશોમાં આજે જોવા મળે છે.

મનુષ્ય સ્થૂળ થોડો અને સૂક્ષ્મ વધારે છે. તે ભાવનાઓને આધારે જન્મે છે, જીવે છે અને મરે છે. ભાવનાઓ પ્રત્યેનું સન્માન જ શ્રદ્ધા છે. આ ભાવ સંવેદના જ્યાં પણ હશે ત્યાં સંતોષરૂપી ઝરણું સદાય વહેતું રહેશે. ભગવાન કૃષ્ણે કહ્યું છે-

**સત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત ।**
**શ્રદ્ધા મયોઽયં પુરુષા યા યચ્છ્રદ્ધ સ એવ સઃ ॥**
**(ગીતા - ૧૭/૩)**

અર્થાત્ - હે અર્જુન ! આ સૃષ્ટિ શ્રદ્ધા ઉપર સર્જાયેલી છે. જેની જેવી શ્રદ્ધા હોય છે તેવો તે બને છે. અર્થાત્ ખરાબીઓ પ્રત્યેની શ્રદ્ધા વ્યક્તિને સુખ, શાંતિ અને પ્રસન્નતાથી ભરી દે છે. વ્યક્તિત્વના વિકાસની વાસ્તવિક શક્તિ શ્રદ્ધામાં જ રહેલી છે.

એથી જ શાસ્ત્રકારો કહે છે -

**ભવાની શંકરૌ વંદે શ્રદ્ધા વિશ્વાસ રુપિણૌ ।**
**યાભ્યાં બિન ન પશ્યન્તિ સિદ્ધઃ સ્વાન્તસ્થમીશ્વરમ્ ॥**

"આપણે સર્વપ્રથમ ભવાની અને ભગવાનને, પ્રકૃતિ અને પરમાત્માને શ્રદ્ધા અને વિશ્વાસના રૂપમાં વંદન કરીએ છીએ. જેના વગર સિદ્ધિ અને ઈશ્વરદર્શનની ઇચ્છા પૂર્ણ થતી નથી."

* * *

એક વખત બ્રાહ્મણ, યુધિષ્ઠિર તથા શ્રીકૃષ્ણજી ત્રણે બેસીને ચૂપચાપ આંસુ વહાવી રહ્યા હતા. એટલામાં અર્જુન આવ્યો. તેણે ત્રણેને આ રીતે રોવાનું કારણ પૂછ્યું ત્યારે બધાના મનને જીતનારા શ્રીકૃષ્ણજીએ તે મૂક પ્રસંગનું કારણ બતાવતાં કહ્યું, "આજે યુધિષ્ઠિરે આ બ્રાહ્મણને નિમંત્રણ આપ્યું હતું. બ્રાહ્મણ સંકોચને લીધે તે નિમંત્રણનો અનાદાર પણ કરી શક્યો નહીં અને મનોમન દુઃખી પણ હતો કે રાજાનું કુધાન્ય ખાઈને મારે પોતાનું તપ ક્ષીણ કરવું પડશે. યુધિષ્ઠિર પણ બ્રાહ્મણના મનની વાત જાણે છે અને એને લીધે દુઃખી છે કે જો હું સ્વયં સાત્ત્વિક અન્ન કમાઈને બ્રાહ્મણને ખવડાવી શક્યો હોત તો કેટલું સારું થાત ? હું એટલા માટે દુઃખી છું કે આજે તો ખાવાવાળા બ્રાહ્મણમાં એ વિવેક છે કે કોના ત્યાં ખાઉં, કોનું ન ખાઉં તથા યજમાનમાં એ વિવેક હયાત કે પુણ્ય કેવળ સાત્ત્વિક કમાણીના પૈસામાં રહેલું છે. આગળ જતાં બંનેમાંથી આ વિવેક ચાલ્યો જશે અને બ્રાહ્મણોને ખવડાવનારા અનીતિની કમાણીથી પુણ્યની આશા રાખશે. હું તે ખરાબ ભવિષ્યની કામના કરીને દુઃખી થઈ રહ્યો છું.

* * *

જીવનનું નિર્માણ 'ધર્મક્ષેત્ર-કુરુક્ષેત્ર'ના રૂપમાં થયું છે. અહીં બંને સેનાઓ એકબીજાની સામસામે ઊભેલી છે. અહીં દેવાસુર સંગ્રામનું બ્યુગલ વાગી રહ્યું છે. આવી સ્થિતિમાં કોઈ યોદ્ધાને લડવા સિવાય બીજો કોઈ માર્ગ મળી શકતો નથી. આપણી અંદર દૃષ્ટિ નાખીને શાશ્વત સંગ્રામના સ્વરૂપને આપણે સમજવું જોઈએ.

* * *


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યોગક્ષેમ વહામ્યહમ્

**આ - જાનાય દુહ્યણે પાર્થિવાનિ ।**
**દિવ્યાની દીપયોઽન્તરિક્ષા ॥**

**(ઋગ્વેદ - ૬/૨૨/૮)**

કરુણા, વિજય અને કૃપાપ્રાપ્તિ સમર્પણની સાથે જોડાયેલી ક્રિયાઓ છે. ભોળું બાળક સાંસારિક જ્ઞાનથી તદન અજ્ઞાત હોય છે, તેને જંગલમાં એકલું મૂકી દેવામાં આવે તો તેનો જીવ પણ જોખમમાં પડી જાય છે, પરંતુ તે પોતાની માતા પ્રત્યે સંપૂર્ણ પણે સમર્પિત હોવાને કારણે તે વાતની ક્યારેય કલ્પના પણ કરી શકતું નથી. મા પણ ભૂખી તરસી રહીને આળસ કર્યા વિના બાળકના વિશ્વાસની રક્ષા દરેક રીતે કરે છે. ક્યારેક જરૂરિયાત આવી પડે તો દિવસો સુધી ઊંઘ્યા વિના રહે છે, પણ પોતાના બાળકની શ્રદ્ધાને કદી દગો દેતી નથી.

શિષ્ય પણ પોતાની શક્તિઓને તુચ્છ માનીને ગુરુનું શરણ શોધે છે. શિક્ષણ, કળા કે ઉદ્યોગ કોઈ પણ ક્ષેત્રમાં માર્ગદર્શકની જરૂરિયાત હંમેશાં પડે છે, પરંતુ ગુરુજન નિષ્ઠાવાન અને શ્રદ્ધાળુ તથા ગુરુ પ્રત્યે પોતાને સમર્પિત કરનાર શિષ્યો ઉપર જ પોતાની બધી જ વિદ્યા અને શક્તિઓ ઠાલવે છે. સમર્પણ અને સરળતા એ એવા બે મનમોહક ગુણો છે કે તે જેનામાં પ્રગટે તેના અંતઃકરણમાં કરુણા અને વાત્સલ્યની સરવાણી ફુટયા વગર રહેતી નથી.

પંચતત્ત્વોને સમર્પિત પ્રકૃતિનો કણેકણ સૌંદર્યથી ઓતપ્રોત થયેલો જોવા મળશે. તેમાં તેની અસીમ અનુકંપા જ વૃક્ષોમાં હરિયાળી બનીને રંગબેરંગી ફૂલો અને સુગંધના રૂપમાં પ્રસ્ફુટિત થાય છે. કુદરત સૌંદર્યનો અગાધ અને અદેશ્ય ભંડાર છે પણ તે સૌંદર્ય દરેકને માણવા મળતું નથી. જે પોતાના આત્માને શુદ્ધ બનાવીને પંચ મહાભૂતોમાં સમર્પિત કરી દે છે તેવા લોકોને જ આ વિશેષતાઓ અને શક્તિઓ મળે છે. પ્રકૃતિદેવીને અર્પણ કરેલું જીવન શુદ્ધ, સ્વસ્થ, સૌંદર્યશીલ અને સુગંધિત બની જાય છે. સમર્પણનો મહિમા તો જેટલો ગાઈએ તેટલો ઓછો છે.

જાણે અજાણ્યે કરેલ ભૂલ માટે ઘણી વાર અપરાધી પોતાની જાતને કાયદાના કે ન્યાયાધીશના હવાલે કરી દે છે. ન્યાયાધીશ આવા ગુનેગારને કાયદા અનુસાર દંડ તો કરે જ છે. દંડ ન કરે તો કાયદાનો ભંગ થાય છે માટે થોડીઘણી સજા તો ભોગવવી જ પડે છે, પરંતુ સજા કરતી વખતે ન્યાયાધીશનો અંતરાત્મા ગુનેગાર તરફ કુણો ભાવ રાખે છે અને તેની સજા શક્ય તેટલી ઓછી કરે છે. ન્યાયાધીશની દયા ગુનેગારને શક્તિ આપે છે અને તે દયાને કારણે દંડ પણ સહન કરવા યોગ્ય લાગે છે.

છેલ્લામાં છેલ્લી કક્ષાનો અપરાધી પણ આત્મસમર્પણના ફળરૂપે ન્યાયાધીશનો દયાપાત્ર બને છે, તો આ તો સંપૂર્ણ વિશ્વનો નિયામક અને દયાસાગર છે. તે પોતાના ભક્ત પ્રત્યે અનન્ય વાત્સલ્ય ન દર્શાવે તેવું તો કેવી રીતે બને ? પ્રસૂતા ગાયનું વાછરડું પોતાની મા માટે ફક્ત અવાજ કરે છે અને મા ઝમણા વેગથી ભાંભરે છે તથા આતુરતાપૂર્વક દોડતી હાંફતી પોતાના બચ્ચાને પયપાન કરાવવા માટે ભાગતી હોય છે. સામાન્ય સ્તરના પશુમાં પણ જો આવા ભાવ ભરેલાં હોય તો વિશુદ્ધ ભાવથી બનેલા ભગવાનના અંતઃકરણમાં તો કેટલું વાત્સલ્ય છલકતું હશે તેની કલ્પના પણ કરી શકાતી નથી. આપણે જેટલા વેગથી આત્સમર્પણ કરીએ છીએ ભગવાન તેનાથી હજારગણો વધારે પ્રેમ અને કૃપા આપણા પર વરસાવે છે.

વિશ્વાસ કરવા યોગ્ય અને રક્ષણ કરનાર તો આ દુનિયામાં ઘણાં બધાં છે, પરંતુ તેમનામાં પણ કોઈ ને કોઈ સ્વાર્થ રહેલો હોઈ શકે છે. પરંતુ પરમાત્મા કે જે સમસ્ત વિશ્વના પિતા છે તેમનાથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વધારે વિશ્વાસુ અને રક્ષક બીજો કોઈ હોઈ શકે જ નહીં. જે પોતાના અંતઃકરણના દ્વાર ખોલીને પરમાત્માને પોતાની અંદર દાખલ થવા દેવા માગતો હોય તો પરમાત્મા તેને પોતાની બધી જ શક્તિઓ અને પ્રતિભાથી ઓતપ્રોત કરી દે છે. એટલું જ નહીં પોતાના ભક્તના જીવનની સંપૂર્ણ જવાબદારી પણ પૂરી કરવાનો સંકલ્પ કરેલો હોય છે. આ વાતને દોહરાવતાં ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું છે -

**તેષાં સતત્ યુક્તાનાં યોગક્ષેમ વહામ્યહમ્ ।**

અર્થાત્ - હે અર્જુન ! અનન્ય ભાવથી સમર્પિત થયેલ મારા ભક્તના કુશળક્ષેત્રનું વહન હું પોતે જ કરું છું.

સંસાર ખૂબ વિવિધતા સભર અને વિરાટ છે, તેમાં એવી કેટલીક મુશ્કેલીઓ આવી ગઈ છે કે ઘણીવાર તો હિત અને અહિતને ઓળખી શકાતાં નથી. પદાર્થોના આકર્ષણ, ઇન્દ્રિયોની વાસનાઓ, પોતાનો સ્વાર્થ અને બીજાઓ સાથેનો સંઘર્ષ, આ બધાં મળીને સુખસગવડોને દૂર ભગાડે છે. આવી પરિસ્થિતિમાં મનુષ્ય પોતાને ઘણીવાર તો ખૂબ જ અસહાય અને અશાંત અનુભવે છે. કેટલીક વાર તો પરિસ્થિતિ એટલી હદે વણસી જાય છે કે મનુષ્યનું મન ચિંતા, ક્ષોભ અને શોકસભર ભાવોથી ઘેરાઈ જાય છે. આવા પ્રસંગે માનવીય પ્રયત્નો કામ નથી લાગતાં ત્યારે અદૃશ્ય સહાયની સૌ કોઈ આશા રાખે છે. ઈશ્વરની કૃપા વગર હવે જીવનરથ એક ડગલું પણ આગળ ચાલી શકશે નહીં એવું લાગે છે.

ત્યારે તેને પરમાત્મા જ પ્રેરણા આપે છે અને પોતાની શક્તિઓ દ્વારા તેના તૂટેલા જીવનમાં નવચેતનાનો સંચાર કરે છે. હારેલા અને થાકેલા જીવનયાત્રાની ગાડી ફરીથી આગળ ચાલવા લાગે છે અને મનુષ્ય પોતાના અસહાય અને અશાંત જીવનમાં પણ પરમ શાંતિનો અનુભવ કરતાં કરતાં આગળ વધે છે. આ સત્યને ઉપર આપેલા મંત્રમાં પરોવતાં મંત્ર દૃષ્ટા લખે છે - પરમેશ્વર પોતાના ભક્તોનો માર્ગ હંમેશાં પ્રકાશિત રાખે છે અને તેમને દરેક પ્રકારે મદદ કરે છે.

ગુપ્તયુગમાં મગધ દેશમાં જન્મેલા ચાણક્ય મહાન માતૃભક્ત અને વિદ્યાપરાયણ હતા. એક દિવસે તેમની માતા રડી રહી હતી. માતાને કારણ પૂછ્યું તો તેણે કહ્યું કે તારા આગળના દાંત રાજા બનવાના લક્ષણો છે. તું મોટો થતાં રાજા બનીશ અને મને ભૂલી જઈશ. ચાણક્ય હસતાં હસતાં બહાર ગયાં અને બંને દાંત તોડી લાવીને બોલ્યા, “હવે આ લક્ષણો હટી ગયા, હવે હું તમારી સેવામાં જ રહીશ. તું આજ્ઞા કરીશ તો આગળ જતાં રાષ્ટ્રદેવતાની સાધના કરીશ.” ચાણક્ય મોટા થઈને પદયાત્રા કરીને તક્ષશિલા પહોંચ્યા અને ત્યાં ચોવીસ વર્ષ ભણ્યા. તેઓ શિક્ષકોની સેવા કરવામાં એટલો બધો રસ લેતા કે તેમના પ્રિયપાત્ર બની ગયા. બધાએ તેમને રસ લઈને ભણાવ્યા અને અનેક વિષયોમાં નિષ્ણાત બનાવ્યા. અભ્યાસ પછી મગધ પાછા વળીને તેમણે એક પાઠશાળા ચલાવી અને અનેક વિદ્યાર્થીઓને પોતાના સહયોગી બનાવ્યા. તે સમયે મગધનો રાજા નંદ દમન અને અત્યાચારો આચરી રહ્યો હતો અને યૂનાનીઓ પણ દેશ પર વારંવાર આક્રમણ કરતા હતા. ચાણક્યે એક પ્રતિભાવાન યુવક ચંદ્રગુપ્તને આગળ કર્યો અને તેને સાથે લઈને દક્ષિણ તથા પંજાબ પ્રદેશની મુસાફરી કરી સહાયતા માટે સૈન્ય એકઠું કર્યું અને બધા આક્રમણકારોને હંમેશ માટે ભગાડી દીધા. પરત આવતાં નંદ પાસેથી ગાદી પડાવી લીધી. ચાણક્યે ચંદ્રગુપ્તનો ચક્રવર્તી રાજાની માફક અભિષેક કર્યો અને સ્વયં ધર્મપ્રચાર તથા વિદ્યાવિસ્તારમાં જોડાઈ ગયા. તેઓ આજીવન અધર્મ અને અનીતિની સામે લડતા રહ્યા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ધ્યાન શા માટે અને કેવી રીતે ધરવું ?

ધ્યાન ધરવા માટેના ઘણા પ્રકારો અને પ્રયોગો છે. તેમાંથી કોઈને પણ સ્વીકારતાં પહેલાં તેની અસરો અને પરિણામોનો વિચાર કરી લેવો જોઈએ. અંધશ્રદ્ધાથી દોરવાઈને કહેવાતા ભોમિયાના માર્ગદર્શન કે પ્રોત્સાહન પર આંધળો વિશ્વાસ કરવો નહીં, કેમકે ક્યારેક તમારી અયોગ્ય પસંદગી પણ નુકસાનકારક બની શકે છે. જે લાભની કલ્પના કરી હોય છે તે તો મળવાનો દૂર રહ્યો, ઊલટું નુકસાનજનક પરિસ્થિતિમાં ફસાઈ જવાય છે.

ધ્યાનના પહેલા ચરણમાં સાધકે સમર્પણભાવ રાખીને પોતાના આરાધ્ય સાથે સમીપતા કેળવવી પડે છે. દ્વૈતને અદ્વૈતમાં બદલાવું પડે છે. ઈંધણ આગમાં નંખાયા પછી થોડી જ વારમાં તે અગ્નિ સ્વરૂપ ધારણ કરી લે છે. પોતાના ઈષ્ટદેવ સાથે તાદાત્મ્ય સાધવાથી તે દિવ્ય જ્યોર્તિમય સ્વરૂપ પાસેથી દિવ્ય શક્તિઓ સાધક પાસે આવે છે. સમર્પણની પ્રતિક્રિયા અવતરણ છે. રબરનો દડો જે દિશામાંથી જેટલા બળપૂર્વક જે જગ્યાએ ફેંકવામાં આવે છે તેટલી જ તીવ્રગતિથી તે પોતાના લક્ષ્ય સ્થાન પર અથડાઈને તે જ માર્ગે પાછો આવે છે. ધ્યાન સાથે જોડાયેલી શ્રદ્ધા પણ શબ્દવેધી બાણની જેમ શક્તિ બનીને સાધકની પાસે પાછી આવે છે. પાછા ફરતી વખતે તેની વિશેષતા ઈષ્ટદેવ સાથે જોડાયેલી હોવાને કારણે વધારે સફાઈદાર બની જાય છે. સાધક પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે તેનો ઉપયોગ કરે છે. ભાગીરથ, દધીચિ, વિશ્વામિત્ર, વશિષ્ઠ વગેરે ઋષિઓએ પોતાની તપશ્ચર્યાના ફળનો ઉપયોગ પુણ્યકાર્ય માટે કર્યો હતો, પરંતુ આત્મખોજ કર્યા વગર જે સાધકો સાધનામાં લાગી ગયા તેઓ તેમને મળેલી શક્તિઓનો સદુપયોગ કરી શક્યા નહીં. વૃત્તાસુર, ભસ્માસુર, રાવણ, હિરણ્યકશ્યપ, મારીચ વગેરેએ પોતાને મળેલી શક્તિઓનો ઉપયોગ દુષ્ટ કામો માટે કર્યો. પરિણામે તેઓ અપયશના ભાગીદાર બનીને વિનાશને વર્યા. તેથી જ સાધના કરતાં પહેલાં આત્મખોજ કરી લેવી અત્યંત આવશ્યક છે. સાધનાથી સિદ્ધિ તો મળે જ છે પરંતુ તે સિદ્ધિનો ઉપયોગ શેના માટે કરવામાં આવે છે તે મહત્ત્વનું છે. કયા હેતુ માટે સિદ્ધિ મેળવી અને તેનો ઉપયોગ કયા કામ માટે કર્યો ? આ બધું સાધકના પોતાના દૃષ્ટિકોણ પર આધારિત છે. આધ્યાત્મિકતાના માર્ગે જઈને મેળવેલી સિદ્ધિઓની પાછળ જો શ્રેષ્ઠતાનો ઊંચો આદર્શ ન હોય તો તે પણ ભૌતિક સંપત્તિનો દુરુપયોગ કરવાથી મળતાં દુષ્પરિણામોની જેમ જ અનર્થકારી બની રહે છે.

આધ્યાત્મિક સાધનામાં પૌરાણિક પ્રથાનુસાર મોટેભાગે દેવીદેવતાનું ધ્યાન ધરવામાં આવે છે. પોતાના ઉપાસ્ય દેવની પસંદગી કરતાં પહેલા તેની પ્રકૃતિ જાણી લેવી જોઈએ. કેટલાંક દેવીદેવતાઓ તમોગુણી પણ હોય છે. તેમનાં વ્યવહારમાં અને ચારિત્ર્યમાં અનૈતિકતા સમાયેલી હોય છે. તેમાંથી કેટલાંયે માંસમાટી ખાનારા, મદ્યપાન કરનારા, આક્રમણકારી તથા યુદ્ધપ્રિય હોય છે. તેમની ઉપાસના કરવાથી તેમના દુર્ગુણો અલ્પ સમયમાં સાધકની અંદર ઉતરે છે. તંત્રસાધનામાં આવું જ થાય છે. તેમાં તમોગુણી દેવતાઓને સાધીને મળેલી શક્તિઓનો ઉપયોગ, મારણ, મોહન, ઉચ્ચાટન, વશીકરણ, સ્તંભન વગેરે નિમ્નહેતુ અર્થે કરવામાં આવે છે. કરેલાં કર્મો તેનું પ્રતિફળ અવશ્ય આપે છે અને વહેલાં મોડાં પ્રયોગ કરનાર તરફ પાછા ફરે છે. બીજાનું અનિષ્ટ ઇચ્છનાર પોતે પણ કરેલાં કુકર્મોના ખરાબ પરિણામોથી બચી શકતો નથી. તેથી શરૂઆતથી જ પસંદગીમાં સાવધાની રાખવી જોઈએ. સાત્વિક્તાનું અવલંબન જ શ્રેયસ્કર નીવડે છે. હનુમાન, બુદ્ધ, નારદ અને સરસ્વતી, પાર્વતી, ગાયત્રી જેવાં દેવી દેવતાઓની ગણના આદર્શવાદી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિભૂતિઓમાં તથા ઉચ્ચસ્તરમાં થાય છે.

જેને કોઈ દેવીદેવતામાં રુચિ નથી તેવા લોકો પોતાના આદર્શોને વિકસાવવા માટે કમળપુષ્પને પણ પ્રતીક માને છે. આ માન્યતામાં છબીની સાથેસાથે તેનામાં રહેલી વિભૂતીઓનો પણ ખ્યાલ રાખવો જોઈએ. દરેક પ્રકારના ધ્યાન વખતે આ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ. માત્ર છબીને જ આધાર માન્યો હોય અને તેમાં ઇચ્છિત ગુણવત્તાનું આરોપણ ન કરવામાં આવ્યું હોય તો તે છબી કુતૂહલપૂર્તિ માત્ર બની રહે છે અને સાધકને તે છબી કોઈ કૃપાદાન આપી શકતી નથી.

વિવેકાનંદ, દયાનંદ, ગાંધી, વિનોબા જેવા મહાપુરુષોને આદર્શ બનાવીને, તેમને પોતાના ઇષ્ટ માનીને ધ્યાન ધરવામાં આવે તો પણ કાંઈ ખોટું નથી. ગાય જેવા પશુ, હંસ જેવા પક્ષી અને પીપળા જેવા વૃક્ષોને પણ આરાધનાનું કેન્દ્ર રાખવામાં આવે તો તે પણ પોતાનામાં રહેલી વિશેષતાઓ સાધકને આપી શકે છે.

વેદાંત દર્શનમાં તો અંતરંગની શ્રેષ્ઠતાને જ પરબ્રહ્મ માનવામાં આવી છે. સોહમ્, શિવોહમ્, સચ્ચિદાનંદોહમ્, તત્ત્વમસિ, અયમાત્માબ્રહ્મ વગેરે સૂત્રોમાં આત્મા પરમાત્માની એકતાનો સિદ્ધાંત સ્વીકારાયેલો છે, પરંતુ અહીંયા એ ધ્યાન રાખવું જોઈએ કે આત્માનું સ્તર શ્રેષ્ઠ અને ઉચ્ચ હોય તો જ તે પરમાત્માનું નિરૂપણ કરવાલાયક બને છે. જો દોષ, દુર્ગુણ અને ખરાબ વ્યસનો રૂપી કીચડથી છવાયેલા આત્માને પરમાત્મા સ્વરૂપ માનવાની ભૂલ કરી તો તેની સાથે જોડાયેલા દુર્ગુણો પણ પરબ્રહ્મસ્વરૂપ બની જશે અને સાધક ક્યારેય તેને છોડી શકશે નહીં અને વધુને વધુ નિમ્નસ્તરે ઊતરતો જશે. વેદાંતનું વાસ્તવિક નિરૂપણ આત્મામાં રહેલ પરમાત્માની દિવ્ય ચેતના સાથે સંબંધ સાધવામાં રહેલું છે. આત્મા સાથે માયાજાળની જેમ ગુંથાયેલી હલકીવૃત્તિને તો હટાવવી જ જોઈએ અને ખરાબવૃત્તિઓ સંઘર્ષ કર્યા વગર હટતી નથી. તેના માટે તપ, તિતિક્ષા, સમય સાધના અને પરમાર્થ પરાયણતાનો ત્રિવિધ અભ્યાસ અનિવાર્યપણે કરવો પડે છે.

સોહમ્ સાધના પ્રાણાયમના માધ્યમથી ચાલે છે. શ્વાસ લેતી વખતે 'સો' અને છોડતી વખતે 'હમ્'ના અવાજ પર ધ્યાન એકાગ્ર કરવાની સાથેસાથે (તે) પરમાત્મા અને (હમ્)ના આત્મા વચ્ચે જે ગાઢ સંબંધ રહેલો છે અને આદાનપ્રદાનનો જે ક્રમ ચાલી રહ્યો છે તેને વધારે સ્પષ્ટ રૂપે અનુભવવો જોઈએ. આ રીતે પ્રાણયોગ દ્વારા પણ અદ્વૈત એકાત્મતાની સાધના થઈ શકે છે. જપ કરતી વખતે દિવ્ય મૂર્તિના અંતરાત્મા સાથે આપણી આત્માનો સમર્પણ અને વિસર્જન ભાવ અનુભવવાથી આવું પરિણામ મેળવી શકાય છે.

છાયા પુરુષ અથવા દર્પણ સાધનાની પાછળ પણ આ ઉદ્દેશ રહેલો છે. તડકામાં રહેવાથી અથવા તો સૂરજ તરફ પીઠ કરીને ઊભા રહેવાથી શરીરનો પડછાયો સામે આવે છે. તે પડછાયાને પોતાનું શુદ્ધ સ્વરૂપ ગણવું જોઈએ. તેનાથી પણ વધારે સરળ દર્પણ સાધના છે. શક્ય હોય તો સંપૂર્ણ શરીરનું પ્રતિબિંબ જોઈ શકાય તેવું દર્પણ હોવું જોઈએ. તે ન મળી શકે તેમ હોય તો બેસીને ચહેરાનું પ્રતિબિંબ પૂરેપૂરું જોઈ શકીએ તેવું દર્પણ તો હોવું જ જોઈએ. તેમાં દિવ્ય સદ્ગુણોનો સમાવેશ છે તેમ અનુભવવું. સાથેસાથે તેમાં રહેલા મનોવિકારો ઠંડીમાં ખરી જતાં પાંદડાની જેમ ખરી જાય છે તેમ માનવું. આ જ આત્મદર્શન છે. તેનો મહિમા દેવદર્શન સમાન છે.

છબી નિર્ધારણ, એકાગ્ર સમર્પણની માન્યતા અને ઉચ્ચતાનું આરોપણ આ ત્રણેનો સમન્વય થવાથી ધ્યાનની પૂર્ણતા થાય છે. ફક્ત છબી પર કલ્પના કેન્દ્રિત કરવાથી આધ્યાત્મિક પ્રગતિનો ઉદ્દેશ પૂરો થતો નથી. એટલું કરવાથી તો માત્ર થોડી ઘણી એકાગ્રતા જ પ્રાપ્ત થાય છે. જો કે એકાગ્રતા પણ ભૌતિક અને આત્મિક પ્રગતિના કામમાં સહાયરૂપ થનાર જરૂરી સાધન છે, પણ તેનાથી આત્માની ઉન્નતિનો મહાન હેતુ પૂરો થઈ શકતો નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરબ્રહ્મને સદ્પ્રવૃત્તિઓનો સમુચ્ચય માનીને તે વિભૂતિઓનો ભક્તિભાવનાના માધ્યમથી જીવનચર્યામાં સમાવેશ કરવો એ જ ધ્યાનનું વાસ્તવિક રૂપ છે. આ જ દૈવીકૃપા અને આત્માની પ્રગતિનું સ્પષ્ટ ચિહ્ન છે. આ સ્થિતિએ પહોંચવા માટે અનેક પ્રકારની પ્રક્રિયા ધ્યાન વેળા કરવામાં આવે છે. માટે આ હકીકતને ક્યારેય પણ ભૂલવી જોઈએ નહીં.

જેને નિરાકારનું ધ્યાન અપેક્ષિત હોય તે નાદયોગની સાધના કરી શકે છે. કાનને બંધ કરીને દિવ્ય અવાજો સાંભળી શકાય છે. ઊંડાણમાં ઉતરવાથી તથા અંતરતમમાં ઉઠનારા દિવ્ય અવાજ સાથે સંબંધ જોડાવાથી કેટલાયે પ્રકારના ચિત્ર વિચિત્ર શબ્દો સાંભળવા મળે છે. તે શબ્દો શંખ, ઘંટ, ઘડિયાળ, મૃદંગ, ડફલી, બંસી ગુંજનના શબ્દો સાથે મળતાં આવે છે. શરૂઆતમાં અવાજ ખૂબ ધીમો અને અટકી અટકીને સંભળાય છે, પરંતુ અભ્યાસ કરતાં રહેવાથી તે સ્પષ્ટ અને એકસરખાં સંભળાય છે. આ શબ્દોનું સાંભળવું એ સોઙ્હમ્‌ની અનુભૂતિ થવા બરાબર છે. આંખ બંધ કરવાથી છબીનો આભાસ થવો તેમાં પણ તથ્ય રહેલું છે. આમ આ પ્રકારની કોઈ પણ સાધનામાં શ્રેષ્ઠતાના ભાવો જોડાયેલા રહેવા જરૂરી છે, કારણ કે આત્માની સજાવટનો આધાર આ સમન્વય પર રહેલો છે. આત્મ સજાવટની પ્રવૃત્તિ પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે રૂપે થાય છે, ખરાબ વૃત્તિઓનું નિરાકરણ અને આદર્શવાદી દિવ્ય સદ્પ્રવૃત્તિઓનું સંવર્ધન. પરમ કલ્યાણ કરવાનો, ઈશ્વર સાક્ષાત્કાર કરવાનો અને સ્વર્ગ મુક્તિનો આ જ આધાર છે. આ નિશ્ચિત સ્થાને પહોંચવા માટે અનેક પ્રકારની ધ્યાન ક્રિયાઓમાંથી કોઈ એકની પસંદગી કરી શકાય છે.

---

રાજા અગ્નિમિત્ર અને શેઠ સોમપાલ મિત્રો હતા. તેમની વચ્ચે વાદવિવાદ થયો. સોમપાલે કહ્યું, "રાજ્યનું રક્ષણ કરવું ઉપયોગી તો છે, પરંતુ અનિવાર્ય નથી. ઈશ્વરે બક્ષેલી વિભૂતિઓ અને સગવડોથી મનુષ્ય ઘણો જ આનંદથી રહી શકે છે. રાજાએ ઉગ્ર થઈને પડકાર ફેંક્યો. "સારું, એક વર્ષ જંગલની હદમાં રહેજો, નગરમાં પ્રવેશ કરશો નહીં. નગરમાં દાખલ થશો તો જેલમાં પૂરી દઈશ. જો હાર સ્વીકારી લેશો તો પ્રતિબંધ દૂર કરી દઈશ અને જો એક વર્ષમાં કંઈ નોંધપાત્ર કરી બતાવશો તો હું હાર માનીશ."

સોમપાલે મર્યાદિત સાધનો લઈને જંગલમાં પ્રવેશ કર્યો. ત્યાં એક નિરાશ કઠિયારો મળ્યો. તે ઘણો જ પરિશ્રમ કરતો હોવા છતાં પણ તેના કુટુંબનું ભરણપોષણ ઠીક રીતે ન થવાથી દુઃખી હતો. સોમપાલે તેને પ્રોત્સાહિત કર્યો અને કહ્યું, "મિત્ર ! તું મને શ્રમથી મદદ કરજે, હું તને વિચારથી મદદ કરીશ. બંને હળીમળીને ઘણું કામ કરવા લાગ્યા. કઠિયારો પ્રસન્ન થઈ ગયો.

સોમપાલે તેની પાસેથી કુહાડી લઈ લીધી. તે સ્વયં લાકડાં કાપવા લાગ્યા અને તેને નગરના સમાચાર લેવા મોકલી દીધો. તેઓ સૂચના મુજબ તેને બળતણના અને ઈમારતી લાકડાં મોકલવા લાગ્યા. ધીમેધીમે કામ વધી ગયું. વધુ મજુરોને બોલાવીને વધુ કામ કરવા લાગ્યાં. નગરવાસીઓ તે વ્યવસ્થાનો લાભ લેવા લાગ્યા.

તેવામાં એક વિશાળ યજ્ઞ થવાનો છે તેની ખબર મળી. સોમપાલે યજ્ઞીય સમિધાઓ તથા સુગંધિત વનૌષધિઓનો સંગ્રહ કરી લીધો. યજ્ઞના આયોજકોને ખબર પડતાં તેને સારી કિંમત ચૂકવીને તૈયાર વસ્તુઓ ખરીદી લીધી. આ રીતે સોમપાલના વ્યવસ્થાતંત્રને લીધે નગરની ઘણી આવશ્યકતાઓ પૂરી પડવા લાગી.

આ વાતની રાજાને ખબર મળતાં તે તંત્રની પાછળ કોનો હાથ છે તેની શોધ કરવામાં આવી. રાજા સ્વયં પોતાના મિત્રને મળવા ગયા. પ્રેમપૂર્વક મળ્યા અને પૂછ્યું, "તમે તો શહેરમાં પ્રવેશ્યા નથી, તો આ બધું કેવી રીતે સંભવ બન્યું ?" સોમપાલ બોલ્યા, "મિત્ર ! આ મારી વિચારશક્તિ અને કઠિયારાની શરીર શક્તિનો સંયોગ છે. આ બેના સંયોગથી વન સંપત્તિ નગરવાસીઓના કામમાં આવી અને એક વર્ષનો સમય આપણા બધાના માટે ઘણો મૂલ્યવાન બની ગયો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સર્વશ્રેષ્ઠ સાધના

વાસ્તવિક સુખશાંતિ મેળવવા માટે વિચારોની સાધના કરવી જોઈએ. સામાન્ય લોકો કરતાં દાર્શનિક, વિચારક, વિદ્વાન, સંત અને કલાકાર ગરીબ હોય છે, છતાં તેઓ લોકો કરતાં વધારે સુખી, શાંત અને સંતોષી જણાય છે. એનું એકમાત્ર કારણ એ છે કે તે વખતે સામાન્ય લોકો સુખશાંતિના અધિકારી હતાં. ભારતીય ઋષિમુનિઓ પોતાના સમાજને મનાઈ કરેલા માર્ગે ચાલવાને બદલે સુખશાંતિ માટે ધર્મનો આધાર લેવાનું જણાવતાં હતાં. લોકોની આ જરૂરિયાતની પૂર્તિ માટે તેમણે જે વેદો, પુરાણો, શાસ્ત્રો અને ઉપનિષદોની રચના કરી છે તેમાં મંત્રો, તર્કો, સૂત્રો અને સૂક્તિઓ દ્વારા વિચાર સાધનાનો માર્ગ જ શ્રેયસ્કર ગણાવ્યો છે.

સતત મંત્ર જપ કરવાથી સાધકના ખરાબ સંસ્કારો નાશ પામે છે અને નવા કલ્યાણકારી સંસ્કારો ઉત્પન્ન થાય છે. સંસ્કારોના આધારે અંતઃકરણનું નિર્માણ થાય છે. અંતઃકરણ ઉચ્ચ સ્થિતિએ પહોંચતાં સુખશાંતિના બધા ભંડારો ખુલી જાય છે. વાસ્તવમાં મંત્ર એ અંતઃકરણને ઉચ્ચ સ્થિતિમાં લાવનાર ગુપ્ત મનોવૈજ્ઞાનિક પ્રયોગ છે. અગાઉના ફકરામાં કહેવામાં આવ્યું છે તેમ સુખશાંતિનો વાસ કોઈ વસ્તુમાં હોતો નથી કે નથી તેમની પોતાની કોઈ સ્થિતિમાં. વાસ્તવમાં તે મનુષ્યના પોતાના વિચારોની દેન છે. સુખ, દુઃખ, પ્રગતિ, અધોગતિનો આધાર મનુષ્યની શુભ અશુભ મનઃસ્થિતિ પર રહે છે. વિચારસાધના અનુરૂપ જ તેની રચના થાય છે.

મનમાં શુભ અને દૃઢ વિચાર ધારણ કરવાથી અને તેનું ચિંતન અને મનન કરવાથી મનઃપ્રદેશમાં સાત્ત્વિક ભાવોમાં વધારો થાય છે. મનુષ્યનું વર્તન ઉદાર અને ઊંચું બને છે. માનસિક શક્તિનો વિકાસ થાય છે અને ગુણોની પ્રાપ્તિ થાય છે. જેનું મન દૃઢ છે, બળવાન છે, ગુણોનો ભંડાર જેમાં ભરેલો છે તેને સુખશાંતિના અધિકારથી કોણ વંચિત કરી શકે. ભારતીય મંત્રોમાં ઇચ્છિત દાન આપવાનું સામર્થ્ય બતાવ્યું છે તેનું રહસ્ય એ છે કે વારંવાર જપ કરવાથી તેમાં રહેલ દિવ્ય વિચારોનો સાર મનુષ્યના અંતઃકરણમાં ભરાય છે, જે બીજની જેમ વૃદ્ધિ પામીને મનોવાંચ્છિત ફળ આપે છે.

પ્રાચીન ભારતમાં લોકોનું આયુષ્ય એકંદરે સો વર્ષનું હતું. જે વ્યક્તિ સંજોગોવશાત્ સો વર્ષથી ઓછું જીવે તેને અલ્પ આયુષ્યવાળો માનવામાં આવતો હતો. આ દીર્ઘ ઉમરનું રહસ્ય એક બાજુ જ્યાં તેમની સાત્ત્વિક અને સૌમ્ય રહેણીકરણી, આચારવિચાર અને આહારવિહાર હતા, ત્યાં બીજી તરફ સૌથી મોટું રહસ્ય તે સંબંધી તેમની વિચાર સાધનાનું હતું. તેઓ વેદોમાં આપેલા - **"પ્રબ્રવામ શરદઃ શતમ્, અદીનઃ સ્યામ શરદ શતમ્."** જેવા અનેક મંત્રોના જાપ કર્યા કરતાં હતાં. આ મંત્ર જપ આયુષ્ય સંબંધી વિચાર સાધના સિવાય બીજું શું હતું ?

ગાયત્રીમંત્રની સાધનાનું રહસ્ય પણ આવું જ છે. આ મંત્રનો જપ કરનારા મોટેભાગે તેજસ્વી, ધનવાન અને જ્ઞાનવાન દેખાય છે, કારણ કે આ મંત્રના માધ્યમથી સવિતાનારાયણની ઉપાસનાની સાથેસાથે સુખ, સમૃદ્ધિ અને જ્ઞાનપરક વિચારોની સાધના કરવામાં આવે છે. મનુષ્ય જીવનમાં જે કંઈ મેળવે છે કે ગુમાવે છે તેનાં કારણો ભલે બીજાં મનાતાં હોય પણ વાસ્તવમાં તેનું મૂળ કારણ મનુષ્યના પોતાના વિચારો હોય છે. જેને કારણે તે જાણે અજાણ્યે પ્રત્યક્ષ કે પરોક્ષ મનમાં ચિંતન અને મનન કરતો હોય છે.

વિચારસાધના માનવજીવનની સર્વશ્રેષ્ઠ સાધના છે. તેના જેવી સરળ અને તત્કાલ ફળ આપનાર સાધના બીજી એકેય નથી. મનુષ્ય જે કંઈ મેળવવા ઇચ્છે છે તેને અનુરૂપ વિચાર ધારણ કરીને તેની સાધના કરતાં રહેવાથી તે પોતાની માન્યતામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અવશ્ય સફળતા મેળવી શકે છે. જો કોઈ સ્વાવલંબી બની આત્મનિર્ભર બનવા માગતો હોય તો તેણે તે પ્રકારે ચિંતન અને મનન કરી સાધના કરવી જોઈએ. પરમાત્માએ મને અનંત શક્તિ આપી છે, મારે કોઈ બીજા પર આધાર રાખવાની જરૂર નથી. પરાવલંબી રહેવું માનવીય વ્યક્તિત્વને અનુરૂપ નથી. તે તો મનુષ્યની દુર્બળવૃત્તિ છે. હું આ નિર્બળવૃત્તિનો ત્યાગ કરીને પોતાની મહેનત અને ઉદ્યમ દ્વારા મારા મનોરથ સફળ કરીશ. પરાવલંબી મનુષ્ય પરાધીન રહે છે જે ક્યારેય સુખશાંતિ મેળવી શકતો નથી. હું સાધના દ્વારા મારી આંતરિક શક્તિઓને જગાડીશ, શારીરિક શક્તિનો ઉપયોગ કરી સ્વાવલંબી બની સુખશાંતિની પરિસ્થિતિ મારી જાતે જ નિર્મિત કરીશ.

આ પ્રકારની અનુકૂળ વિચારોની સાધનાથી મનુષ્યની પરાવલંબનની નિર્બળતા દૂર થશે અને તેને સ્થાને સ્વાવલંબનની સુખદાયી ભાવના દૃઢ થવા માંડશે.

સુખશાંતિનું પોતાનું કોઈ નિજી અસ્તિત્વ હોતું નથી. જો મનુષ્ય પોતાના અંતઃકરણમાં રહેલી ઉલ્લાસ, ઉત્સાહ, પ્રસન્નતા અને આનંદની હઠીલી ઉપેક્ષાને દૂર કરે તો તેને સુખશાંતિ અવશ્ય પ્રાપ્ત થાય છે. હું આનંદરૂપ પરમાત્માનો અંશ છું, મારું સાચું સ્વરૂપ આનંદમય છે. મારા આત્મામાં આનંદના કોષ ભરેલા પડયા છે. મારે સંસારની કોઈ વસ્તુનો આનંદ જોઈતો નથી. જે આત્મા આનંદમય, આનંદરૂપ અને આનંદનો ઉદ્‌ગમસ્થાન છે તેને દુઃખ, શોક અથવા તાપ સંતાપથી શું સંબંધ ? પરંતુ આ બધું ત્યારે જ શક્ય બને છે જ્યારે આ મુજબના વિચારોની સાધનામાં રત રહેવાય અને તેની સર્જનાત્મક શક્તિનો યોગ્ય દિશામાં ઉપયોગ કરાય ત્યારે જ આ બધું શક્ય બને છે.

* * *

બે સાધુ એક સાથે જઈ રહ્યા હતા. રસ્તામાં નદી આવી. નાવ ન હતી. એક યુવાન મહિલા પણ નદી પાર કરવા માટે સાધનની રાહ જોઈ રહી હતી. મહિલાએ સાધુઓને કહ્યું, "ભાઈ ! મને નદી પાર ઉતારી દો." એક સાધુએ તેને ખભા પર બેસાડીને પાર કરાવી દીધી. આગળ જઈને બીજા સાધુએ કહ્યું, "તમે સારું ન કર્યું. યુવતીને ખભા પર બેસાડવી જોઈએ નહીં." પહેલો સાધુ મૌન બની ગયો. આગળ જતાં પહેલા સાધુએ તે જ વાત કહી. તે મૌન રહ્યો. આગળ જઈને ફરીથી સાધુને કહ્યું, "તમે સારું ન કર્યું." પાર કરાવનાર સાધુએ કહ્યું, "મેં તો તેને ખભા પર બેસાડીને પાર ઉતારી દીધી, પરંતુ તમે તો તેને મગજમાં લઈને ફરો છો. તેને કાઢી શક્યા નથી." એ સાચું છે કે વાસના મનમાં વસેલી હોય છે અને તેમાં વિચારો ભરેલા હોય છે, તેથી ભલે કોઈ કાર્ય પ્રત્યક્ષ કરવામાં આવે તો પણ તે બ્રહ્મચર્ય તૂટવા સમાન છે. જોકે એનાથી વિપરિત કોઈ કામ તે ભાવનાથી ન કરવામાં આવ્યું હોય અને તેવા વિચારો પણ મનમાં ન આવ્યા હોય, તો તેમાં મર્યાદા ઉલ્લંઘન માનવામાં આવતું નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ધન્ય છે ભારત દેશ

ધવલ નીલરંગી આકાશમાં ચમકતા તારાઓની મનમોહક ચાદર બહુ જ સુંદર અને આકર્ષક લાગતી હતી. સમુદ્રનો સ્પર્શ પામેલો મંદમંદ પવન વહેતો હતો જેના કારણે વાતાવરણ ખુશનુમા હતું. અજવાળી રાતની નિરવ શાંતિમાં સમુદ્રની મંદમંદ વહેતી લહેરો એક અજીબ સંગીતમય વાતાવરણ ખડું કરી રહી હતી. ભારતમાંથી પરાજય પામીને દરિયાઈ માર્ગે પોતાના વતન પાછો ફરી રહેલો સિકંદરના સૈનિકોનો જહાજી કાફલો વિશાળકાય સર્પાકૃતિની જેમ ધીમે ધીમે કીડીવેગે જઈ રહ્યો હતો. યુદ્ધના ભયાનક વાતાવરણમાંથી છૂટકારો મેળવીને પોતાના વતન મકદુનિયા પાછા ફરવાની ખુશીમાં સૈનિકો શરાબ પીને ઉત્સવ મનાવી રહ્યા હતાં. કેટલાંક સૈનિકો યુદ્ધમાં મેળવેલ ખાટાંમીઠાં અનુભવો સાથી સૈનિકોને સંભળાવી રહ્યા હતાં, તો કેટલાંક ખૂબ થાકેલાં હોવાને કારણે ચૂપચાપ સમુદ્રી કાફલાને જોતાંજોતાં મંજીલની રાહ જોઈ રહ્યા હતાં.

દુનિયામાં પોતાની વિજય પતાકા લહેરાવનાર સિકંદર અંતમાં ભારત પાસેથી હાર પામીને પાછો ફરી રહ્યો હતો એટલું જ નહીં ભારતમાં આવીને વિશ્વવિજયી સિકંદરનો ગર્વ ચકનાચૂર થઈ ગયો હતો. ભારતીય સૈનિકોએ એવી તો સજ્જડ હાર આપી કે તેને પોતાના દેશ પાછા ફરવું પડયું હતું. સિકંદરનું જહાજ કાફલાની વચ્ચોવચ ચાલતું હતું. અત્યારે સિકંદર પોતાના વિશાળ શયનખંડમાં તેના ગુરુ અરસ્તુના કહેવાથી મહામુશ્કેલીએ પોતાના દેશ આવવા માટે તૈયાર કરેલા અગિયાર વિશ્વપ્રસિદ્ધ દાર્શનિકો સાથે ચર્ચામાં મશગૂલ હતો. આ બધાં જ દાર્શનિકો પોતે ઉત્પન્ન કરેલ પોતપોતાના મત માટે જગપ્રસિદ્ધ હતાં. આ અગિયાર દાર્શનિકો સિવાય સિકંદરના ખાસ લશ્કરના સલાહકારો અને સેનાપતિ પણ તેના શયનખંડમાં બેઠા હતાં. કોઈ ગંભીર વિષય પર ચર્ચા ચાલી રહી હતી, તેથી સલાહકારો અને સેનાપતિ મૂકદર્શક બનીને પોતપોતાની જગ્યાએ બેઠાં હતાં. ચર્ચાના વિષયને વચ્ચે અટકાવતાં એક વૃદ્ધ દાર્શનિકે સિકંદરની સન્મુખ જઈને પ્રશ્ન કર્યો - "સિકંદર, અમે જાણી શકીએ કે અમારી આ યાત્રાનો હેતુ શો છે ? અને કયા હેતુ માટે અમને અત્યારે અહીંયા બોલાવવામાં આવ્યા છે ?" સિકંદર કદાચ આ જ પ્રશ્નની રાહ જોઈ રહ્યો હતો. તેથી દાર્શનિકનો પ્રશ્ન સાંભળીને સમજદાર વ્યક્તિની જેમ ધીમેથી હસ્યો અને માથું હલાવતાં બોલ્યો, "આપે પૂછેલ બંને પ્રશ્નો યોગ્ય છે અને તેના કારણ જાણવાનો તમારો અધિકાર છે. આજે જગતમાં ભારતની પ્રસિદ્ધિ ફક્ત તેની સમૃદ્ધિને કારણે જ નહીં, પરંતુ ઉચ્ચજ્ઞાન, વિજ્ઞાન અને વિદ્વાનોને કારણે છે. આપની આ મકદૂનિયા સુધીની મુસાફરીનો હેતુ ફક્ત એટલો જ છે કે અમારા ગુરુ અરસ્તુ આપ લોકોને મળવા માગે છે. હવે વાત બાકી રહી આવવા ન આવવા માટેની, તો તમારી ઇચ્છા હોય અને આ વાત જો તમને યોગ્ય લાગતી હોય તો તમે અમારી સાથે આવી શકો છો. તમારા આવવા ન આવવાની ઇચ્છા પર અમે કોઈ જોરજુલમ કરવા માગતા નથી, કેમકે હું જાણું છું કે કોઈ દાર્શનિક કે વિદ્વાન પાસે જોરજબરદસ્તી કરીને વિદ્યા મેળવી શકાતી નથી. બાકી રહી વાત અત્યારે અહીંયાં બોલાવવાની, તો તેના સંદર્ભમાં એટલું જ કહેવાનું કે જો તમે રજા આપો તો કંઈક સવાલ જવાબ કરીએ." દાર્શનિકોએ નિર્વિકારભાવે પ્રશ્નોત્તરની રજા આપી અને કહ્યું, "તમે એ જણાવશો કે પ્રશ્નોત્તર માટે યોગ્ય અયોગ્યની શરત શું હશે ?" "હા, તેની શરત એટલી હશે કે જે પ્રશ્નનો ઉત્તર સારી રીતે નહીં આપી શકે તેણે જાતે સજા-એ-મોતની સજા કબૂલ કરવી પડશે." દાર્શનિકોએ તે શરત માન્ય રાખી.

સિકંદરે પોતાની જમણી બાજુ બેઠેલા દાર્શનિકને પ્રશ્ન કર્યો, "શું એ વાત સાચી છે કે દાર્શનિક કોઈ સમ્રાટથી કમ નથી હોતો ?" દાર્શનિકે જવાબ આપ્યો, "હા, આ વાત સાચી છે. દાર્શનિક સમ્રાટથી પણ મહાન હોય છે. સમ્રાટનું સામ્રાજ્ય છિનવાઈ જાય છે, તેનો નાશ પણ થઈ શકે છે. તેની અમુક ચોક્કસ સીમાઓ હોય છે, પરંતુ દાર્શનિકનાં રાજ્યની કોઈ સીમાઓ હોતી નથી, સમગ્ર વિશ્વમાં પૃથ્વી પર તેનું સામ્રાજ્ય ફેલાયેલું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોય છે. તેના સામ્રાજ્યને એક ઈશ્વર સિવાય નથી તો કોઈ નુકસાન પહોંચાડી શકતું નથી તેને છિનવી શકતું કે નથી તેનો કોઈ નાશ કરી શકતું." સિકંદરે બીજા વિદ્વાન દાર્શનિકને પ્રશ્ન કર્યો, "મહેરબાની કરીને આપ બતાવશો કે રાત મોટી કે દિવસ મોટો ? તો જવાબ મળ્યો કે, "રાતની સરખામણીમાં દિવસ ઓછામાં ઓછો એક દિવસ મોટો છે. ત્રીજા દાર્શનિકને પૂછ્યું કે, "તમારા મત મુજબ આ દુનિયામાં જીવતાં લોકોની સંખ્યા વધારે છે કે મરેલાં લોકોની ?" જવાબ મળ્યો, "જીવતાં લોકોની, કારણ કે જે મરી ગયાં તે તો હવે આ દુનિયામાં રહ્યાં જ નથી." સિકંદરે તરત જ ચોથા દાર્શનિકને પ્રશ્ન પૂછ્યો, "એક બાદશાહે લોકપ્રિય બનવા માટે શું કરવું જોઈએ ?" દાર્શનિકે જવા આપ્યો, "જનતામાં ભયનો આતંક પેદા કર્યા વિના બાદશાહે ખૂબ તાકાતવાન બનવું જોઈએ." સિકંદરે પાંચમાં દાર્શનિકને પ્રશ્ન કર્યો, "સૌથી વધારે પ્રાણીઓ જમીન પર કે સમુદ્રમાં પેદા થાય છે ?" દાર્શનિકે જવાબ આપ્યો, "અલબત્ત જમીન પર જ, કેમકે સમુદ્ર પણ જમીનનો જ એક ભાગ છે."

સિકંદરે કંઈક વિચારીને પછી પ્રશ્ન કર્યો, "પંજાબની જનતાને મારા વિરુદ્ધ લડવા માટે પુરુએ કઈ દલીલનો સહારો લીધો હશે ?" જવાબ મળ્યો, એણે એ જ દલીલનો સહારો લીધો કે ગુલામ બનીને જીવતાં રહો અથવા તો એક બહાદૂર યોદ્ધાની જેમ ઇજ્જતભેર મોતને ગળે લગાઓ." સિકંદર આવો જવાબ સાંભળી દંગ થઈ ગયો, તેણે તુરત જ સાતમા દાર્શનિકને પૂછ્યું, "સૌથી ચાલાક જાનવર કયું છે ?" દાર્શનિકે જણાવ્યું, "અત્યાર સુધી ઇન્સાન જેનો પત્તો મેળવી નથી શક્યો તે જ જાનવર ચાલાક છે." સિકંદરે આગલો સવાલ પૂછ્યો, "મનુષ્યે ક્યાં સુધી જીવવું યોગ્ય છે ?" દાર્શનિકે જવાબ આપ્યો, "જ્યાં સુધી જિંદગીના મુકાબલે મોત સારું ન લાગે ત્યાં સુધી મનુષ્યે જીવવું જોઈએ." સિકંદરે નવમા દાર્શનિકને પ્રશ્ન પૂછ્યો, "ઇન્સાન ફરિશ્તો કેવી રીતે બની શકે ?" તેણે જણાવ્યું કે, "બાકીના બીજાં બધાં લોકો જે કામ ન કરી શકે તે કામ કરીને ઇન્સાન ફરિશ્તો બની શકે છે."

સિકંદરે દાર્શનિકને વળતો પ્રશ્ન કર્યો, "વિશ્વવિજય માટેની મારી આ જીદ મને ફરિશ્તો સાબિત નથી કરતી ?" દાર્શનિકે ગુસ્સાથી કહ્યું, "ના સિકંદર, તું લુંટારો અને અત્યાચારી છે." સિકંદરે દસમા વિદ્વાનને સવાલ કર્યો, "જિંદગી અને મોત એ બેમાં વધારે શક્તિશાળી કોણ છે ?" દાર્શનિકે કહ્યું, "મોતની સરખામણીમાં જિંદગી વધારે તાકાતવાન છે, કેમકે જિંદગીમાં સિતમ અને અત્યાચારો સામે લડવાની તાકાત હોય છે." પછી તેણે અંતિમ દાર્શનિક સમક્ષ પ્રશ્ન કર્યો, "તમે આ વિદ્વાનોના જવાબો પર તમારો પોતાનો અભિપ્રાય જણાવશો ?" વિદ્વાને જવાબ આપ્યો, "હા, બહુ જ વિચાર કર્યા પછી હું એ નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે આમાંથી દરેક વિદ્વાને બીજાની તુલનામાં વધારે સારો જવાબ આપ્યો છે."

જવાબ સાંભળીને સિકંદર બોલ્યો, "જો નિર્ણાયક વિદ્વાનનો આ ફેંસલો હોય તો સૌથી પહેલાં તેમણે પોતે સજા-એ-મૌત કબૂલ કરી લેવી જોઈએ." નિર્ણાયક દાર્શનિકના ચહેરા પર હાસ્યના ભાવો ઊભર્યા, તેણે કહ્યું, "બેશક ! પણ આપે તો કહ્યું હતું જે સારો જવાબ નહીં આપે તેણે સજા-એ-મૌત કબૂલ કરવી પડશે. મેં કહેલા જવાબમાં ઠીક, યોગ્ય અને સારો શબ્દ અલગ અલગ છે." - સિકંદર નિર્ણાયક વિદ્વાનની દલીલ સાંભળીને ખુશ થઈ ગયો અને બોલ્યો, "વાહ ખૂબ ! આ તો બિલકુલ અરસ્તુ જેવી દલીલ છે. ધન્ય છે ભારત દેશ ! જ્યાંનો હર એક મનુષ્ય દાર્શનિક અને વિદ્વાન છે. ધન્ય છે એ માતાઓ જે આવા તેજસ્વી મહાપુરુષોને જન્મ આપે છે. (સિકંદર થોડીક ક્ષણો અટકીને ફરીથી બોલ્યો) આજે વિશ્વવિજયી સિકંદર હારી ગયો. બની શકે તો મને માફ કરી દેજો.

તમારા જેવા મહાન વિદ્વાનોને તમારા દેશમાંથી મારા દેશમાં લઈ જવા માટેની ધૃષ્ટતા કરીને મેં બહુ જ મોટી ભૂલ કરી છે." સિકંદરે સેનાપતિને આદેશ આપી તે બધાં જ વિદ્વાનોને માનભેર ભારત પાછા મોકલી દીધાં.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્વર્ગ તમારા ઘરમાં છે

લોકો એવું માને છે કે સ્વર્ગ આ ધરતીથી ઉપર ક્યાંય આસમાનમાં રહેલું છે. તેના માટે જાતજાતની કલ્પનાઓ કરાય છે. એવું કહેવાય છે કે ત્યાં દરેક પ્રકારના સુખ મળે છે. તેથી સ્વર્ગની પ્રાપ્તિ માટે લોકો જાતજાતનાં કર્મકાંડો કરે છે.

ઉપર કોઈ સ્વર્ગ છે કે નહીં તે વિવાદમાં પડયા વિના સ્વર્ગ જેવી સુખદ પરિસ્થિતિઓ આ ધરતી પર ઉતારવી શક્ય છે કે નહીં તે જાણવું વધારે સારું છે.

આ ધરતી પર સાધનોનો કોઈ તોટો નથી. રૂપિયાપૈસા, ધનદોલત, વસ્ત્રઆભૂષણ, ફળફૂલ, મેવામીઠાઈ વગેરેથી આ ધરતીમાતા હરીભરી છે. જો અહીં કોઈ વસ્તુની કમી હોય તો તે ભાવનાત્મક્તાની છે. સુખના સાધનોની સાથેસાથે સ્નેહ, પ્રેમ અને આત્મીયપૂર્ણ ભાવનાઓનું મિશ્રણ થાય તો સ્વર્ગ આપોઆપ મળી જાય છે.

તમે ભલે ન જોઈ શકતા હો, પરંતુ આ સ્વર્ગ તમારા ઘરમાં જ છે. દાંપત્યજીવનનું સ્વર્ગ ઉપરના સ્વર્ગ કરતાં ઓછું સરસ અને સુખદ નથી. જેણે આ સ્વર્ગનો રસાસ્વાદ કર્યો છે તે બીજે શા માટે સ્વર્ગ શોધવા જાય ?

પતિપત્નીનું મિલન એક આધ્યાત્મિક મિલન હોય છે. બે આત્માઓનું આ મિલન એટલું આનંદદાયક હોય છે કે તેને સુમધુર બનાવવા માટે જીવનમાં આવતી મુસીબતો અને મુશ્કેલીઓનો સામનો તેઓ હસતાં હસતાં કરે છે. ઘરગૃહસ્થી જમાવવા માટે કેટલી મહેનત કરવી પડે છે તે દરેક સદ્‌ગૃહસ્થ સારી રીતે સમજી શકે છે. એ રીતે ઘરની અંદરની દેખભાળ, બાળકોનું લાલનપાલન, ભોજનવ્યવસ્થા અને પતિદેવોની સેવામાં ગૃહિણીઓને પણ કેટલી દોડધામ કરવી પડે છે ? તે ક્યાં છૂપું છે ? એકબીજા પ્રત્યે રહેલી ત્યાગભાવનામાં આધ્યાત્મિક તથ્ય રહેલું છે. યુગયુગાંતરોના સંસ્કારોના પરિણામરૂપે આ સુખદ સંયોગ પ્રાપ્ત થાય છે. એક પ્રાણ બે તનવાળી આ એકતા આત્મત્યાગની ભાવનાથી જેટલી ઓતપ્રોત હશે તેટલા પ્રમાણમાં તમારા આંગણામાં સ્વર્ગનું સુખ વેરાયેલું રહેશે. તે વાતાવરણમાં રહેનાર દરેક વ્યક્તિ સાચા સુખનો આસ્વાદ માણતો હશે.

જ્યાં જ્યાં આ આત્મીયતાની કમી હશે ત્યાં ત્યાં દુઃખ અને દરિદ્રતા જોવા મળશે. ભાવનાત્મક સજાવટના આધારે જેવી રીતે સ્વર્ગની પ્રાપ્તિ થાય છે તેવી રીતે કલહ કંકાસના આધારે નર્કમય જીવન મળે છે. મનુસ્મૃતિમાં કહેવાયું છે -

**"સન્તુષ્ટો ભાર્યયા ભર્તા ભાર્યા તથૈવ ચ ।**
**યસ્મિંન્નેવ કુલે નિત્ય કલ્યાણં તત્તવૈયમ્ ॥**
**સ્ત્રિયાં તુ રોચમાનાયાં સર્વ તદ્રોચતે કુલમ્ ।**
**તસ્યાં ત્વરોચમાનાયાં સર્વમેવ ન રોચતે ॥**

અર્થાત્ - જે કુળમાં પત્નીથી પતિ અને પતિથી પત્ની સારી રીતે સંતુષ્ટ હોય છે તે ઘરમાં સૌભાગ્ય અને લક્ષ્મી નિવાસ કરે છે. જ્યાં તેમનામાં ઝઘડા હોય છે ત્યાં દુર્ભાવ અને દારિદ્રય વાસ કરે છે. સ્ત્રીની પ્રસન્નતા તેમાં અગત્યનો ભાગ ભજવે છે. જો તે અપ્રસન્ન હોય તો ચારેબાજુ અપ્રસન્નતા ફેલાય છે અને દુઃખદ પરિસ્થિતિઓનું નિર્માણ થાય છે.

દામ્પત્ય જીવનના સુખનો ઉમંગ લગ્નના થોડા દિવસો સુધી ટકે છે. જ્યાં સુધી બંને વચ્ચે પરસ્પર આકર્ષણ હોય છે ત્યાં સુધી બંને એક અપૂર્વ સુખ અનુભવે છે. પતિ જો થોડીક વાર ન દેખાય તો નવવધૂનું હૃદય શંકા કુશંકાથી અકળાઈ જાય છે. મન જાતજાતની મંગલ કામનાઓ કરવા લાગે છે. પતિ પાછો આવી જાય તો જાણે ખોવાયેલા પ્રાણ પાછા આવી ગયા હોય તેવું લાગે છે. પુરુષોની પણ આવી જ સ્થિતિ હોય છે. પત્ની માટે જાતજાતની ભેટસોગાદો લાવવામાં તેમને આનંદ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવે છે અને તેના માટે પ્રયત્ન પણ કરતાં રહે છે. ભાવનાઓના આદાનપ્રદાનની આ પરંપરા જ્યાં સુધી ચાલુ રહે છે ત્યાં સુધી ઘરનું વાતાવરણ અત્યંત રોચક અને સજીલું રહે છે.

પરંતુ આકર્ષણમાં ઓટ આવવાની સાથેસાથે ભાવનાઓનું સ્તર પણ ઉતરવા માંડે છે. એકબીજાના પ્રિયદર્શન અને આત્મદાનને સ્થાને એકબીજામાં દોષ અને ખામીઓ શોધવા માંડે છે. અહીંયાથી જ ગૃહસ્થની દુર્દશા શરૂ થાય છે જે છેવટે ઘરને નરક જેવું બનાવી દે છે.

આકર્ષણમાં ઓટ આવવાનું મુખ્ય કારણ અનિયંત્રિત કામવાસના જ છે. જેના માટે પુરુષો વધારે દોષી ગણાય છે. ભારતીય પરંપરા અનુસાર પુરુષોના અધિકારો સ્ત્રીઓની તુલનામાં વધારે છે. મોટાભાગના લોકો સ્વામિત્વના અધિકારનો દુરુપયોગ પોતાની ક્ષણિક ઈન્દ્રિય ઉત્તેજના સંતોષવા માટે કરતાં હોય છે. તેનાથી સૌંદર્યનું આકર્ષણ ધીમે ધીમે ઓછું થવા લાગે છે અને લોકો આધ્યાત્મિક નિકટતાથી દૂર થતાં જાય છે.

સ્ત્રીઓને પોતાની સંપત્તિ માનીને તેમની સાથે એ રીતે વર્તન કરવાની પુરુષોની ટેવ ખરેખર દુર્ભાગ્યપૂર્ણ છે. જે ફરજ સ્ત્રીઓની પુરુષો પ્રત્યે હોય છે તેવો જ વ્યવહાર પુરુષો પણ જો પોતાની પત્નીઓ સાથે રાખે તો તેમનું દામ્પત્ય જીવન દીર્ઘકાળ સુધી સુખદ અને શાંતિપૂર્ણ બની રહે છે. પુરુષોના કર્તવ્યની વાત કરતાં કરતાં પ્રજ્ઞાપુરાણમાં લખ્યું છે -

**નાસ્તિભાર્યા સમંતીર્થં નાસ્તિભાર્યા સમંસુખમ્ ।**
**નાસ્તિભાર્યા સમંપુણ્ય, તારણાય હિતાય ચ ॥**

પુરુષના હિત અને કલ્યાણ માટે પત્નીથી વધીને કોઈ તીર્થ કે કોઈ પુણ્ય નથી. સ્ત્રી પાસેથી જે સુખ મળે તે બીજે મળવું અસંભવ છે.

જ્યારે સ્ત્રીપુરુષનો પરસ્પરનો વિશ્વાસ દૃઢ બની રહે ત્યારે જ આ સુખની અનુભૂતિ થઈ શકે છે. તેનાથી આત્મીયપણાનો ભાવ ટકી રહે છે અને પ્રેમ સ્થિર રહે છે. નાની મોટી ભૂલો થાય તો પણ તેને ઉદારતાપૂર્વક ક્ષમા આપવાથી સંબંધો સુધારી શકાય છે. જે આટલું પણ કરી શકતો નથી તેને મનુષ્ય કહેવો પણ એક ભૂલ છે. મનુષ્યની સાચી પરખ તો એમાં છે કે પોતાના રક્ષણમાં રહેનાર બધાંનું શારીરિક અને માનસિક ભરણપોષણ કરે અને બીજાના સુખમાં જ પોતાનું સુખ માને, પોતાની પત્ની અને બાળકોને હસતાં રમતાં જોઈને કયો ગૃહસ્થ ખુશ ન થાય ? નાની નાની ભૂલો તો બધાંની થાય છે. દાળમાં થોડું મીઠું વધારે પડી ગયું, બાબાએ દૂધ ઢોળી નાખ્યું, રસોઈ બનાવવામાં થોડું મોડું થયું. આના પરથી એમ ન માની લેવાય કે પત્ની તમારું ધ્યાન નથી રાખતી. પુરુષોને બાહ્યજીવનમાં ઘણી ગુંચવણો આવે છે તેવી રીતે ઘરમાં પણ બની શકે છે. આ સમસ્યાઓને મહત્ત્વ આપીને આપણા મધુર મીઠા સંબંધો શા માટે ખરાબ કરીએ ? ભૂલોને ઉદારતાપૂર્વક માફ કરી દેવાથી સામેની વ્યક્તિ પણ વિચારે છે કે તેના માટે તમને કેટલું ધ્યાન છે. આ વાતને આધારે જ સ્ત્રીઓ પોતાના પિતાનું ઘર છોડીને પતિની સહચરી બને છે. જેનાથી આ પ્રમાણેનો વર્તાવ ન થઈ શક્યો, પત્નીનું ધ્યાન ન રાખી શક્યો તે પતિને કંજૂસ જ કહી શકાય.

પતિપત્નીના સ્નેહપૂર્ણ સંબંધો પર આનંદનું વાતાવરણ રહે છે. જો તેમાં આત્મીયતાનો ભાવ ભળેલો હોય તો અલ્પ શિક્ષિત અને ઓછા સૌંદર્યવાન દંપતિ પણ અભાવપૂર્ણ જીવનમાં સુખનો સાક્ષાત્કાર કરી શકે છે. આકર્ષણનું કારણ બાહ્ય સુંદરતા નથી હોતા. આંતરિક પવિત્રતા, સ્નેહ અને આત્મીયતાને કારણે ઓછું સૌંદર્ય ધરાવતી પત્ની પણ પ્રાણપ્રિય લાગે છે. મધુર સંબંધોથી ઘરનું સૌંદર્ય પણ વધે છે. શાસ્ત્રોનું કથન છે -

**ભાર્યાપત્યુર્વતં કુર્યાદ્ ભાર્યાયાશ્ચ પતિર્વતમ્ ।**
**સંસારેઽપિ હિ સારઃ સ્યાદ દમ્પત્યોરેક કઃ ॥**

જો પતિ-પત્ની એક હૃદય હોય તો અસાર સંસાર પણ સારપૂર્ણ બની જાય છે. આ ધરતી પર જો સ્વર્ગ ઉતારવું હોય તો દરેક સદ્‌ગૃહસ્થે પોતાના દામ્પત્ય જીવનમાં પ્રેમ, સ્નેહ, આત્મીયતા અને ઐક્યની ભાવના રાખવી જોઈએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# હે રામ ! અમોને તમારા શરણમાં લઈ લો

આજનો મનુષ્ય બીજાઓની સરખામણીમાં પોતાના પ્રત્યે વધારે ભયાનક થઈ ગયો છે. તેણે પોતાના હૃદયમાં દ્વેષ, દ્વંદ્વ, છળ, કપટ, ઈર્ષા અને ક્રોધના એટલાં બીજ વાવી દીધાં છે કે તેની સુગંધિત હૃદય વાટિકા એક ઝેરીલી વનસ્થળી બની ગઈ છે. તેનું મુખ્ય કારણ તેની કામ આસક્તિ છે.

મનુષ્ય જેટલી વધારે કામનાઓ રાખે છે એટલો તે વધુ ગરીબ રહે છે. તેની વ્યગ્રતા પણ વધે છે અને તેનું મન વિવિધ તૃષ્ણાઓ પાછળ ભટકતું રહે છે. મનુષ્યની વિવિધ વિષયોપભોગની ઈચ્છાઓ તેને પતન તરફ દોરી જાય છે અને પતનોન્મુખ મનુષ્ય પાસેથી કોઈ સારા આશયની આશા રાખી શકાય નહીં. તેનામાં અસંતોષ જન્મે છે અને સંસારના બીજા બધાં જ પ્રાણીઓ પોતાના કરતાં તેને સુખી લાગે છે. આવી દૃષ્ટિને કારણે તેને બીજાઓની ઈર્ષા થાય છે અને પોતાના પ્રત્યે ખીજ ઉત્પન્ન થાય છે. તે દરેક વખતે દરેક વાતે અસંતુષ્ટ રહે છે, જેના કારણે તેનામાં ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધને કારણે તેની વિવેકબુદ્ધિ નાશ પામે છે અને તેના કારણે તે સર્વનાશની તરફ બહુ તેજગતિથી ધકેલાતો જાય છે.

મનુષ્યે પોતાનો વિનાશ રોકવા માટે કામનાપૂર્ણ વિષયાસક્તિને છોડવી પડશે. વિષયવૃત્તિની સંતૃપ્તિ ક્યારેય શક્ય નથી. પ્રકૃતિનો એવો નિયમ છે કે વિષયવાસનાને જેટલી સંતોષો તેનાથી તે વધારે ઉદ્દીપ્ત થાય છે. તેનો પીછો છોડાવવાનો એકમાત્ર સરળ ઉપાય તેનો ત્યાગ છે.

વિષય વાસનાઓ હાથમાં પકડેલી લાકડી તો છે નહીં કે હાથ ખોલી દેવાથી તે પોતાની જાતે પડી જશે. આ જન્મ જન્માંતરનો મેલ છે જે મનરૂપી દર્પણ પર એકઠો થતાં થતાં ત્યાં સ્થાયી બની ગયો છે. તેને મસળીને ધોવો જોઈએ. જેવી રીતે મેલને મેલ વડે સાફ કરી શકાતો નથી તેવી રીતે વિષયોને વાસનાત્મકતાથી ધોઈ શકાય નહીં. તેને ધોવા માટે તો નિર્મળ ભાવનાઓની જરૂરિયાત હોય છે.

નિર્મળ ભાવનાઓમાં સૌથી ઉત્તમ ભાવના કરુણાની છે. મનુષ્યે પોતાનામાં સૌથી વધારેમાં વધારે દયાની ભાવના પ્રસ્ફુટિત કરવી જોઈએ. કરુણા એક દૈવી ગુણ છે, આત્માનો પ્રકાશ છે. તેની ઉત્પત્તિ થતાં જ મનુષ્યનો બધો માનસિક મેલ ધોવાઈ જાય છે અને તેનું હૃદય દર્પણ પોતાની સ્વર્ગીય છટાથી ચમકી ઊઠે છે, જેમાં તે આત્મા સ્વરૂપ પરમાત્માનું દર્શન કરી શકે છે.

આ કરુણાના ઉદ્‌ભવ માટે મનુષ્યે સૌ પ્રથમ વિનમ્રતાપૂર્ણ દયા દાક્ષિણ્યની ઉપાસના કરવી જોઈએ. સંસારનો કોઈ પણ ધર્મ કે મતમતાંતરો એવા નહીં હોય કે જેમાં વિનમ્રતા, દયા, ક્ષમા, સહાનુભૂતિ વગેરે ગુણોને મહત્ત્વ અપાયું ન હોય.

કરુણા લાવવા માટે મનુષ્યે કરુણા વરુણાલય ભગવાનનો આશરો લેવો જોઈએ. નમ્રતાપૂર્વક તેને શરણે જવું જોઈએ. તેની બનાવેલ સૃષ્ટિને પ્રેમપૂર્વક દયાથી ઓતપ્રોત કરી દેવી જોઈએ. વિનમ્ર બનવું જોઈએ.

આતુર બનીને અડગતાપૂર્વક પરમાત્માનું સ્મરણ કરવાથી આ બધાં ગુણો અનાયાસ જ મળી જાય છે. તેને યાદ કરો, પોકારો, પોતાની યાદ અપાવો. તેની પ્રાર્થના કરો, વિનંતી કરો.

"હે પ્રભુ ! હે ઈશ્વર ! અમને તમારી શરણમાં લઈ લો. અમે તમારી દયા, મમતાને પાત્ર છીએ, અમારી ભૂલો અને ત્રુટિઓને ક્ષમા કરીને અમને તમારો આશરો આપો."

પરમાત્માને વિનયપૂર્વક પ્રાર્થના કરવાથી, વિનંતી કરવાથી આત્માના દોષોનો પરિત્યાગ થાય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. પોતાની વિનય પ્રાર્થનામાં જો તમે ભૌતિક સાધનોની માગણી કરશો તો પછી તમે તમારા ધ્યેય માર્ગ-કરુણાની પ્રાપ્તિમાંથી વિચલિત થઈ જશો અને જેને છોડવા માટે તમે પરમાત્માને પોકારવાનું શરૂ કર્યું હતું તે વિષય વાસનાઓ તરફ ફરીથી ઉત્સુક થઈ જશો. જો યાચના જ કરવી હોય તો પોતાના ધ્યેયની યાચના કરો. એક માત્ર તેની પ્રસન્નતા માટે યાચના કરો. લૌકિક તો શું કોઈ પારલૌકિક પદાર્થ પણ એવો નથી કે જે તેની કૃપાથી ન મળી શકે. તેની આપેલી પ્રાપ્તિઓમાંથી તમે ફક્ત મહાન ગુણસંપત્તિ તરફ જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરો અને તેને વધારે ને વધારે પ્રમાણમાં મેળવવાની કોશિશ કરતા રહો.

પરમાત્માને પ્રસન્ન કરવા માટે પ્રાર્થના એ સૌથી સરળ સાધન છે. એક ચોક્કસ નક્કી કરેલા સમયે પવિત્ર તન મનથી તેને વિહ્વળતાપૂર્વક યાદ કરતાં કરતાં, આતુરતા પૂર્વક આર્દ્રહૃદયે પ્રાર્થના કરો. પ્રાર્થનાનાં શબ્દો વધારેમાં વધારે કરુણાજનક, સરળ અને સરસ હોય અને તેનું તાત્પર્ય તો નિતાંત, પવિત્ર, નિષ્કામ અને તેના ઉદાર નામોથી પરિપૂર્ણ હોવું જોઈએ. તેના અર્થમાંથી એક નિસ્પૃહ આનંદ ઉદ્‌ભવે છે. તેનું સંગીત સહજ રીતે ગાઈ શકાય તેવું અને મનોહર હોય અને પ્રાર્થનાઓ જો પદ્યમાં ન કરી શકાય તો ગદ્યમાં પણ કરી શકાય છે. તમારી પ્રાર્થનામાં હૃદયના ભાવો જેટલા તીવ્રપણે વણાયેલા હશે, જેટલી તન્મયતા હશે, આપ તેટલી જ ત્વરાથી પ્રભુની કરુણા અને કૃપાને પ્રાપ્ત કરી શકશો.

પ્રાર્થના કરતી વખતે નિશ્ચિંત રહો અને સમસ્ત સંસારને ભૂલીને એકાગ્ર ચિત્તે તન્મય થાઓ કે તે વખતે તમારા માટે પ્રાર્થના સિવાય બીજું કંઈ શેષ બાકી ન રહે. પ્રાર્થનાનો મૂળ મંત્ર એકાગ્રતા છે.

તમે જેટલી વિહ્વળતાથી પરમાત્માને યાદ કરશો પરમાત્મા એટલી જ આતુરતાથી આપનું સ્મરણ કરશે. જેમ જેમ તમે પરમાત્મા તરફ આકર્ષાશો તેમ તેમ તે પણ તમારી તરફ આકર્ષાશે. આ રીતે બંને બાજુએથી થયેલું આકર્ષણ વચ્ચે આવતાં અવરોધો તથા તેમની વચ્ચેના અંતરને બહુ જલદી સમાપ્ત કરી દેશે અને તમે આત્માના આનંદના રૂપમાં તેનો સાક્ષાત્કાર કરી શકશો.

પૂજામાં પ્રાર્થનાનું ઘણું વધારે મહત્ત્વ છે. સંસારમાં એક પણ અવો મહાત્મા કે ધર્મપ્રવર્તક થયો નથી કે જેણે કોઈ ન કોઈ પ્રકારે પરમાત્માની પ્રાર્થના ન કરી હોય. દેવતા પણ એકબીજાની પ્રાર્થના કરે છે. વિષ્ણુ મહેશની, મહેશ વિષ્ણુની, બ્રહ્મા વિષ્ણુ અને મહેશની અને વિષ્ણુ મહેશ બ્રહ્માની પ્રાર્થના કર્યા કરે છે. પરમાત્માની પ્રાર્થના કર્યા વિના કોઈ પણ ધ્યેય પૂરું થતું નથી. મહાત્મા ગાંધી કહેતાં હતાં કે - "પ્રાર્થના મારો પ્રાણ છે, મારું જીવન છે. હું ખાવા-પીવાનું છોડી શકું છું, સંસારની બધી ચીજો છોડી શકું છું, પરંતુ પ્રાર્થના છોડી શકું નહીં. પ્રાર્થના કરવાથી હું મારી અંદર સુખ, શાંતિ, શક્તિ અને પૂર્ણતાનો અનુભવ કરું છું. જે દિવસે પ્રાર્થનામાં વિલંબ થાય છે અથવા કોઈ કારણસર પ્રાર્થના કરી શકતો નથી તે દિવસ મારા માટે સૌથી ખરાબ દિવસ હોય છે. મને લાગે છે, જાણે કે હું નિર્જીવ થઈ ગયો છું, અશક્ત થઈ ગયો છું. મેં કશું કર્યું નથી ને હું કંઈ કરી શકતો નથી. પોતાની અંદર એક ભયાનક ખાલીપણો અનુભવાય છે અને પ્રાર્થના કરવાથી બધી દુર્બળતાઓ તુરત જ દૂર થઈ જાય છે અને હું મારી પોતાની અંદર ફરીથી પૂર્ણતા અનુભવવા લાગું છું." તેઓ કહેતા હતાં કે - "હું બધાં દુઃખો, કષ્ટો અને સંઘર્ષો પ્રાર્થનાની શક્તિને કારણે હસતાં હસતાં સહન કરી શકું છું. હું કોઈ દુઃખ કે સંઘર્ષથી ઘેરાયેલો છું તેવો અનુભવ મને ક્યારેય થતો નથી. હું દરેક રીતે પ્રસન્ન અને પ્રફુલ્લિત રહું છું."

કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રાર્થનામાં બધી શક્તિઓ અને બધાં સુખ રહેલાં છે. મહાત્મા ગાંધીની સફળતાના કારણોમાં ઈશ્વર પ્રાર્થના એક મુખ્ય કારણ છે. પ્રાર્થનાના અધારે જ તેમણે આટલા મોટા દેશનું નેતૃત્વ કર્યું, સ્વતંત્રતાનો સંગ્રામ જીત્યો અને અલગ અલગ ધર્માવલંબીઓને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એકતાના સૂત્રે બાંધ્યા. આ પ્રાર્થનાની શક્તિના આધારે જ તેમણે મોટા મોટા ભૌતિકવાદી વિદેશી રાજનીતિજ્ઞોને દ્રવિત કરીને ઝુકાવી દીધાં.

પરમાત્માની કરુણતાનું વરદાન પ્રાણીમાત્રને પ્રાપ્ત થાય છે. કોઈ પણ બદલાની ભાવના વગર પરમેશ્વર સંસારના પ્રત્યેક પ્રાણી ઉપર પોતાની અનંત દયાની ભાવના વરસાવતો રહે છે. પ્રાણીમાત્રના સુખ વધે અને દુઃખોનો નાશ થાય તે માટે તે સદાય અનુકંપા વરસાવતો રહે છે. તેના સહારે સજીવોની જીવનલીલા ચાલી રહી છે. શરીર અને મનની અસાધારણ રચના જો આટલી ઉત્તમ રીતે ન થઈ હોત તો જીવનું અસ્તિત્વ જ પ્રગટ ન થઈ શકત અને કદાચ પ્રગટ થાત તો પણ તેઓ આનંદમય જીવન જીવવાને માટે શક્તિમાન ન થઈ રહ્યા હોત. એક વાક્યમાં આ વાત કહેવી હોય તો એમ કહી શકાય કે પરમ કૃપાળુ પરમાત્માની કૃપાને સહારે જ દરેક સજીવ પોતાનું યોગક્ષેમ કરતાં કરતાં સરસ જીવન જીવી રહ્યો છે.

ઈશ્વરની અનંત દયા અને કૃપા મેળવનાર મનુષ્યે પોતાને મળેલ અનુદાનનો એક અંશ અસહાય, અસમર્થ અને પછાત રહેલા લોકોને આપીને પોતાની સુપાત્રતા સાબિત કરવી જોઈએ. પરમાત્માની કૃપાનો બદલો તો વાળી શકાતો જ નથી, પરંતુ તેના નિર્બળ સંતાનોને સુખી અને ઊંચા ઉઠાવવા માટે સહૃદય પ્રયત્ન તો આપણે કરી શકીએ છીએ. આપણાથી જેટલો બને તેટલો લોકકલ્યાણ માટે પ્રયત્ન કરવો જોઈએ.

આપણે કરુણાસભર ભાવથી ભગવાનને પ્રાર્થના કરીએ અને તેમની પાસે એક જ માગણી કરીએ કે અમારા અંતરાત્મામાં દયાનું એ નાનકડું ઝરણું સદાયે વહેતું રહે કે જેમાં સ્નાન કરાવીને પરમ કૃપાળુ પરમેશ્વર પ્રાણીમાત્રને હંમેશાં સુખી, સમૃદ્ધ અને સુવિકસિત કરે.

એક મુસાફર દૂરના દેશની યાત્રાએ નીકળ્યો હતો. હજુ એક માઈલ જ ચાલ્યો હતો ત્યાં તો એક નદી આવી. કિનારા પર નાવ ઊભી હતી. તેણે કહ્યું આ નદી મારું શું કરશે? તેણે સઢ ચઢાવ્યું નહીં, હલેસાં ખોલ્યાં નહીં, કારણ કે તે ઉતાવળમાં હતો. નાવિકને બોલાવ્યો નહીં. વાદળો ગર્જી રહ્યા હતા, પવનથી મોજાં ઉછળી રહ્યા હતા, છતાં પણ તે માન્યો નહીં. નાવનું લંગર ખોલી દીધું અને તે પણ તેમાં બેસી ગયો. જેમ તેમ કરીને કિનારો પાર કર્યો, પરંતુ નાવ વચ્ચોવચ આવતા વેંત જ વમળો અને ઉછળતા મોજામાં ફસાઈ ગઈ. નાવ એકદમ ઉછળી અને બીજી જ પળમાં ઊંધી વળતાં મુસાફરને ડૂબાડી દીધો.

એક બીજો મુસાફર આવ્યો. કિનારા પર ઊભેલી નાવ તૂટીફૂટી હતી, હલેસાં કમજોર હતાં, સઢ ફાટેલું હતું, તો પણ તેણે ચાલાકીથી કામ કર્યું. નાવિકને બોલાવીને કહ્યું, 'મને પેલે પાર સુધી પહોંચાડો.' નાવિક મુસાફરને લઈને ચાલી નીકળ્યો, મોજાં સામે સંઘર્ષ કર્યો, તોફાન આવ્યું, પવને તાકાત લગાડીને નાવને ઊંધી વાળવાનો પ્રયત્ન કર્યો, પરંતુ નાવિક તે બધી મુશ્કેલીઓથી જાણકાર હતો. એક એક મુશ્કેલીને પાર કરીને મુસાફરને કુશળતાપૂર્વક પેલે પાર પહોંચાડ્યો. મનુષ્ય જીવન પણ એક યાત્રા છે, જેમાં ડગલે ને પગલે મુશ્કેલીઓ પાર કરીને મહાસાગર તરવાનો છે. જે મનુષ્ય નાવને હંકારતાં પહેલાં ભગવાનને પોતાનો નાવિક નીમે છે તેની યાત્રા ભગવાન સરળ બનાવી દે છે, કારણ કે જીવન પથની સર્વ મુશ્કેલીઓનો તે જ્ઞાતા છે અને મનુષ્યનો સાચો સાથીદાર છે. મનુષ્ય પોતાના અભિમાન અને અજ્ઞાનમાં ડૂબેલો રહીને પહેલા મુસાફરની માફક નાવ ચલાવવાનું ન જાણતો હોવા છતાં પણ નાવને તોફાનમાં છોડી દે છે અને અધવચ્ચે જ નષ્ટ થઈ જાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# તપસ્યાનું તત્વદર્શન

તપસ્યા જીવન માટે ખૂબ જ જરૂરી છે. સાચું પૂછો તો માનવ જીવન પણ એક તપ જ છે. સૂર્ય તપે છે ત્યારે તો તે પ્રકાશ અને ગરમી આપે છે. પાણી તપીને વરાળ બને છે અને તેના વડે મોટા મોટા એંજીનો અને મશીનો ચાલે છે. લોઢું તપે છે ત્યારે સ્ટીલ બને છે. તપના આધારે જ આ દુનિયા ચાલી રહી છે. બ્રહ્માજીએ તપ કર્યું પછી જ આ પૃથ્વીની રચના કરી શક્યા હતાં. ભગીરથે તપ કર્યું અને દેવી ગંગાને સ્વર્ગમાંથી ધરતી પર લઈ આવ્યા. તપ તો જીવનનું જરૂરી પાસું છે. તપ માટે અઠવાડિયામાં એક દિવસ 'અસ્વાદ'નું વ્રત કરવું જોઈએ. મીઠું અને ખાંડ બીમારીના જન્મદાતા છે. એક દિવસ માટે બંનેનો ત્યાગ કરી દો. જીભ પર કાબૂ આવી જાય તો બાકીની બધી ઇન્દ્રિયો સંયમિત થઈ જાય છે. તેથી રવિવાર કે ગુરુવાર કે કોઈ પણ ચોક્કસ દિવસે 'અસ્વાદ વ્રત' રાખો. તેનાથી શારીરિક લાભની સાથોસાથ માનસિક અને આધ્યાત્મિક લાભ પણ મળે છે. તપમાં ઉપવાસની સાથે મૌનવ્રત પણ રાખવું જોઈએ. બની શકે ત્યાં સુધી મૌન રહો. બોલવું એ સભ્યતાની નિશાની છે, રોજની જરૂરિયાત છે પરંતુ એક એક શબ્દ વિચારીને બોલવો જોઈએ. મધુરભાષી અને મિતભાષી બનવું જોઈએ. સવાર સાંજ બે કલાક મૌનની ટેવ પાડવી જોઈએ. આ સાધના સાધકને અંતરમુખી બનાવે છે. આપણે પોતે એકાંતમાં રહીને મૌનનો અભ્યાસ કરીએ છીએ. બ્રહ્મચર્યને જીવનની મૂળભૂત જરૂરિયાત સમજવી જોઈએ. બ્રહ્મચર્યના પ્રભાવથી જ શંકરાચાર્ય, મહર્ષિ દયાનંદ, સ્વામી વિવેકાનંદ વગેરેએ અદ્દભુત અને અદ્વિતીય કાર્યો કરી બતાવ્યાં છે. હનુમાનજી તો સમુદ્ર ઓળંગીને લંકા સુધી પહોંચી ગયા હતા. લોકોમાં એવો ભ્રમ છે કે ગૃહસ્થ જીવન અને બ્રહ્મચર્ય એકબીજાના વિરોધી છે. જ્યારે હકીકતમાં તે એકબીજાના પૂરક છે. આપણું ચિંતન ઊંચું હોવું જોઈએ. કામવાસનાનો વિચાર સાવે તો મનમાં હનુમાન, શિવાજી, વિવેકાનંદ વગેરેને યાદ કરવા જોઈએ. બ્રહ્મચર્યનું તાત્પર્ય છે બ્રહ્મા જેવું આચરણ કરવું. જરૂરિયાત હોય તો સૃષ્ટિની રચના કરવી અને બાકી બીજાની ભલાઈના, પરોપકારના કાર્યો દ્વારા કુટુંબ, સમાજ અને સમસ્ત દુનિયાની ઉન્નતિ માટે પોતાની પ્રતિભા અને શક્તિનો ઉપયોગ કરવો.

તપસ્યામાં ચાર પ્રકારના સંયમ રાખવા પડે છે. અર્થ સંયમ, સમય સંયમ, વિચાર સંયમ અને ઇન્દ્રિય સંયમ. આ ચારેય તપસ્યાના આધારો છે.

અર્થ સંયમ શું છે ? ધનનું ઉપાર્જન કરવું તો બધા જાણે છે, પણ ખર્ચ કરવાનું જાણતા નથી. એક ભિખારી પણ પર્યાપ્ત ધન તો કમાઈ શકે છે. કેટલાક લોકો તો મર્યા પછી ઘણી મોટી રકમ છોડીને મરી જાય છે. કોઈ સહેલાઈથી પૈસા કમાય છે તો કોઈ મહેનત કરીને કમાય છે. પરંતુ તે ધનનો સદુપયોગ કરતાં પણ શીખવું જોઈએ. ખરાબ કામોથી બચવા માટે અર્થસંયમ જરૂરી છે. ઇચ્છાઓ અને લાલસાઓ તો કોઈની ક્યારેય પૂરી થતી નથી. ખરાબ વ્યસનોની તો કોઈ સીમા નથી. જુદી જુદી રીતે તેઓ મનને લલચાવે છે, ફોસલાવે છે. તેનાથી બચીને જ સુખમય જીવન જીવી શકાય છે અને તેનાથી બચવાનો એકમાત્ર ઉપાય અર્થસંયમ જ છે. ઈમાનદારીથી ધન કમાઓ પણ તે ધનને સમાજનું ધન સમજો. જેટલું તમારી પાસે વધારે ધન આવે છે એટલું સમાજનું દેવું તમારી પર વધુ ચઢે છે. તેથી તો કહેવામાં આવ્યું છે કે સો હાથથી કમાઓ અને હજાર હાથથી લુંટાવો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પણ લુંટાવો ક્યાં ? ખરાબ વ્યસનો કે ઇચ્છાઓની પૂર્તિ માટે નહીં, સમાજની ભલાઈ માટે લુંટાવો. નશાબાજી, જુગાર કે ફેશનથી બચીને 'સાદું જીવન ઉચ્ચ વિચારનો' સિદ્ધાંત અપનાવો.

બીજો સંયમ છે સમય સંયમ. દરેક વ્યક્તિએ સમયનું યોગ્ય રીતે વિભાજન કરીને કામ કરવું જોઈએ. તપસ્યાનો આ મૂળભૂત સિદ્ધાંત છે. આચાર્ય વિનોબાભાવે સમયનું મૂલ્ય સમજ્યા અને જીવનની એક એક ક્ષણનો સદુપયોગ કર્યો તો તેઓ વિશ્વની ચૌદ ભાષાઓના જાણકાર બની ગયાં. તેઓ એક મિનિટ પણ વ્યર્થ બગાડતાં ન હતાં. જેટલાં પણ મહાપુરુષો થઈ ગયાં છે તેમણે પોતાના જીવનને ઘડિયાળ મુજબ નિયંત્રિત રાખ્યું છે. કહેવાય છે કે રાવણે તો કાળને પોતાની પાટીથી બાંધી રાખ્યો હતો. ત્યારે તો તે સોનાની લંકા વસાવી શક્યો હતો. ભગવાને દરેક માટે એક સરખો ૨૪ કલાકનો સમય આપ્યો છે. તેની એક એક ક્ષણનો સારી રીતે ઉપયોગ કરવો જોઈએ. ફોગટના ગપ્પાં આળસ કે પ્રમાદમાં સમય બરબાદ ન કરીએ તો ઘણો સમય બચી જાય છે. તે સમયને રચનાત્મક કાર્યોમાં લગાડવાથી આપણી તો પ્રગતિ થાય છે. સાથોસાથ સમાજનું પણ ભલું થાય છે. શ્રેષ્ઠ જીવન માટે સમયનો સદુપયોગ પણ એક તપ છે. આપણે આપણા જીવનમાં જે કંઈ મેળવ્યું છે તે સમય સંયમને કારણે જ મેળવ્યું છે.

ત્રીજો સંયમ છે વિચાર સંયમ. વિચાર એ સૌથી મોટી શક્તિ છે વેદનો સંદેશ છે- "જે જેવું વિચારે છે અને જેવું કરે છે તેવો તે બને છે." જે મહાન બનવાનો વિચાર કરે છે તે એક દિવસ જરૂર મહાન બનશે. જ્યારે વિચાર દૃઢ બની જાય છે તો તેના માટે પ્રયત્ન પણ થાય છે અને એક દિવસ તે વિચાર ફળીભૂત પણ થાય છે. નિમ્ન વિચાર હશે તો પ્રયત્નો પણ એ દિશામાં થશે અને ફળ પણ કનિષ્ઠ જ મળશે. આજકાલ આમ જ થઈ રહ્યું છે. લોકોના વિચાર નિમ્ન બની રહ્યાં છે. આસુરીવૃત્તિઓ કુવિચારોની માયાજાળમાં ફસાવી રહી છે અને મનુષ્ય જાણે અજાણે તેમાં ગળાડૂબ થતો રહ્યો છે. આ જંજાળમાંથી છૂટવા માટે વિચાર સંયમ જરૂરી છે. સદ્ચિંતન કરવું જોઈએ અને તેના માટે સતત સ્વાધ્યાયનો અભ્યાસ જરૂરી છે. તેનાથી વિચારોમાં પરિવર્તન આવશે. મનને ક્યારેય ખાલી ન મૂકો. ખાલી દિમાગ શેતાનનું ઘર છે. જ્યારે પણ ખાલી સમય હોય તો મનને આત્મચિંતનમાં લગાડો. કુવિચાર આવે તો તેને મનમાંથી જબરદસ્તીથી બહાર કાઢી મૂકો. પોતાના વિચારો હંમેશાં ઉર્ધ્વગામી બને તેવો પ્રયત્ન સતત કરતા રહો.

તપસ્યાનો ચોથો આધાર ઇન્દ્રિય સંયમ છે. આપણી પાંચેય ઇન્દ્રિયો ઈશ્વરનું અણમોલ વરદાન છે. તે આપણી નિકટતમ મિત્ર છે, જે આપણને દરેક રીતે મદદ કરે છે. સાથેસાથે એ ચંચળ પણ છે અને અસંયમિત બનીને આપણે માટે ઘોર દુશ્મનની કે આસ્તીનના સાપની ગરજ સારે છે. સ્વાદ અને દૃષ્ટિની ઇન્દ્રિયો તો વધારે ચંચળ હોય છે. આપણી તંદુરસ્તી અને ચારિત્ર્યને ભ્રષ્ટ કરવાનું મૂળ કારણ આ ઇન્દ્રિયો જ છે. ઇન્દ્રિયોને સંયમિત કરવાથી આપણી અંદર રહેલી સુષુપ્ત દિવ્ય શક્તિઓ જાગૃત થાય છે. ત્યારે જ આપણે નરમાંથી નારાયણ અને માનવમાંથી મહામાનવ બનવાની દિશામાં અગ્રેસર થઈ શકીએ છીએ. આ ઇન્દ્રિયોને સંયમિત કરવા માટે વ્રત, મૌન ઉપવાસ વગેરે અનેક વિધિવિધાનો સમજાવવામાં આવ્યાં છે.

આ ચાર તપ ચાર સ્તંભ જેવા છે. તેના ઉપર આત્મવિકાસનું ભવન ઊભું થાય છે. જો આ સ્તંભ જ કમજોર હોય તો પછી ભવન તો પડવાનું જ છે. આ પ્રકારનું તપ કરવા માટે સમય ક્યાં ઓછો છે ? જો આ ચાર તપ સારી રીતે કરીએ તો શરૂઆતના બેકાર કામોમાં બરબાદ થતો સમય આપણી પાસે ખાલી બચી જાય છે.

આ પ્રજ્ઞાયોગની સાધના જ વર્તમાન સમયની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મોટામાં મોટી જરૂરિયાત છે. આજકાલની પરિસ્થિતિ પ્રમાણે આ શાશ્વત સાધના સર્વસુલભ અને સર્વઉપયોગી છે. તેનાથી આત્મકલ્યાણ અને લોકમંગળના બંને માર્ગ સાધી શકાય છે. અત્યારનો સમય યુગસંધિનો છે. યુગસંધિ વારે વારે થતી નથી. શતાબ્દીનું નહીં સહસ્ત્રશતાબ્દિનું પરિવર્તન થઈ રહ્યું છે. યુગ બદલાઈ રહ્યો છે. એક સમય એવો પણ આવ્યો હતો કે અસુરતત્ત્વોને સમાપ્ત કરીને રઘુકુળનંદને રામરાજ્યની સ્થાપના કરી હતી. તેવી જ રીતે કૃષ્ણભગવાને મહાભારતનું સૂત્રસંચાલન કરીને યુગપરિવર્તન કર્યું હતું. બુદ્ધ ભગવાને સમાજમાં આમૂલ પરિવર્તનનો માર્ગ સૂચવ્યો હતો. આપણે ભાગ્યશાળી છીએ કે આવા યુગ સંધિકાળમાં જન્મ મળ્યો છે. નવયુગના સ્વાગતનો સુઅવસર આપણને મળી રહ્યો છે. જે સમયને ઓળખે છે તે આ અવસરને ચૂકશે નહીં. આ વિશિષ્ટ સમય છે. જે જાગૃત છે તેમને આ સમયમાં અસાધારણ લાભ મળી શકે છે. દેવશક્તિઓ તો હંમેશાં તેમની કૃપાની, વરદાનની વર્ષા ઉદારતાપૂર્વક કરતી જ રહે છે, પરંતુ જેની મનોભૂમિ ઉપજાઉ હશે તેમને લાભ મળી શકશે. આપણી ભાવસંવેદનાઓ જાગૃત કરીને યુગધર્મ નિભાવવામાં લાગી જઈએ, એ જ અમારી ઘોષણા છે.

ગુરુદેવના આટલા સારગર્ભિત વિચારો સાંભળીને મનની બધી શંકાઓનું સમાધાન થઈ ગયું હોય એવું લાગ્યું. બધું અંધારું દૂર થઈ ગયું. સવિતાનારાયણનો પ્રકાશ ચારેબાજુ ફેલાવા લાગ્યો. ખરેખર મહાકાળ યુગપરિવર્તનનો માર્ગ દર્શાવી રહેલા છે. "એકવીસમી સદી ઉજ્જ્વળ ભવિષ્ય"નું દ્વારા ખૂલી રહ્યું છે- એ શ્રદ્ધા બળવત્તર બની રહી છે.

- પં. લીલાપત શર્મા

---

અરસ્તુ પોતાના શિષ્ય સિકંદરને વિશ્વ વિજયી બનાવવા ઇચ્છતા હતા. આ માટે તે પરાક્રમી તો હોય, પરંતુ કામુક ન હોય તે જરૂરી હતું. સિકંદરને નાની ઉંમરે જ એક વેશ્યાને ત્યાં આવજા કરવાની ટેવ પડી ગઈ હતી. અરસ્તુ એવો ઉપાય શોધી રહ્યા હતા કે સિકંદર સ્વયં તે માર્ગ પરથી પાછો વળે. માનવીનું મન જેમાં જોડાઈ જાય છે ત્યાંથી અનેક શિખામણ આપવા છતાં પાછું વળતું નથી. ક્રમશઃ તેની શક્તિઓ નાશ થવા લાગી. ભાવિ પ્રતિભાને કાટ લાગવા માંડ્યો. કશોય ઉપાય સફળ ન જતાં અરસ્તુએ એક યુક્તિ વિચારી. તેમણે તે વેશ્યાને પ્રેમની વિનંતી કરી, પરંતુ તે વેશ્યાએ એક શરત મૂકી કે તમારે ચાર કલાક સુધી ઘોડો બનવું પડશે. તેટલો સમય હું તમારી પીઠ પર સવારી કરીશ. તેઓ સંમત થઈ ગયા. વેશ્યા આ બતાવીને સિકંદરનું મન ગુરુથી દૂર કરવા ઇચ્છતી હતી. અરસ્તુ સમયસર વેશ્યાના ઘેર ગયા અને ઘોડો બનીને વેશ્યાને પીઠ પર બેસાડીને આંગણામાં ફરવા લાગ્યા. અરસ્તુ ધીમેથી ચાલતા તો તેમને ટોકવામાં આવતા. એટલામાં સિકંદર ત્યાં આવ્યો અને આ દૃશ્ય જોઈને પૂછ્યું, "ગુરુદેવ ! આ શું ?" અરસ્તુએ કહ્યું, "જે માર્ગ પર ડગલું ભરતાં જ મારા જેવા જ્ઞાનીની આ દુર્ગતિ થઈ રહી છે, તો મૂર્ખ તે કીચડમાં ફસાઈ જવાથી તારા માટે બહાર નીકળવું જ અશક્ય બની જશે. સિકંદર વસ્તુસ્થિતિ સમજી ગયો અને પતનનો માર્ગ છોડી દીધો. આ શિખામણે તેને મહાન સિકંદર બનાવ્યો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પાત્રતા કેળવીએ તો દૈવી કૃપા વરસે

આત્મોન્નતિમાં અહેતુક કૃપાનું સ્થાન ખરું કે નહિં ? એનો ઉત્તર જો એક જ શબ્દમાં આપવાનો હોય તો કહેવું પડશે 'હા', પરંતુ એ માટે આધ્યાત્મિક પૃષ્ઠભૂમિનું હોવું નિતાન્ત આવશ્યક છે. એ સિવાય કૃપાની આશા નિરાશામાં ફેરવાઈ જશે. સામાન્ય રીતે અભૌતિક સહાયતાઓમાં સૌ પ્રથમ એ જ જોવામાં આવે છે કે આપણે એના વાસ્તવિક અધિકારી છીએ કે નહીં. પાત્રતાની ચકાસણી થતાં જ અજસ્ર અનુદાનોનો (સહાયનો) ક્રમ શરૂ થઈ જાય છે અને અવિરતપણે ચાલ્યા કરે છે. આવા પ્રસંગો પ્રકાશમાં જુદા જુદા સમયે આવતાં જ રહે છે.

આ ઘટના જ્યોતિ નામના મહાત્માના જીવનની છે. તે વખતે એમની ઉંમર ૧૨-૧૩ વર્ષની હશે. ત્યારે તેઓ શ્રીહટ્ટના મૌલવી બજારમાં પોતાના માતાપિતાની સાથે રહેતા હતા. ત્યાંની શાળામાં જ એમની શિક્ષણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

એ વખતે ત્યાંના કાલી મંદિરમાં એક આકર્ષક યુવાન સંન્યાસી આવીને રહેતા હતા દરરોજ સાંજ થતાં જ તેઓ પોતાના સુમધુર કંઠે ભજન ગાવાનું શરૂ કરતા. એમાં તેઓ એવા ભાવવિભોર થઈ જતા કે ગીતો જાણે તેમના અંતઃસ્થાનમાંથી ઉદ્ભવી રહ્યાં હોય. તેમના ભજનની મધુરતા અને ભાવની તન્મયતાથી આકર્ષાઈને લોકો ત્યાં મોટી સંખ્યામાં એકઠા થતા. બાળક જ્યોતિ પણ કોઈ ખૂણામાં બેસીને તેનો આનંદ માણતો.

બાળકને એ ભજનો અત્યંત મર્મસ્પર્શી લાગતાં. એનાથી એ સંમોહિત થઈ જતો. જ્યાં સુધી કાર્યક્રમ ચાલે ત્યાં સુધી એ ત્યાં જ રહેતો. રાત પડે, શ્રોતાઓ જતા રહે તો પણ એની ઉઠવાની ઇચ્છા થતી નહીં. કદાચ ઘર નજીક હશે એથી નિશ્ચિત હતો. પણ ના એમ ન હતું. પણ એ યોગ્ય રીતે સમજી શકતો ન હતો કે આમ કેમ બનતું હતું. બસ, એકીટસે એ સંન્યાસીનો ચહેરો જોયા કરતો. આમ તો સંન્યાસીને આવ્યે હજુ બે ચાર દિવસ જ થયા હતા તેમ છતાં બાળકને લાગતું કે એ એના સ્વજન જ હતા. તેમની સાથે પરિચિય ન હોવા છતાં પણ એના અંતરના ખૂણામાંથી શ્રદ્ધા જાગી હતી કે એ એના અત્યંત ઘનિષ્ટ હતા.

પહેલા દિવસે ભજન પૂરું થયા પછી આગંતુક શ્રોતાઓ પોતપોતાના ઘરમાં જતા રહ્યા અને મંદિરના પ્રાંગણમાં માત્ર સંન્યાસી અને બાળક જ રહ્યા. બાળકને હજીયે બેઠેલો જોઈ સાધુ મહાત્માએ પૂછ્યું, "બેટા, તું અહીં શા માટે બેઠો છે ? ઘેર નથી જવું ?"

બાળક એ પ્રશ્નોનો સંતોષજનક ઉત્તર આપી શક્યો નહિ. એટલું જ કહી શક્યો કે જવાની ઇચ્છા હોવા છતાં જઈ શકતો નથી એ સાંભળી મહાપુરુષ બોલ્યાં, "આત્મવિસ્મૃતિ સામાન્ય મનુષ્યની સાધારણ ઘટના છે. એ સ્થિતિમાં એ કોણ છે ? ક્યાંથી અને કેમ આવ્યો છે ? એ ભૂલી જાય છે. તું પણ હમણાં એ જ અવસ્થામાં છે. મારું સાન્નિધ્ય તને શા માટે સુખકર પ્રતીત થાય છે તે સમજી શકતો નથી. પરંતુ આવનારા દિવસોમાં સમજી શકીશ. આપણા બંને વચ્ચે કેવો સંબંધ છે એ તું નથી જાણતો. પરંતુ હું જાણું છું. તું પોતાનાં પૂર્વજન્મને ભૂલી ચૂક્યો છે. પરંતુ હું તને ભૂલી શક્યો નથી. એ કારણે જ હું અહીં આવ્યો છું. ભજન ગાવા, લોકોને આકર્ષિત કરવા અને ઉપદેશ આપવો એ બધું બાહ્ય નિમિત્ત માત્ર છે. આજે ઘેર જા, કાલે ફરીથી આવજે."

આટલું કહીને તેમણે એને ઘેર મોકલી દીધો. બીજા દિવસે પણ એ હાજર થઈ ગયો. એ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંન્યાસીના વ્યક્તિત્વથી આકર્ષાયો હતો કે એમના ગીતથી મંત્રમુગ્ધ થયો હતો એ નક્કી કરી શક્યો નહીં.

સંન્યાસીની નિયમિત મુલાકાત એ બાળકનો નિત્યક્રમ બની ગયો. કેટલાય દિવસો પછી સંન્યાસીએ બાળકને પ્રશ્ન પૂછ્યો, "શું તું ઈશ્વરને માને છે ? ઈશ્વર વિશે તારી શી ધારણા છે ?"

બાળકે જવાબ આપ્યો, "ઈશ્વર છે એ વિશે મને સંપૂર્ણ વિશ્વાસ છે. કાલી, દુર્ગા, સરસ્વતી, શિવ, વિષ્ણુ આ બધા ઈશ્વરના રૂપો જ છે. એ બધાને લોકો દેવતા માનીને પૂજે છે. એનાથી અધિક ઈશ્વર વિશે અન્ય કોઈ ધારણા નથી ?"

એક બાળક માટે ઈશ્વર સંબંધી એનાથી ગંભીર વાતો કરવાનું સંભવ ન હતું. હિન્દુ ધાર્મિક પરિવારના વાતાવરણમાં ઈશ્વર અને દેવી-દેવતામાં વિશ્વાસ સહજ સંસ્કાર રૂપે રહેલો હોય છે. બાળક જ્યોતિમાં પણ એ સંસ્કાર મોજૂદ હતા. જેના લીધે એણે એવો જવાબ આપ્યો.

મહાપુરુષે કહ્યું, "તારા આ ઉત્તરથી મને સંતોષ થયો નથી. ઈશ્વરને પ્રત્યક્ષ કર્યા વગર એના વિશે યોગ્ય ધારણા કરવાનું સંભવ નથી. હું તને એક ગુપ્ત રહસ્યનો અનુભવ કરાવીશ."

આટલું કહીને એ મૌન બની ગયા અને અનિમેષ નેત્રે એ બાળકને જોવા લાગ્યા. બાળક પણ સ્થિર ભાવે પાસે બેસી રહ્યો. અચાનક આકાશમાં એક દિવ્ય જ્યોતિ પ્રગટ થઈ અને તુરત જ એ બાળકમાં પ્રવેશ કરી ગઈ. આ ઘટના પછી બાળક જ્યોતિમાં અદ્દભુત પરિવર્તન દેખાવા લાગ્યું. એક અવર્ણનીય આનંદ અને ઉલ્લાસ સાથે એની સંપૂર્ણ સત્તા ઓતપ્રોત થઈ ગઈ. જેના સહારે એ 'હું'ના રૂપે પ્રગટ થતો. આ "અહમત્વ"ના લોપ સાથે એના હાથમાં એક અદ્‌ભુત અનુભૂતિનો આવિર્ભાવ થયો. જેનું વર્ણન કરી શકવું સંભવ નથી. એ વખતે એની દૃષ્ટિ જ્યાં અને જેમાં પડતી ત્યાં એને આભાસ થતો કે એ પોતે જ ત્યાં છે. પશુ, પક્ષી, જીવજંતુ, વૃક્ષ, વેલ કોઈ પણ પદાર્થ એ જોતો એમાં એને પોતાનું સ્વરૂપ નજરે પડતું. એને લાગતું કે એક 'હું' જ અનન્ત 'હું'ના રૂપમાં પશુ, પક્ષી, લતા, વૃક્ષ વગેરેનો આકાર લઈને પ્રગટ થયાં છે.

બરાબર એ જ સમયે મંદિરના પ્રાંગણમાં એક બિલાડી આવી. કદાચ મંદિરમાં ભોગ લગાડેલ દૂધના લોભે આવી હોય. એના પર નજર પડતાં જ એ બિલાડી છે એવો અહેસાસ થયો. એક પળ માટે એને લાગ્યું કે એ કદાચ એનો માનસિક વિકાર હોઈ શકે. એ વિચાર આવતાં જ એ બિલાડી તરફ વળ્યો, તેનો સ્પર્શ કરતાં જ એ બિલાડીને જોઈ શક્યો નહીં. એને લાગ્યું પોતે જ બિલાડી છે. તે સમયે એના માનવીય સંસ્કાર ક્ષણભર માટે અલોપ થઈ ગયા. માનવભાવ પણ અલોપ થઈ ગયો અને બિલાડીના સંસ્કાર, પ્રકૃતિ અને પ્રવૃત્તિ એની અંદર જાગ્રત થવા લાગ્યા. માત્ર કલ્પના અને ભાવનાથી જ નહીં વાસ્તવમાં પણ એ બિલાડી બની ગયો.

આ અવસ્થા ઘણો સમય રહી. પછી જ્યારે આ ભાવનું શમન થયું ત્યારે પૂર્વભાવ ફરીથી સ્થાન જમાવી શક્યા. એ પોતે બાર વર્ષનો બાળક છે અને અહીં મંદિરમાં સંન્યાસીનો મધુર સ્વર સાંભળીને આકર્ષાઈ રહ્યો છે એવી સ્મૃતિઓ એના મનમાં તરવા લાગી.

પૂર્વ સ્થિતિમાં પાછા ફર્યા પછી એણે જોયું તો મહાપુરુષ મંદ મંદ સ્મિત વેરી રહ્યા હતાં. તેમણે બાળકને પૂછ્યું, "શું હવે સમજાયું, ઈશ્વર દર્શન કોને કહે છે ? ઈશ્વરદર્શનનું વાસ્તવિક તાત્પર્ય છે આત્મદર્શન, બધી જ વસ્તુઓમાં પોતાનું જ રૂપ જોવું, હું જ સર્વત્ર સમાયેલો છું એવા ભાવે સર્વત્ર આત્માના દર્શન કરવા એ જ ઈશ્વરદર્શનનાં સોપાનો છે.

આ અપૂર્વ દર્શન અને ઉપરોક્ત વિવેચનથી બાળકને ઈશ્વરદર્શન સંબંધી આભાસ મળ્યો અને વિરાટ ચૈતન્યની ન્યૂનાધિક અપુષ્ટ ધારણા થઈ. મહાપુરુષ જેટલા દિવસ ત્યાં રહ્યા એટલા દિવસ બાળક જ્યોતિ એમની પાસે જતો. દરરોજ તેમની કૃપાથી તેને કોઈને કોઈ પ્રકારના અલૌકિક દર્શન થતાં.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એક દિવસ સંગીત પૂરું થયા પછી અંતે બધા લોકો ગયા પછી સંન્યાસીએ બાળકના સૂક્ષ્મ શરીરને આકર્ષિત કરતાં કહ્યું, "ચાલો મારી સાથે." આટલું સાંભળતાંની સાથે જ બાળકનું સૂક્ષ્મ શરીર જાણે સ્થૂળ શરીરથી જુદું પડીને મંદિરના પ્રાંગણમાં પડ્યું રહ્યું. બંને આકાશ માર્ગે ચાલી નીકળ્યા. લાંબુ અંતર કાપ્યા પછી બંને પર્વતની વચ્ચેના રમણીય સ્થાને પહોંચ્યા. આ હિમાલયનું કોઈ ગહન સ્થાન હતું. જ્યાં કોઈ મનોહર આશ્રમ તેમજ મંદિર હતું. મંદિરમાં એક કાલીની પ્રતિમા હતી. પાસે જ એક નદી વહી રહી હતી. અહીં બંને રોકાઈ ગયા.

તે સ્થાનને જોઈને બાળક જ્યોતિની પૂર્વ સ્મૃતિ જાગી ઊઠી અને અનાયાસે તેના મનમાં વિચારો ઊઠવા લાગ્યા કે પાછલા જન્મમાં તેઓ અહીં જ હતા. એ અહીં શું કરતો હતો ? કેવી રીતે રહેતો હતો ? સંન્યાસી કોણ હતા ? તેનો તેમની સાથે શો સંબંધ હતો ? આ સ્થાનેથી તે કેમ ગયો? આ બધી બાબતો એના સ્મૃતિપટલ પર ઊભરાવા લાગી. પછી તેને સમજાયું કે સંન્યાસી પ્રત્યેના કોઈ અપરાધના કારણે જ એને આ અવસ્થા પ્રાપ્ત થઈ હતી અને ભ્રષ્ટ થઈને પુનઃજન્મ લેવો પડ્યો. સંન્યાસી એના ઉદ્ધાર માટે જ ધરતી પર પ્રગટ થયા. તે એ પણ સમજવા લાગ્યો કે જે સંન્યાસી એને હિમાલયના આ આશ્રમમાં લાવ્યા છે અને જેમની કૃપાથી તેની જન્મજન્માંતરની સ્મૃતિ જાગૃત થઈ છે એ જ એના પૂર્વજન્મના ગુરુ છે. તેઓ તેના અત્યંત નિકટતમ અને ઘનિષ્ટ વ્યક્તિ છે. તેમનો સંસારમાં અવતરણનો મુખ્ય ઉદ્દેશ પોતા જેવા બાળકનો ઉદ્ધાર કરી ઊંચો ઊઠાવવાનો છે.

આશ્રમદર્શન પછી જ્યારે બંને મંદિરે પાછા ફર્યા ત્યારે બાળકનું સૂક્ષ્મ શરીર, સ્થૂળ શરીરમાં પ્રવેશ કરી ગયું. ત્યાર પછી એ સૂક્ષ્મ શરીર દ્વારા જોયેલા બધાં જ દૃશ્યોનુ સ્મરણ કરવા લાગ્યો.

તેણે જોયું કે સંન્યાસી મલકાઈ રહ્યા છે. તેમણે કંઈ પણ જણાવ્યા સિવાય જ જાણે પોતાનો પરિચય આપી દીધો હતો. બાળકે કેટલીય વાર તેમના નિવાસસ્થાન વિશે પૂછ્યું પણ એ બાબતમાં તેમણે કોઈ જવાબ આપ્યો નહિ, એમણે એટલું જ કહ્યું કે હું જ્યાં પણ હોઈશ તને જરૂર પડતાં તું મારી સહાયતા પામીશ. ત્યાર પછી બાળકે લોકલોકાંતરોની યાત્રા કરીને નાની વયમાં જ ગૂઢ રહસ્યોનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું.

જો પાત્રતા હોય તો કૃપા ગમે ત્યાંથી પ્રાપ્ત થઈ શકે છે. ક્ષેત્ર ભૌતિક હોય કે આધ્યાત્મિક સર્વત્ર યોગ્યતાની જ પરખ થાય છે. અયોગ્યતા અને કુપાત્રતાની તો ઉપેક્ષા જ થાય છે. પાત્રતા ધરાવતા લોકો જ પદ, પ્રતિષ્ઠા, સહાયતા, સન્માન બધું જ પ્રાપ્ત કરે છે. આપણે પાત્રતા વિકસિત કરીએ, સહાયતા આપમેળે ખેંચાઈને આવશે.

---

વધુ પડતી અહિંસા, ક્ષમા અને દયાને લીધે ભારત દીન, દયનીય અને કાયર બની ગયું હતું. અત્યાચાર સહન કરવાની લોકોને ટેવ પડી ગઈ હતી. આ પરિસ્થિતિઓનો લાભ લઈને મધ્ય એશિયાની ક્રૂર જાતિઓ આક્રમણ કરવા લાગી અને પાશવી અત્યાચાર શરૂ કર્યો. આથી જોતજોતામાં ભારતનો મોટો હિસ્સો દરિદ્ર તથા ગુલામ બની ગયો. ચાણક્યે આ ક્રૂરતાનો મક્કમતાથી વિરોધ કર્યો અને ચંદ્રગુપ્ત તથા સમુદ્રગુપ્ત જેવા યોદ્ધાઓને અનીતિની સામે લડવા તૈયાર કર્યા. આ ઉપરાંત જ્યારે તે ક્રૂર જાતિઓએ માથું ઊંચક્યું તો માળવાના નાના રાજ્યાધિકારી યશોધર્માએ સૂકાન સંભાળ્યું, પ્રજામાં સાહસ રેડ્યું. ભક્તિથી મુક્તિ મળે તે અંગેની ભ્રામક ધારણાઓ પર જોરદાર પ્રહાર કર્યો. તેમણે યોદ્ધા અને ધર્મોપદેશકની બમણી જવાબદારી ઊઠાવવી પડી. જેઓ હકીકતને સમજ્યા તેમણે યશોધર્માને સંપૂર્ણ સાથ આપ્યો અને ચંદ્રગુપ્તના સમય જેવી સ્થિતિ પેદા કરી દીધી. તેણે ક્રૂરતાને હટાવી દીધી. નાના-મોટા તેઓ કેટલાય યુદ્ધો લડયા અને જીત મેળવી. તેમણે સૌથી મોટું કાર્ય ધર્મતંત્રને પરિશુદ્ધ કરવાનું કર્યું. તે કાર્ય સમયની માંગને જોતાં અપેક્ષિત હતું.


Disclaimer / Warning: All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# તમસો મા જ્યોતિર્ગમય

પ્રકાશ એ જ્ઞાનનું પ્રતીક છે, તેથી તે ઉપાસનીય છે. પરમાત્મા પ્રકાશ રૂપે, જ્ઞાન રૂપે સર્વત્ર ફેલાયેલા છે. જે તેને એ રૂપમાં જાણે છે અને ભજે છે તેનું અજ્ઞાન દૂર થાય છે. અજ્ઞાન દૂર થવાથી મનોવિકાર નાશ પામે છે અને કોઈ ગુનાહિત કાર્યો થતાં નથી, પરિણામે તેમને કોઈપણ પ્રકારની યાતના ભોગવવી પડતી નથી. જ્ઞાનીજન પરમાત્માની સૃષ્ટિને મંગલમય રૂપમાં જુએ છે. તેના માટે સૃષ્ટિમાં સર્વત્ર આનંદ જ આનંદ હોય છે.

ભારતીય સંસ્કૃતિમાં દીવાનું (દીપકનું) અસાધારણ મહત્ત્વ આને કારણે જ છે. દીપક જીવનને ઊંચે જવાની, ઊંચે ઊઠવાની અને અંધકારનો નાશ કરવાની પ્રેરણા આપે છે. એટલા માટે દરેક મંગળ કાર્યમાં તેને પ્રગટાવાય છે. કહેવાનો ભાવાર્થ એ છે કે મનુષ્ય પ્રકાશની વ્યાખ્યા સમજે. દુનિયાના છુપાયેલા જ્ઞાનને પોતાના હૃદયમાં પ્રવેશ કરવા દે. જ્યાં સુધી મનુષ્યને જ્ઞાન રૂપી સત્યની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી તેના જીવનનું કોઈ મૂલ્ય હોતું નથી. દીપક કહે છે તમારી અંદર જે પ્રાણતત્ત્વ જલે છે, જે સત્, ચિત્ત અને આનંદરૂપ છે તેને ઓળખો, જાણો અને જીવનના અભાવોને દૂર કરી દો. પ્રકાશમાં બધું જ સાફ અને સ્પષ્ટ દેખાય છે. ભય લાગતો નથી. જ્ઞાનથી મનોવિકાર શાંત થાય છે. એટલા માટે જ્યારે એમ કહેવાય છે કે દીપકની ઉપાસના કરો તો વાસ્તવમાં જ્ઞાનની ઉપાસના કરવાનું કહ્યું છે. જ્ઞાન અર્થાત્ પ્રકાશ જ પરમાત્માનું દિગ્દર્શન સ્વરૂપ છે. તેથી પ્રકાશની પૂજા એ પરમાત્માની જ પૂજા છે.

પ્રકાશ જ એક એવું તત્ત્વ છે જે વિભક્ત થઈને દૃશ્ય અને દૃષ્ટા બની ગયું છે. તે પરમાત્મા પણ છે અને માનવ શરીરમાં રહેલી આત્મચેતના પણ છે. ઋગ્વેદ મંત્રદૃષ્ટા લખે છે-

**અથ કવિરકવિષુ પ્રચેતા -**
**મતેષ્વગ્નિર સૃતો નિ ધાયિ ।**
**સમાનો અત્ર જુહુરઃ સહસ્વઃ**
**સદા ત્વે સુમનસઃ સ્યામ ॥**

**- ઋગ્વેદ ૭/૪/૪**

અર્થાત્- હે પ્રકાશરૂપ પરમાત્મા ! તમે અકવિઓમાં કવિ બનીને મરેલામાં અમર બનીને વસો છો. હે પ્રકાશ સ્વરૂપ ! તમારાથી અમારું આ જીવન દુઃખી ન થાય. અમે હંમેશાં સુખી રહીએ.

વિશ્વમાં ફેલાયેલા પરમ તેજની ગાથા ઋષિઓ અને દાર્શનિકોએ ડગલે ને પગલે ગાઈ છે. માંડૂક્ય ઉપનિષદમાં સૃષ્ટિ અને તેજનો કાર્યકારણનો સંબંધ દર્શાવાયો છે. સૃષ્ટિ ફળ છે તો પ્રકાશ તેનું બીજ છે. બંને એકબીજા સાથે જોડાયેલાં છે. પ્રકાશથી દુનિયા અલગ નથી અને દુનિયાથી પ્રકાશ જુદો નથી. બંને પ્રેમ અને પરમાત્માની જેમ જુદાં જુદાં દેખાવાં છતાં એક છે.

પરંતુ આપણે તે પૂર્ણ પ્રકાશને શા માટે જોઈ શકતાં નથી ? કારણ કે આપણે અંધકાર તરફ જઈ રહ્યાં છીએ. જેમ જ્ઞાનનું પ્રતીક પ્રકાશ છે તેવી રીતે અજ્ઞાનનું પ્રતીક અંધકાર છે. બાહ્યજીવનમાં ખરાબ રીતે ભટકવાનું નામ જ અજ્ઞાન છે. આંતરિક સત્યને પામવાનું છોડીને ભૌતિક સુખ પાછળ દોટ લગાવીએ છીએ. તેને છોડવા જીવ ચાલતો નથી. આમ કરીને આપણે અંધકાર તરફ આગળ વધી રહ્યા છીએ. અંધકારમાં કશું જ દેખાતું નથી. ક્યાંય પથ્થર સાથે ટકરાઈએ છીએ, તો ક્યાંય ઉબડ-ખાબડ રસ્તા પર અથડાઈએ છીએ. ક્યારેક પગમાં કાંટા લાગે છે તો ક્યારેક લપસીને પડી જઈએ છીએ. અંધકારના ગર્ભમાં દુઃખ જ દુઃખ રહેલું છે તેથી તે અનિચ્છનીય, ઘૃણાપાત્ર અને ત્યજવાલાયક છે.

અગ્નિમાં લોઢાના કોઈ ટુકડાને ઓગાળીને અનેક ટુકડામાં વિભાજિત કરવાની કે અનેક ટુકડાને જોડીને એક કરવાની શક્તિ રહેલી છે. કણેકણમાં જીવનને વિખેરવાની અથવા તો તેને ભેગા કરીને એક કરવાનું કાર્ય પ્રકાશ દ્વારા જ થાય છે. તે બાહ્ય અને આંતરિક એમ બંને જગ્યાએ રહેલો છે પણ તેનું બાહ્ય સ્વરૂપ સ્થૂળ અને ભ્રામક હોવાથી તે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અંધકાર કહેવાય છે અને તેનાથી બચીને ચાલવાનું કહેવામાં આવ્યું છે. તેમાં વસ્તુઓનું સ્વરૂપ બદલાય છે, સ્થિરતા નથી હોતી પણ આર્કષણ થાય છે, તેથી મનુષ્ય તેની તરફ જલદી આકર્ષિત થાય છે પરંતુ જ્યારે એનું રૂપ બદલાઈ જાય છે ત્યારે તેને દુઃખ થાય છે. પરંતુ જે આંતરિક સ્વરૂપ છે તે અપરિવર્તનશીલ અને ચિરસત્ય છે. તેને મેળવવાથી પરિવર્તનશીલ દુનિયાના સુખ તો ભોગવવા મળે જ છે, પરંતુ તેમા આસક્તિ ન હોવાને કારણે દુઃખનો અનુભવ થતો નથી. સામાન્ય દૃષ્ટિએ તો તેના કાર્યો પણ સામાન્ય લોકો જેવાં જ હોય છે, પરંતુ આંતરિક દૃષ્ટિથી તે પૂર્ણ શાંત, સ્થિર ચિત્ત તથા પૂર્ણ આનંદની દશામાં હોય છે. પ્રકાશને કારણે તે અજ્ઞાનજનક કાર્યોમાં ભટકતો નથી.

સાંસારિક ભોગોને અજ્ઞાન કહેવામાં આવ્યા છે. તે અસ્થિર હોય છે. તેનું રૂપ બદલાતું રહે છે. જે તેની પાછળ પાછળ ભાગે છે તેમને જાત જાતના નાચ નાચવા પડે છે, છતાં પણ આંતરિક પ્યાસ છીપતી નથી. સૂરજથી ઊલટી દિશામાં પડછાયા પાછળ ભાગવાથી પડછાયો તો હાથમાં નથી આવતો પણ સૂરજ પણ દૂર રહી જાય છે. પરંતુ જ્યારે સૂરજ તરફ આગળ વધીએ તો રસ્તો પણ સાફ નજરે પડે છે, સૂરજની નિકટતા અનુભવાય છે અને ભોગરૂપી પડછાયો પાછળ પાછળ ચાલવા લાગે છે. જેવી રીતે પ્રકાશના અભાવમાં માર્ગ ભૂલાઈ જાય છે તેવી રીતે આત્મજ્ઞાનના અભાવમાં ઈશ્વર પ્રાપ્તિ થઈ શકતી નથી. એટલા માટે પ્રાર્થના કરવામાં આવે છે-

**તવ ત્રિધાતુ પૃથિવી ઉવદ્યોવેશ્વાનર**
**વ્રતમગ્ને સચન્ત ।**
**ત્વમ્ ભાસા રોદસી**
**અતન્થાજસ્ત્રેણ શોચિષા શોશુચાનઃ ॥**

**- ઋગ્વેદ ૭/૫/૪**

અર્થાત્- હે વૈશ્વાનર દેવ ! આ પૃથ્વી, અંતરિક્ષ તથા પાતાળ તારું જ અનુશાસન સ્વીકારે છે. તું પ્રકાશ રૂપે પ્રગટ થઈને સર્વત્ર ફેલાયેલ છે. તારું તેજ જ સર્વત્ર પ્રકાશિત થઈ રહ્યું છે, અમે કદી તને ન ભૂલીએ.

તે સત્યને ભૂલી ન જઈએ એ માટે ઈશ્વર ઉપાસનાની જરૂરિયાત છે. તે સામે હશે તો જીવનમાં અંધકારનો પ્રવેશ થશે નહીં. કામ, ક્રોધ, લોભ, મોહ, મન, સંતાપ, ચિંતા, અશક્તતા, આળસ વગેરે તે પ્રકાશને જોઈને દૂર ભાગી જાય છે. તે જ્યાં રહે છે ત્યાં દુઃખ કે દરિદ્રતા રહેતી નથી, દુર્બળતા દૂર થાય છે. આસક્તિ હેરાન કરતી નથી. કર્તવ્ય જ તેનું જીવન બની જાય છે. તે નિર્ભય બનીને જીવે છે.

સમર્પણ, દીપદાન અથવા આરતીની ભાવના પાછળ આ આત્મદાનની જ જાગૃતિ રહેલી છે. હું જે કંઈ છું તે તાત માટે જ છું, તને સમર્પિત છું એવી ભાવના ઈશ્વરની આરતીમાં રહેલી છે. આ જે પ્રકાશ છે તેને હાથ દ્વારા મોં અને મગજમાં ધારણ કરવામાં એક જ હકીકત સમાયેલી છે કે તારું તેજ અમારાથી દૂર ન રહે. તું મારામાં ઓતપ્રોત રહે. મારામાં તેજ બનીને મારું માર્ગદર્શન કરતો રહે. આ મંગલ ભાવના બૂરાઈઓથી બચાવનારી અને ક્લેશથી છોડાવનારી છે.

પ્રકાશની અંતઃચેતનામાં સત્ય અને ચેતનાની સાથોસાથે સૌંદર્ય પણ છે. અજ્ઞાન આંધળું અને કુરૂપ છે. પ્રકાશ તેના પર હંમેશાં શાસન કરે છે. વ્યાવહારિક જીવનમાં પણ જ્ઞાનીઓ જ અજ્ઞાનીઓ પર વિજય મેળવે છે. જ્ઞાનનો સર્વત્ર આદર થાય છે. સૌંદર્ય બધાંને મધુર અને પ્રિય લાગે છે. બધાં તેની તરફ આકર્ષાય છે અને તેની નિકટતા કેળવવાનું દરેકને મન થાય છે. પોતાના આ રૂપમાં તે લૌકિક સુખોનો દાતા પણ બની જાય છે.

આપણા માટે કોઈપણ રૂપે પ્રકાશ જરૂરી છે. તેના અભાવમાં સાંસારિક દુઃખો હંમેશાં હેરાન કરશે. મદ, મોહ અને ક્રોધ પરેશાન કરશે. જો આમ થાય તો પરમાત્માની આ સૃષ્ટિ દુઃખદ બની જશે અને મનુષ્ય જન્મ મેળવવાનો કોઈ ઉદ્દેશ રહેશે નહીં. પરમાત્મા મંગલમય છે તેની સૃષ્ટિ પણ મંગલમય છે. આ મંગલમય જગતમાં સુખો ભોગવવા માટે આપણે આકાશમાંથી ઉતરીને આવ્યા છીએ તેથી અંધકાર તરફ ન જતાં પ્રકાશ તરફ ગતિ કરવી જરૂરી છે. ત્યારે જ આ પ્રકાશ આનંદ બનીને જીવનમાં ઓતપ્રોત થઈ જાય છે. એટલા માટે આપણે **"તમસો મા જ્યોતિર્ગમય"**ની ઉપાસના (પ્રાર્થના) કરીએ છીએ.

* * *



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મારું આત્માવલોકન

હું પોતાને જોઈને ખૂબ ખુશ થયો. સૃષ્ટિના વિભિન્ન પ્રાણીઓ, વૃક્ષ વનસ્પતિઓની વચ્ચે સ્વયંને ગૌરવશાળી બુદ્ધિથી પરિપૂર્ણ પામીને હું ગૌરવાન્વિત થઈ ઊઠ્યો, વિચારવા લાગ્યો કે આ બૌદ્ધિક વિશેષતાએ જ મને વિશિષ્ટ બનાવ્યો છે. આ જ કારણસર સૃષ્ટિના પ્રાણીઓ જ નહિ સમગ્ર પ્રકૃતિ મારું અનુગમન કરવા માટે વિવશ છે. ખરેખર હું ભગવાનનો રાજકુમાર પરમાત્માનો પુત્ર કેટલો ભાગ્યવાન છું ! મને મનુષ્યજીવન મળ્યું છે. એવું જીવન જેમાં અસીમ શક્તિ છે, વિકાસની અનંત સંભાવનાઓ નિહિત છે. દેવતાઓ પણ આ સૌભાગ્ય પ્રત્યે ઈર્ષ્યા સેવે છે કે મને વિચારશીલ પુરુષાર્થનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, પરંતુ દુર્ભાગ્યની વાત છે કે...

મારા આ સૌભાગ્યશાળી મનુષ્યજીવનમાં એક નહિ નવ એવા અવસરો આવ્યા જ્યારે મેં પોતાની મહાનતાને ક્ષીણ થતી જોઈ અને પોતાની જાતને ક્ષુદ્ર બનતા જોઈ. એ વખતે હું સંસારમાં પોતાની સફળતા, યશ, કીર્તિ તેમ જ પ્રતિષ્ઠા વધારવાના હેતુથી બૌદ્ધિક વિચારશીલતાને કુટિલતાપૂર્ણ વિચારહીનતામાં બદલવા તત્પર થઈ ગયો. મેં છળ-પ્રપંચ પૂર્ણ એવા એવા કાર્યો કર્યાં જેનાથી મારી મહાનતા ક્ષુદ્રતામાં બદલાઈ ગઈ, એટલું જ નહિ એ બધા ક્ષુદ્ર સ્વાર્થોની પૂર્તિ માટે હું પરમાત્માને બદલે મનુષ્યને પ્રાર્થના કરવા લાગ્યો. દરેકની સામે દીનહીન બનીને કરગરવા લાગ્યો. ક્ષુદ્રતાનો અવસર મારા જીવનમાં આ રીતે આવ્યો, જ્યારે અધિક શક્તિયુક્ત વ્યક્તિઓ સામે હું દીનહીન બન્યો, પરંતુ મારાથી અશક્ત અને આશ્રિત લોકો સામે હું અહંકાર અને ઘમંડ ભરી વાતો કરતો હતો. મારી શક્તિ મારા વિકાસ માટે નહીં પણ દુર્બળો-નિર્બળો પર ધાક જમાવા માટેનું સાધન હતી.

પોતાના કર્તવ્યનિર્વાહ માટે, કાંટાળા માર્ગ પર ચાલીને કષ્ટ સહીને પણ કર્તવ્યપૂર્તિ કરવી અથવા સરળ સુગમ માર્ગ અપનાવીને અસ્થાયી સુખ પ્રાપ્ત કરવાના આ બે માર્ગોમાંથી જ્યારે મેં સસ્તા સુખનો માર્ગ સ્વીકાર્યો અને કર્તવ્ય-પરાયણતા બિલકુલ ભૂલી ગયો ત્યારે મને ત્રીજી વાર ક્ષુદ્રતાનો આભાસ થયો.

મારા જીવનમાં ચોથો ક્ષુદ્રતાનો અવસર અપરાધ કરીને પ્રાયશ્ચિત કરવાનું ટાળી, આત્માના અવાજને દબાવી દીધો ત્યારે આવ્યો. બીજાં પણ આવું જ કરે છે. આ તો આજની પરિસ્થિતિમાં સામાન્ય શિષ્ટાચાર બની ગયો છે. એમાં શોક શા માટે કરવો ? આ જુઠ્ઠી પ્રતિષ્ઠા અને છદ્મ અહં ભાવનાથી આત્માની જ્યોતિ ધીમે ધીમે મંદ પડવા લાગી. પ્રકાશના માર્ગે જવાના બદલે જીવન અંધારામાં ભટકવા લાગ્યું.

જ્યારે મેં મનની વાતો સહન કરીને માફ કરી દીધી. મનને બુદ્ધિ પર કબ્જો જમાવવા દીધો, એટલું જ નહિ મેં કલ્પનાઓ, તરંગો અને મનની સપાટી પર ઉભરાતા પ્રયોજનહીન આત્માનો અવાજ ગણી લીધો ત્યારે આ ક્ષુદ્રતાને કારણે હું આત્મસત્તાની દિવ્યતાની અવહેલના કરી બેઠો. એ મારા જીવનની ક્ષુદ્રતાની પાંચમી ક્ષણ હતી.

જ્યારે મેં કુરુપને ઘૃણાની દૃષ્ટિએ જોયો એટલું જ નહિ એ જ ક્ષણોમાં મેં અસહાયોને, અપંગોને પણ અવહેલના અને ઉપેક્ષાની નજરે જોયા, હું એ ન સમજ્યો કે ઘૃણા જ કુરુપતાનું સ્વરૂપ છે અને સ્નેહ સૌંદર્યનું, હું સર્વથા ભૂલી બેઠો કે સૌંદર્યના સર્વ ભાવો પ્રેમમાંથી ઉપજે છે. આ મારી ક્ષુદ્રતાનો છઠ્ઠો અનુભવ હતો.

કોઈની પ્રશંસા પામીને જ્યારે હું પોતાની જાતને મહાન ગણવા લાગ્યો ત્યારે બીજાની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રશંસાને જ હું મારી સારાપણાની કસોટી માની બેઠો એ મારી ક્ષુદ્રતાની સાતમી ઘડી હતી. આ વખતે મારી વિવેકની આંખો બંધ થઈ ગઈ. મેં મારા જીવનની દોરી, જે પોતે જ ગુમરાહ હતા એવા લોકોના હાથમાં સોંપી દીધી અને હું પણ રસ્તો ભૂલેલો એમની પાછળ ચાલવાની તૈયારી કરવા લાગ્યો અને જ્યારે 'સ્વ'નું ઓછું અને બીજાનું વધારે અવલોકન કરવા લાગ્યો, બીજાના દોષો દુર્ગુણોને ચકાસવામાં, પારખવામાં અને છિદ્રાન્વેષણ કરવામાં સ્વધર્મને ભૂલ્યો, એ મારા જીવનની આઠમી ક્ષુદ્રતા હતી.

વિપત્તિમાં જ્યારે મેં આત્મવિશ્વાસ ગુમાવીને 'યાચના'નો માર્ગ અપનાવ્યો અને ભૂલી ગયો કે હું સર્વસમર્થ સમસ્ત સૃષ્ટિને પોતાના ઈશારા પર ચલાવનારા પરમેશ્વરનો હું પ્રિય પુત્ર છું અને એનાથી હું વિમુખ થતો ગયો એ મારી ક્ષુદ્રતાની નવમી ઘડી હતી.

આ રીતે નવ અવસરો વખતે મેં પોતાને ક્ષુદ્ર બનતો જોયો. આ બધું મારી વિચારહીનતાના કારણે થયું. જ્યારથી સદબુદ્ધિ તેમજ વિવેકનો મહિમા સમજ્યો છું ત્યારથી વિચારું છું કે પરમપિતા પરમેશ્વરે આપેલા આ જીવનમાં એવું કોઈ કામ ન રહે જે મને અધિક ક્ષુદ્ર બનાવે. આ તત્ત્વને સમજીને પોતાની ક્ષુદ્રતાઓમાંથી મુક્ત થઈ પરમાત્માના ગૌરવશાળી પુત્ર બનીને જીવન જીવવાના પ્રયત્નોમાં લાગી ગયો છું. શું મારા આ પ્રયત્નોમાં આપ પણ મારી સાથે ચાલશો ?

**દેવીદેવતાઓના નામ પર પ્રચલિત અંધવિશ્વાસોમાં પશુબલિ મુખ્ય છે. આની જંજાળમાં અનેક લોકો ફસાતા જોવા મળે છે.**

રાજા કુમારપાળ પ્રજાપ્રિય રાજા હતા. તેમના ગુરુ હેમચંદ્રાચાર્ય હંમેશાં ઉચ્ચ કક્ષાની સલાહ આપતાં રહેતાં. તે રાજ્યમાં દશેરાના દિવસે દેવી પર પશુબલિ ભારે ધામધૂમપૂર્વક આપવામાં આવતો હતો. તે દિવસે સેંકડો પશુઓનો વધ કરવામાં આવતો હતો.

ગુરુએ રાજાને આ કુપ્રથા બંધ કરવાનું કહ્યું. રાજાએ કહ્યું કે પ્રજા આ માટે તૈયાર થશે નહીં. તેમને હું કેવી રીતે મનાવી શકું. પ્રજાને સમજાવવાની જવાબદારી ગુરુએ પોતાના માથા પર લીધી.

પ્રજાજનો પશુઓને શણગારીને બલિ માટે લઈ આવ્યા. ગુરુદેવે તે બધાને એકત્ર કરીને કહ્યું કે દેવી તો બધાની માતા છે. તેને પશુઓની બલિ આપવાથી નારાજ થઈ જશે.

પ્રજાજનોએ એક જ અવાજમાં કહ્યું કે દેવી બલિ ઇચ્છે છે અને બલિથી પ્રસન્ન પણ થાય છે. જો એમ ન હોત તો આપણે આ પ્રથા કેમ ચલાવતા હોત ?

ગુરુદેવે કહ્યું કે તમારા કહેવામાં કેટલું સત્ય છે તેની વાસ્તવિકતા હમણાં જ ચકાસી લઈએ. આમ જણાવીને બલિ માટેના બધા પશુઓને દેવીના મંદિરમાં પૂરી દીધા. સવાર થતાં દરવાજો ખોલ્યો અને જોવામાં આવ્યું કે કેટલા પશુઓનું દેવીએ ભક્ષણ કર્યું છે.

પરંતુ દરવાજો ખોલીને તેમની ગણતરી કરતાં બધા પશુઓ યથાવત્ જણાયા. ગુરુદેવે હાજર રહેલા લોકોને સંબોધન કરતાં કહ્યું કે દેવીએ એક પણ પશુનું ભક્ષણ કર્યું નથી. તેમને પોતાના પ્યારા પુત્રો સમજીને છોડી દીધા છે. તો પછી તમે બધા જીવહત્યા કેમ માથે લો છો ?

ગુરુજીના કથન પર બધા પ્રજાજનો સંતુષ્ટ થયા. પશુબલિ થતો અટકી ગયો અને પ્રજાજનો પણ નારાજ ન થયા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આનંદની દેવી

આજકાલ તે દ્વિધામાં હતો. પોતાના જીવન માટે કયો માર્ગ સ્વીકારવો તેને તે નક્કી કરી શકતો ન હતો. તેના મિત્રો, સંબંધીઓ, કુટુંબીજનો બધા જ પોતાની ચાલાકી અને ચતુરતાથી ભરપુર ઐશ્વર્યવિલાસનો ઉપભોગ કરી રહ્યા હતા અને એને પણ ભોગવિલાસના માર્ગે જવાનો આગ્રહ કરી રહ્યા હતા. મિત્રોએ સલાહ આપી, "તું યુવાન છે, તારામાં ભરપૂર સાહસ છે, શારીરિક સૌંદર્યની દૃષ્ટિએ પણ તું દેવકુમાર લાગે છે. ગ્રીસની સુંદરીઓમાં તારા વિશે ઘણી કિંવદન્તિઓ પ્રચલિત છે. તે બધા તને મેળવવા ઈચ્છે છે. તારી પાસે પૂર્વજોની અખૂટ સંપત્તિ છે. યશસન્માન અને વૈભવવિલાસથી ભરેલા આ જીવનનો ભરપૂર ઉપયોગ કર."

પરંતુ કોણ જાણે કેમ તેને એ સલાહ ગમી નહીં. તેનું મન કોઈ અજાણ ભયથી કંપી ઊઠતું. તેને લાગતું કે આ બધાએ બતાવેલો માર્ગ જીવનને નષ્ટ કરી દેનારો છે. માનવજીવન તો સુખભોગથી ઉપર છે. પરંતુ કેવી રીતે એ તેને સમજાતું ન હતું. તેની સામે અકળ સમસ્યા હતી. જેનો ઉકેલ તે શોધવા માગતો હતો. પણ એ જડતો ન હતો. ઉદ્વેગ, વ્યાકૂળતા અને ઘેરી દ્વિધાની આ મનોદશામાં એ ઘર છોડીને એકાંતમાં ચાલ્યો ગયો.

એકાંતની આ ક્ષણોમાં એ દેવસત્તાઓની આરાધનામાં તલ્લીન થઈ ગયો. દિવસો વિતતા તેની તલ્લીનતા પણ વધતી ગઈ. એક રાત્રે તેની સામે બે જ્યોતિ પુંજ પ્રગટ થયા, જે થોડા જ સમયમાં બે દેવીઓમાં ફેલાઈ ગયા. બંને દેવીઓ અત્યંત સુંદર હતી, જ્યોર્તિમય હતી. બંને એકબીજાને ઠેલીને આગળ આવી અને તેને સંબોધીને બોલવા લાગી.

પહેલી દેવી બોલી, "તું કઈ ચિંતામાં પડ્યો છે. તું મારું અનુસરણ કર. હું તને સંસારની બધીજ ચિંતાઓથી મુક્ત રાખીશ. હું તને એશઆરામભરી દુનિયામાં લઈ જઈશ. તને કોઈ વસ્તુનો અભાવ નહિ રહે. ખાવા માટે એકએકથી ચઢિયાતી વાનગીઓ હશે. પહેરવા માટે અસાધારણ વસ્ત્રાલંકાર, રહેવા માટે ભવ્ય મહેલો હશે. સૂવા માટે મખમલી ગાદલા અને રત્નજડિત પલંગ હશે. મહેલની ચારેબાજુ સુંદર બાગબગીચા હશે, સમગ્ર વાતાવરણ સુગંધિત અને સોહામણું હશે. તું મારું અનુસરણ કર. હું તને સંસારના દુઃખદારિદ્રયથી મુક્ત રાખીશ."

દેવીની સલાહ પર તે મલકાયો. આ સલાહ તેના મિત્રોકુટુંબીઓની સલાહ જેવી હતી. હા, અત્યારે પહેલાં કરતાં વધુ ચમત્કારિક તેમ જ આકર્ષક રૂપે પ્રસ્તુત કરવામાં આવી હતી. થોડી વાર ચૂપ રહ્યા પછી તેણે દેવીને તેનું નામ પૂછ્યું. જવાબમાં દેવીએ કહ્યું, "ઐશ્વર્યના અભિલાષી તો મને 'સુખની દેવી'ના નામે ઓળખે છે. પરંતુ કેટલાક માથા ફરેલા દાર્શનિકો અને કંગાલ ફકીરો મને 'વિલાસની દેવી' કહે છે."

એટલામાં બીજી દેવી પણ આવી ગઈ. એના જ્યોર્તિમય સૌંદર્યમાં માતૃત્વનો પ્રકાશ ઝળકી રહ્યો હતો. વાત્સલ્ય અને મમત્વભર્યા સ્વરોમાં તેણે તેને સંબોધિત કરતાં કહ્યું, -"બેટા, હું જાણું છું કે તું જીવનના એક મહત્ત્વપૂર્ણ વળાંક પર ઊભો છે અને પોતાનો રસ્તો શોધી રહ્યો છે. તું મારું અનુસરણ કર. હું તને જીવનના સાચા અને આત્મિક આનંદની દુનિયામાં લઈ જઈશ."

ત્યારે પહેલી દેવીએ કહ્યું, "સાવધાન યુવક, આ ભલીભોળી વાતોમાં ભરમાઈશ નહીં, એ માર્ગ અત્યંત દુર્ગમ અને લાંબો છે. મુશ્કેલીઓ અને પડકારોથી ભરેલો છે. એની સરખામણીમાં મારો માર્ગ અત્યંત સરળ અને ટૂંકો છે."

"બેટા હરક્યૂલિસ !" આ વખતે ન જાણે કેમ બીજી દેવીએ તેને તેના નામથી સંબોધિત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કર્યો. પ્રેમપૂર્ણ સ્વરોમાં એ કહી રહી હતી, "વાસ્તવિક સુખ માટે સંસારનો કોઈ માર્ગ લાંબો કે ટૂંકો નથી, અઘરો કે સહેલો નથી. પરિશ્રમ વગર, દુઃખ વેઠ્યા વગર સહેલાઈથી મળતી વસ્તુનું મૂલ્ય સમજાતું નથી. ઈશ્વરે દરેક વાસ્તવિક સુખ અને આનંદની કિંમત નક્કી કરી રાખી છે. જે મનુષ્યે પરિશ્રમ અને કષ્ટ સહિષ્ણુતાના રૂપે ચૂકવવી પડે છે. જે ક્ષેત્રમાં તમે પ્રસિદ્ધિ પામવા માગતા હોય એમાં તમારે પ્રામાણિકતા અને ચિવટથી વળગી રહેવું પડે. તમારા માર્ગમાં મુશ્કેલીઓ આવશે, અવરોધો આવશે પણ તમારે સાહસ અને ધૈર્યથી બધાનો સામનો કરવો પડશે. આ જ શરતો પર હું તને વાસ્તવિક સુખ અપાવી શકું.

પોતાની વાત આગળ ચલાવતાં એણે કહ્યું, "હરક્યૂલિસ, તું કયું સુખ મેળવવા માગે છે. ભૂખ વગર ભોજન, તરસ વગર પાણી, થાક વગર આરામ, ઊંઘ વગર શયન અને અનિચ્છાએ ભોગ વડે તું કયા સુખની અનુભૂતિ કરી શકીશ ? તમારી યુવાન પેઢી સુખના સપનામાં પોતાનું આયુષ્ય નિષ્ક્રિયપણે વિતાવી દે છે. કોઈપણ પરિશ્રમ વિના, કષ્ટ પામ્યા વિના બધું મેળવી લેવા માગે છે. પરંતુ તેમને શું મળે છે ? -નિષ્ફળતા, નિરાશા, હતાશા, દુઃખ, પીડા અને યાતના. હું સજ્જનોની પરમ મિત્ર, સાચા મિત્રોની સહયોગી અને શ્રમશીલોની અધિષ્ઠાત્રી તેમ જ સંરક્ષક છું. મારા અનુયાયિઓની આગતાસ્વાગતા સ્વાદિષ્ટ હોવા છતાં ખર્ચાળ હોતી નથી. કારણકે ભૂખ લાગે ત્યારે જ તેઓ ખાય છે અને તરસ લાગે ત્યારે જ તેઓ પાણી પીએ છે. તેમને પથ્થરો પર પણ ઊંઘ આવી જાય છે. કારણકે તેઓ કઠોર પરિશ્રમ દ્વારા જ પોતાનું ગુજરાન ચલાવે છે. ઊંઘમાંથી ઊઠે ત્યારે તેમની પ્રસન્નતા ઈર્ષ્યાની ચીજ હોય છે. આત્મસંતોષ તેમની સ્વાભાવિક સંપત્તિ હોય છે. કારણકે પોતાની ક્ષમતાઓને તેઓ લોકકલ્યાણમાં લગાડે છે."

આ દેવીની વાતોમાં હસક્યૂલિસને પોતાની સમસ્યાનું સમાધાન મળી ગયું. દેવીના માતૃત્વ તેમજ વાત્સલ્યભર્યા કથનની નિર્મળતામાં ઉદ્વિગ્નતા, હેરાનગતિ અને દ્વિધા ગાયબ થઈ જાય છે. તેણે બીજી દેવીને એનું નામ પૂછ્યું. દેવીએ કહ્યું, "લોકો મને આનંદની દેવી કહે છે."

દેવીના આ ઉત્તરની સાથે જ હરક્યૂલિસને પોતાના જીવનનો માર્ગ મળી ગયો. તેણે 'આનંદની દેવી'નું અનુગમન કર્યું અને લોકહિતમાં એવાં એવાં અસંભવ અને દુષ્કર કાર્યો કર્યાં જેનાથી તે દુનિયામાં અમર થઈ ગયો. હજી પણ ગ્રીસમાં માન્યતા છે કે હરક્યૂલિસ પર દેવતાઓની અસીમ કૃપા હતી અને અસંભવને સંભવ કરી બતાવવાની પોતાની પ્રવૃત્તિના કારણે આજે પણ કઠોર કે શ્રમસાધ્ય કાર્યને 'હરક્યૂલિયન ટાસ્ક' કહેવામાં આવે છે.

પાન પીળું થયું અને ખરી જઈને નીચે પડયું. જોનારાઓએ તેને પાનનો દોષ અને દુર્ભાગ્ય ગણાવ્યું, પરંતુ આની પાછળનું કારણ વૃક્ષનો દોષ સમજવામાં આવ્યો હતો. જો વૃક્ષના મૂળ સમર્થ રહ્યા હોત તો, પાનનું જોડાણ ઢીલું બન્યું ન હોત અને તે કસમયે પોતાના પરિવારથી વિમુખ થઈને જમીન પર ધૂળ ચાટતું ન રહેત, પરંતુ વૃક્ષમાં પ્રવેશેલી વિકૃતિને કોણ દોષ આપે, પાનને જ દોષ આપવાનું ઠીક માની લેવું એ જગતનો રિવાજ છે. પરિવારમાં કોઈના શ્રેયપતનને માટે દોષ આપવામાં સમગ્ર તંત્ર જ જવાબદાર ગણવામાં આવે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સવિતાની સ્વર્ણિમ પ્રકાશસાધના સરળ અને નિરુપદ્રવી

વૃક્ષ અને વનસ્પતિઓની જેમ મનુષ્ય જીવનની એક મુખ્ય આવશ્યકતા પ્રકાશની છે. પ્રકાશની સાથે ગરમી પણ જોડાયેલી છે. બંનેના સમન્વયથી જ વિસ્તાર અને હલનચલનનો લાભ મળે છે. એના અભાવે જડતા છવાઈ જાય છે અને વિકાસ વિસ્તારનો ક્રમ અટકી થઈ જાય છે. સૂર્યમંડળને જ લઈએ તો દૂરવર્તી નેપ્ચ્યૂન, પ્લુટો, યુરેનસ જેવા ગ્રહો અને તેમના ઉપગ્રહો સૂર્યપ્રકાશનો એવો લાભ નથી પામતા જેવો પૃથ્વી વગેરે પામે છે, તેથી જ ત્યાં ઠંડી ચરમસીમાએ છે. ત્યાં વનસ્પતિ કે જીવસૃષ્ટિ નથી. તેમની ગતિ પણ ધીમી છે. દિવસે એટલે કે પ્રકાશમાં પ્રાણીઓ અને વનસ્પતિઓ ગતિશીલ રહે છે તથા વિકસિત થાય છે. જ્યારે રાત્રિના અંધારામાં સર્વત્ર સન્નાટો છવાયેલો રહે છે અને પ્રગતિના દરેક ક્ષેત્રમાં સ્થગિતતાનો અનુભવ થાય છે.

સૂર્યને જીવન કહેવાય છે. પ્રકાશનો મુખ્ય સ્રોત એ જ છે. વૈદિક રજૂઆતમાં એને જ જગતનો આત્મા ગણવામાં આવ્યો છે. પુરાણોમાં આદિત્યને પતિ અને પૃથ્વીને પત્ની રૂપે વર્ણવવામાં આવ્યાં છે અને પ્રાણીઓની ઉત્પત્તિ આ જ બંનેના સુયોગથી સંભવ ગણવામાં આવી છે. આ હકીકતનું સમર્થન હવે આધુનિક સંશોધનના કારણે અને વિજ્ઞાનવેત્તાઓએ પણ કરી દીધું છે. તેમના મત પ્રમાણે ધરતી પર જીવનનું અવતરણ સ્થાનિક રાસાયણિક સંપત્તિની સાથે ઉર્જાનું સંમિશ્રણ થવાથી જ સંભવ બન્યું છે. જો આ સુયોગ ન બન્યો હોત તો પછી નેપ્ચ્યૂન, પ્લૂટો વગેરે ગ્રહોની જેમ ધરતી પણ શૂન્ય ઉષ્ણતામાનની નીચેની સ્થિતિમાં રહીને નિર્જીવ બની રહી હોત. એ સૂર્ય પ્રકાશની ઉર્જા જ છે જે ધરતીને શસ્ય-શ્યામલા બનાવી બધાં જ સજીવોને સલામત રાખે છે.

પ્રકાશ અને ગરમી સૂર્યની બે મુખ્ય વિશેષતાઓ છે. આ બંને પરસ્પર આધારિત છે. પ્રકાશ દેખાવમાં સફેદ અને ચમકીલો હોય છે. પણ ભૌતિકશાસ્ત્રીઓએ શોધ્યું છે કે એના અંતરાળમાં કેટલીક વિશિષ્ટ શક્તિધારાઓનો સમૂહ રહેલો છે. જેમને કલર કે રંગ કહે છે. સૂર્ય કિરણોનું વિશ્લેષણ કરતાં એને સાત વિશેષતાઓથી યુક્ત સાત રંગોના રૂપે જોઈ શકાયો છે કારણકે સૂર્યકિરણોમાં સાત રંગો છે. તેથી જ ગાયત્રીના દેવતા સવિતાને સાત અશ્વોના રથ પર સવાર થઈને પરિભ્રમણ કરતા દર્શાવાયા છે. સૂર્યના પ્રકાશકિરણો જ્યારે સાત રંગો રૂપે જ્યારે ધરતી પર ઉતરે છે ત્યારે એ બધા પોતાની વિશેષતાથી યુક્ત હોય છે. એ બધાનો આપણા શરીર અને મન પર જુદો જુદો પ્રભાવ પડે છે. પદાર્થો પણ જે કિરણોને શોષે છે એવા જ રંગના દૃષ્ટિગોચર થવા લાગે છે. વાસ્તવમાં માનવીય આંખોની ક્ષમતા સીમિત હોવાથી પ્રકાશ સફેદ જ દેખાય છે. એમાં રહેલા સાત રંગો જોઈ શકાતા નથી, જે સપ્તવર્ણી ઇન્દ્રધનુષ્ય રૂપે ક્યારેક ક્ષિતિજ પર દૃષ્ટિગોચર થાય છે. પ્રિઝમ દ્વારા બનેલા સ્પેક્ટ્રમ-વર્ણક્રમમાં પણ આ જ રંગો પ્રતિબિંબિત થાય છે.

સૂર્ય કિરણોના માધ્યમથી ધરતી પર આવનારા સાત રંગોને સપ્ત અશ્વ કહેવાય છે. જે રથ ઉપર સવાર થઈને પરિભ્રમણ કરે છે એવું વર્ણવાયું છે. સૂર્યોપનિષદ, સૂર્યપૂરાણ વગેરે આર્ષગ્રંથોમાં એનું વિસ્તૃત વિવેચન રજૂ કરવામાં આવ્યું છે. કૂર્મ પુરાણમાં સૂર્યની અમૃતમયી રશ્મિઓનું વિસ્તારપૂર્વક વર્ણન કરતાં દર્શાવાયું છે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કે કયા ગ્રહો કયા કયા કિરણો દ્વારા તૃપ્ત થાય છે. સામ્બપુરાણના સાતમા અધ્યાયમાં સૂર્યકિરણોનો વિસ્તૃત ઉલ્લેખ છે. એ અનુસાર સૂર્યના શ્વેત પ્રકાશમાં હજારો કિરણો છે જેમાંથી ત્રણસો દેવલોક પર, ત્રણસો પૃથ્વી પર અને ચારસો કિરણો ચાન્દ્રમસ નામના પિતૃલોક પર પ્રકાશ ફેલાવે છે. એમાંથી ચારસો કિરણો જળ વરસાવે છે. ત્રણસો કિરણો ઠંડી ઉત્પન્ન કરે છે. આ જ કિરણો વડે ઔષધિઓ પ્રાણવાન બને છે. આગળ જણાવ્યું તેમ આ પ્રકાશ કિરણો સર્વવ્યાપક છે. એમના જ કારણે રાતદિવસ, ઠંડીગરમી, વરસાદ વગેરેનું વાતાવરણ સર્જાય છે. સમસ્ત ગ્રહ તથા નક્ષત્રમંડળ સૂર્યકિરણોમાંથી ઉત્પન્ન થાય છે અને તેમનામાં જ પ્રતિષ્ઠિત-સમર્પિત રહે છે.

સૂર્યના સહસ્ત્ર રંગોવાળા પ્રકાશ કિરણોમાં સાત રંગો મુખ્ય છે. સાત વાર, સાત રસ, સાત સ્વર, સાત રૂપ, સાત ધાતુ વગેરે સપ્તવર્ણી કિરણોના આધારે પ્રતિષ્ઠિત છે. સૂર્યચિકિત્સા વૈજ્ઞાનિકોએ આ સપ્તવર્ણી કિરણોનો સંબંધ સાત દિવસો તેમ જ એનાથી સંબંધિત ગ્રહમંડળો તથા તેમના રંગો સાથે સ્થાપ્યો છે. આ રીતે સૂર્યનો સંબંધ રવિવાર સાથે છે, જેનો રંગ લાલ દર્શાવાયો છે. સોમવારનો સંબંધ ચંદ્ર સાથે છે જેના પ્રકાશકિરણોનો રંગ શીતળ નારંગી છે. મંગળવારનો સંબંધ માર્સ અર્થાત્ મંગળગ્રહ સાથે તથા તેના નિસ્તૃત પીળા રંગના કિરણો સાથે, બુધવારનો 'મર્ક્યુરી' અર્થાત્ બુધ ગ્રહ સાથે મનાયો છે, જેમાંથી નીકળતા કિરણોનો રંગ લીલો હોય છે. ગુરુ કે જ્યુપીટરનો સંબંધ ગુરુવાર સાથે છે જેમાંથી આસમાની રંગનાં કિરણો નીકળે છે. 'વિનસ' અર્થાત્ શુક્ર ગ્રહ શુક્રવાર સાથે સંબંધિત છે અને એમાંથી નીકળતા કિરણોનો રંગ લીલો હોય છે. 'સેટર્ન' અર્થાત્ શનિગ્રહ શનિવાર સાથે જોડાયેલો છે અને તેમાંથી નીકળતા કિરણો રિંગણાના રંગ જેવા હોય છે. રાહુ તેમ જ કેતુમાંથી ક્રમશઃ ઘટ્ટ રિંગણ જેવા અને ઈન્ફ્રારેડ કિરણો નીકળે છે. આ બધાનું પોતપોતાનું મહત્ત્વ અને પ્રભાવ છે.

સામ્બપુરાણ અનુસાર સૂર્યના હજારો કિરણો છે, જેમાં સાત મુખ્ય છે. આ સાત કિરણો જ સમસ્ત ગ્રહ નક્ષત્રોનાં સંચાલક અને પ્રાણીમાત્રનાં પ્રાણસ્વરૂપ છે. આ પ્રકાશ કિરણોનાં નામ ક્રમશઃ (૧) સુષુમ્ણા (૨) સુરાદના (૩) ઉદન્વસુ-સંયદ્વસુ (૪) વિશ્વકર્મા (૫) ઉદાવસુ (૬) વિશ્વવ્યચા-અખરાટ અને (૭) હરિકેશ છે. ઈન્દ્રધનુષ્યમાં અથવા તો ત્રિપાર્શ્વ કાચ 'પ્રિઝમ'માં વર્ણક્રમ વિશ્લેષણમાં આ જ કિરણો ક્રમશઃ લાલ નારંગી, પીળા, લીલા, આસમાની, નીલા અને જાંબલી રંગના દેખાય છે. એમને જ અંગ્રેજી અક્ષરો VIBGYOR ના રૂપે અંકિત કરવામાં આવે છે. ઉપરોક્ત પ્રકાશકિરણોનાં કાર્યો ક્રમશઃ આ રીતે બતાવવામાં આવ્યા છે. 'સુષુમ્ણા' અને 'સુરાદના' કિરણો ચંદ્રની કળાઓ પર નિયંત્રણ રાખે છે. કૃષ્ણપક્ષ (અંધારિયું)માં કલાઓને ઘટાડવામાં અને શુક્લપક્ષ (અજવાળિયું)માં એમની વૃદ્ધિ કરવામાં આ જ કિરણોની ભૂમિકા હોય છે. સમુદ્રમાં ભરતી ઓટ લાવવામાં તેમ જ પ્રાણીઓ અને ખાસ કરીને મનુષ્યને પ્રભાવિત કરવામાં આ કિરણો મહત્ત્વનો ભાગ ભજવે છે. ચંદ્રમાના અમૃતતુલ્ય શીતળ કિરણોનું નિર્માણ આ જ બે પ્રકારનાં સૂર્યકિરણોથી થાય છે. સૂર્યનું ત્રીજું કિરણ 'ઉદન્વસુ' છે જેમાંથી લાલ રંગના મંગળ ગ્રહનું નિર્માણ થયું છે. આ કિરણો મનુષ્ય સહિત સમસ્ત જીવધારીઓના શરીરમાં રક્ત સંચાલનના અધિષ્ઠાતા ગણાય છે. લાલ રંગનાં સૂર્ય કિરણો આપણા રક્તદોષોને દૂર કરીને આપણને આરોગ્ય તેમ જ ઓજસ, તેજસ પ્રદાન કરે છે.

'વિશ્વકર્મા' નામના ચોથા કિરણ સમૂહથી બુધ નામના ગ્રહનું નિર્માણ થયું છે. મનુષ્ય માટે આ ગ્રહ શુભ ગણાય છે. આ પ્રકાશકિરણનો ઉપયોગ કરીને મનુષ્ય માનસિક ઉદ્વિગ્નતાથી છુટકારો મેળવી શકે છે. એ જ રીતે 'ઉદાવસુ' નામનાં કિરણો બૃહસ્પતિનું નિર્માણ કરે છે. જ્યોતિર્વિદો અનુસાર આ ગ્રહ પાણી માત્ર માટે અભ્યુદયકારક


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. મનુષ્યની પ્રગતિ-પડતીમાં આ ગ્રહની અનુકૂળતાપ્રતિકૂળતા મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. 'ઉદાવસુ' કિરણોનું સેવન પ્રતિકૂળતાનું શમન કરે છે અને અનુકૂળ વાતાવરણનું સર્જન કરે છે. શુક્ર તેમ જ શનિ આ બંને ગ્રહો સૂર્યના 'વિશ્વવ્યચા' નામના પ્રકાશકિરણમાંથી નિર્માયા છે. શુક્ર વીર્યનો અધિષ્ઠાતા ગણાય છે. મનુષ્યની ઉત્પત્તિ એનાથી જ થાય છે. શનિ મૃત્યુનો દેવતા ગણાય છે. એ જ રીતે જીવન અને મૃત્યુનું નિયંત્રણ 'વિશ્વવ્યચા' કિરણો દ્વારા થાય છે. એનું સેવન કરનાર દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરે છે અને સ્વસ્થ બની રહે છે. 'હરિકેશ' નામક સાતમું સૂર્ય કિરણ સમસ્ત નક્ષત્રોની ઉત્પત્તિ માટે જવાબદાર છે. માનવજીવનમાં આચરિત શુભાશુભ કર્મોનું પ્રતિફળ પ્રદાન કરવામાં આ જ કિરણની મુખ્ય ભૂમિકા હોય છે.

સૂર્યોપનિષદમાં સમગ્ર જગતની ઉત્પત્તિ તેમ જ પાલન માટે સૂર્યને એકમાત્ર કારણરૂપ ગણવામાં આવ્યો છે અને એને જ સમગ્ર જગતનો આત્મા **'સૂર્ય આત્મા જગતસ્તસ્થુષશ્ચ'** કહેવાયો છે. શાંકરભાષ્ય અનુસાર **"રશ્મીનાં પ્રાણાનાં રસાનાં ચ સ્વીકરણાત્"** સૂર્ય અર્થાત્ સૂર્ય રશ્મિ જ સંપૂર્ણ પ્રાણીઓની પ્રાણ શક્તિ છે. તે પોતાના દિવ્ય અમૃતરસથી જીવધારીઓને જીવન પ્રદાન કરે છે. સાતે ગ્રહો, ભૂમિ, ચંદ્રમા, બુધ વગેરે તેમ જ ભૂઃ, ભુવઃ, સ્વઃ વગેરે સાત જીવનોમાં પ્રકાશ પહોંચાડવા અને એ લોકોમાં રસ વગેરે લેનાર સૂર્યકિરણો જ છે. આ જ કિરણોના તારતમ્યથી વિશ્વમાં બધાં પરિવર્તનો થાય છે. ગાયત્રી, ત્રિષ્ટુપ, જગતી, અનુષ્ટુપ, બૃહતી પંક્તિ તેમ જ ઉષ્ણિક આ સાત વ્યાહૃતિઓ સૂર્યના સાત કિરણોમાંથી ઉત્પન્ન થઈ છે. વ્યાહૃતિઓ કિરણોના અવયવો છે. જેનાથી જ્ઞાન ચેતના ઉપલબ્ધ થાય છે. પ્રાચીનકાળના ઋષિ માનવી આ જ સૂર્ય કિરણોનું પાન કરીને સાત વ્યાહૃતિનો તથા સંપૂર્ણ વેદોનો સાક્ષાત્કાર કરતા હતા. મહર્ષિ યાજ્ઞવલ્કયે આ જ સૂર્ય કિરણોનું અવગાહન કરીને વ્યાહૃતિ તેમ જ વેદને પોતાના અંતર્માનસમાં આવિર્ભૂત કર્યો હતો. સપ્તર્ષિઓના આરાધ્ય પણ આ જ ગાયત્રીના દેવતા સવિતા દેવતા હતા. ત્રિકાળ સંધ્યામાં આ જ જીવન ભાસ્કરની પ્રકાશરશ્મિઓને ગાયત્રી મહામંત્ર દ્વારા આકર્ષિત-અવધારિત કરવામાં આવે છે. સવિતાની અધિષ્ઠાત્રિ શક્તિનું જ નામ ગાયત્રી તેમ જ સાવિત્રી છે.

આધ્યાત્મિક સાધનાઓમાં વિશેષ કરીને ગાયત્રીની ઉચ્ચસ્તરીય સાધનામાં સ્વર્ણિમ સવિતા અર્થાત્ પ્રાતઃકાલીન ઉદીયમાન સૂર્યના પ્રકાશકિરણોની ધ્યાન ધારણાનું વિશેષ મહત્ત્વ છે. ઓજસ્, તેજસ્ તેમ જ વર્ચસ્ અર્જિત કરવા માટે ગાયત્રી ઉપાસકોમાંથી જેમણે પણ આ દિશામાં નિષ્ઠાપૂર્વક પ્રામાણિક પગલાં માંડ્યા છે એમણે બૌદ્ધિક તેમજ આધ્યાત્મિક બંને ક્ષેત્રોમાં આશાતીત સફળતાઓ અર્જિત કરી છે. પ્રકાશસાધના તો દરેક વર્ગના દરેક ઉંમરના નરનારી સુગમતાપૂર્વક કરી શકે છે અને મનવાંછિત ઉપલબ્ધિ હસ્તગત કરી શકે છે. સવિતાની સ્વર્ણિમ પ્રકાશસાધના સરળ પણ છે અને નિરુપદ્રવી છે.

---

**નેપોલિયન પોતાના સાથીઓ સાથે એક રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો. એ બધા આખો રસ્તો ઘેરીને ચાલી રહ્યા હતા. સામેથી એક મજૂર વજન ઊંચકીને આવી રહ્યો હતો. નેપોલિયને સાથીઓનો હાથ પકડીને ખેંચ્યો અને કહ્યું - "શ્રમનું સન્માન કરો અને મજૂરને જવા માટે માર્ગ આપો."**

**ત્યારપછી એણે સાથીઓને સમજાવ્યું કે જે સત્પ્રવૃત્તિઓને રાજ્યમાં પ્રોત્સાહન આપે છે એમનું સન્માન હું પોતે કરીશ. તો જ લોકોનો ઉત્સાહ એ તરફ વળશે.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# બુદ્ધિવાન બનીએ કે પ્રજ્ઞાવાન

શાસ્ત્રકારોએ એક ગૂઢ રહસ્યનું ઉદ્‌ઘાટન નીચેના શબ્દોના માધ્યમથી કર્યું છે.

**બુદ્ધેર્બુદ્ધિમતાં લોકે નાસ્ત્યગમ્યં હિ કિંચન ।**
**બુદ્ધયા યતો હતા નન્દાશ્ચાણક્યનાસિ પાત્રયા ॥**

અર્થાત્ "બુદ્ધિમાનોની બુદ્ધિ સમક્ષ દુનિયામાં કંઈ પણ અસાધ્ય નથી. બુદ્ધિ વડે જ શસ્ત્રહીન ચાણક્યે સશસ્ત્ર નંદવંશનો નાશ કરી નાખ્યો."

મનુષ્યની હાથપગની અર્થાત્ માનવીય શરીરની સ્થૂળ શક્તિ અન્ય પશુઓની તુલનામાં ગઈગુજરી છે. જો માનવી તેમની સાથે કુસ્તી લડવા લાગે તો તેને હારવું જ પડે. શારીરિક શક્તિ અમુક હદ સુધી જ લાભકારી છે. પરંતુ માનવીની ફળદ્રુપ બુદ્ધિની તાકાત અતિ વ્યાપક છે. તે દૂર સુધી પોતાનો પ્રભાવ પાડી શકે છે. શાસ્ત્રકારો કહે છે, **"દીર્ઘ બુદ્ધિસ્તતો બાહુ યાભ્યા દૂરહિનાસ્તિ સઃ ।** અર્થાત્ બુદ્ધિમાન વ્યક્તિની ભૂજાઓ લાંબી હોય છે, જેમની તાકાતથી એ દૂર સુધી વાર કરી શકે છે. મહર્ષિ વ્યાસે પણ કહ્યું છે, **"બુદ્ધિ શ્રેષ્ઠાનિ કર્માણિ'** અર્થાત્ મનુષ્યની બુદ્ધિથી વિચારપૂર્વક કરેલાં કાર્યો જ શ્રેષ્ઠ હોય છે.

બુદ્ધિ મનુષ્ય માટે ઉચ્ચ કોટીનું દૈવી વરદાન છે. એના વડે મનુષ્ય પોતાનું જીવન વધુ ઉન્નત, સમૃદ્ધ અને પ્રભાવશાળી બનાવી શકે છે. સમાજ અને આ સમગ્ર દુનિયામાં જે કંઈ મનુષ્ય દ્વારા કરેલું અદ્‌ભુત કાર્ય છે તે બુદ્ધિની જ દેન છે. કહેવત છે, "બુદ્ધિમાનનો એક દિવસ મૂર્ખના જીવનભરના સમય બરાબર હોય છે." એનું તાત્પર્ય એ છે કે સમજદાર વ્યક્તિ બુદ્ધિના યોગ્ય ઉપયોગ વડે એવું કામ કરી બતાવે છે જે સાધારણ માણસ સમગ્ર જિંદગીમાં કરી શકતો નથી.

આપણે આજથી જ, અત્યારથી જ આપણી બુદ્ધિનો વિકાસ કરવાનું શરૂ કરી દેવું જોઈએ. વ્યક્તિએ બુદ્ધિને વિકસિત, સંસ્કારી અને સમર્થ બનાવીને વધુને વધુ આગળ વધીને ઉન્નતિ કરવાની મહેચ્છા રાખવી જોઈએ. જેમ જેમ બુદ્ધિનો વિકાસ થાય છે તેમ તેમ સારુંનરસું, લાભઅલાભ અને ઉન્નતિઅવનતિનો ભેદ સમજાવા લાગે છે. બુદ્ધિને અધિકાધિક પ્રૌઢ, વ્યાપક અને પરિપક્વ બનાવવા માટે જ્ઞાનની સાધના અને વિચારોની અર્ચના કરવાનું આવશ્યક છે. જ્ઞાન અને વિચાર સાધનાના ક્ષેત્રમાં આપણે જેટલા નવા વિચારોને સ્વીકારવાનું અને પછી પોતાની રીતે વિચારવાનું શરૂ કરીએ એટલે આપણી બુદ્ધિનો વિકાસ થાય.

બૌદ્ધિક ક્ષમતાને વધારવા માટે જરૂરી છે કે આપણે આપણા મનમાં નવા જ્ઞાનને ગ્રહણ કરીએ, નવી વાત શીખીએ અને બુદ્ધિનો વિકાસ કરવાની તીવ્ર અને તીવ્ર લગની સેવીએ. શીખવા માટે માનવજાતિએ સંચિત કરેલું જ્ઞાન ઓછું નથી. નાના ક્ષેત્રોમાં માનવીય બુદ્ધિ અર્જિત જ્ઞાનનો અગાધ ભંડાર ભર્યો પડ્યો છે. એક એક વિષય પર અસંખ્ય પુસ્તકો મોજૂદ છે. અનેક પત્ર પત્રિકાઓ દરરોજ છપાતી હોય છે. આ ઉપરાંત આ સંસાર રૂપી ખુલ્લું પુસ્તક કંઈને કંઈ શીખવાની તક પૂરી પાડે છે. વળી બીજાના અનુભવોમાંથી લાભ ઊઠાવવાની ઉત્કંઠા પણ હોવી જોઈએ.

બીજી વાત છે બીજાંને શિખવવાની. પોતે મેળવેલ જ્ઞાનને બીજાને શિખવવાથી પણ આપણી બુદ્ધિનો વિકાસ થાય છે. જ્ઞાન ક્યાંયથી, કોઈની પણ પાસેથી કોઈ પણ મૂલ્ય આપીને મેળવી લેવું હિતાવહ છે. શીખવાના ક્ષેત્રમાં બીજાના વિચારો સ્વીકારવામાં સૂગ સેવવી ન જોઈએ. જેની પાસેથી આપણે શીખીએ એ જ આપણા ગુરુ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એવા અનેક ગુરુ હોઈ શકે છે. આપણા ભારતના લોકો જ્ઞાનપ્રાપ્તિમાં હંમેશાં ઉદાર રહ્યા છે. આપણી પરંપરા અનુસાર જ્ઞાનપ્રાપ્તિમાં આપણે જરા પણ સૂગ સેવી નથી. દુનિયાભરના વિચારોને આપણે અજમાવી જોયા છે અને જે યોગ્ય લાગ્યું તેનો સ્વીકાર કરવામાં જરાપણ આનાકાની કરી નથી. બુદ્ધિની સાધના કરનારે પોતાની ગ્રહણશક્તિને એકાંગી ન બનાવવી જોઈએ. પોતાની જાતને કોઈ એક વિચારધારામાં કેદ ન કરવી જોઈએ. જે એવી ભૂલ કરે તેની બુદ્ધિ એકાંગી બની જાય છે. તે વિવિધ દિશાઓમાં વિકસિત થઈ શકતી નથી. આ સંદર્ભમાં સુપ્રસિદ્ધ વિચારક બેકને ઠીક જ કહ્યું છે, "ઈશ્વરે બુદ્ધિની કોઈ સીમા નિશ્ચિત કરી નથી."

ખરેખર બુદ્ધિના સાધકો માટે સદ્દજ્ઞાન, વિવેક અને સરસ્વતીની ઉપાસના કરનારા માટે જ્ઞાનપ્રાપ્તિ કે વાંચનલેખનની કોઈ સીમા જ નથી. એ અનંત છે, અગાધ છે. તે તો નિત્યનવીન વિકાસક્રમની છાયામાં પાંગરે છે. તેથી બુદ્ધિ વિકાસ અને ઉન્નતિની કોઈ જ સીમા હોઈ શકે નહિ. પ્રત્યેક શિક્ષિત વ્યક્તિ માટે નવું શીખવાનું બાકી જ રહે છે. જ્ઞાન તો ચીલ ઝડપે આગળ વધતું જ રહે છે. માનવી આ દિશામાં જેટલા પ્રયત્નો કરશે તે એટલો પ્રજ્ઞાવાન બનશે.

જ્ઞાનવર્ધનની અનેક શાખાપ્રશાખાઓ છે. નવાં નવાં ક્ષેત્રો છે. બુદ્ધિને વધારવા માટે બધી જ પ્રણાલીઓનું અધ્યયન કરવું જોઈએ. જ્યાં પણ સદ્દજ્ઞાનના નવા સ્રોતો જણાય ત્યાં ત્યાં બુદ્ધિને પ્રવેશ કરાવવો જોઈએ. અધ્યાત્મ, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન, રાજનીતિ, વિજ્ઞાન, ધર્મ, સંસ્કૃતિ વગેરે અનેક ક્ષેત્રોમાં પોતાની રુચિ જગાડી, તે ક્ષેત્રોના પુસ્તકોનું અધ્યયન કરી પોતાની યોગ્યતા વધારવી જોઈએ. આપણું જ્ઞાનાર્જનનું ક્ષેત્ર જેટલું વિશાળ હશે તેટલી આપણી બુદ્ધિ પણ વિશાળ અને વ્યાપક બનશે. પછી બુદ્ધિ પ્રજ્ઞાનું રૂપ લઈ લેશે.

વિઠ્ઠલ પંડિત કાશી જઈને સંન્યાસની દિક્ષા લઈને ત્યાં જ રહેવા લાગ્યા. જ્યારે ગુરુને ખબર પડી કે એ ગૃહસ્થ જીવનની જવાબદારીઓ છોડીને સંન્યાસી બની ગયો છે ત્યારે એમણે સંન્યાસ દીક્ષાને રદ કરીને ગૃહસ્થ જીવનના પાલનની આજ્ઞા કરી. એમણે કહ્યું, "ગૃહસ્થને બંધન માની એનાથી ભાગો નહિ. એની પાસે સંકળાયેલી આત્મશુદ્ધિની બ્રાહ્મણોચિત સાધના કરો અને પુત્રની આવશ્યકતાને અનુરૂપ સંતાન સમાજને આપવાની જવાબદારી પૂર્ણ કરો."

વિઠ્ઠલ પંડિતે એ જ કર્યું. જાતિવાળાએ પંડિતજીને જાતિમાંથી બહિષ્કૃત કરી દીધા અને એમના બાળકોને કોઈપણ કામમાં શામેલ થવા દેતા નહિ. જો માર્ગ ભૂલેલ વ્યક્તિ ફરી પોતાના સાચા રસ્તે પાછો ફરે તો એનું સ્વાગત થવું જોઈએ, પરંતુ વિરોધીઓને વિવેકબુદ્ધિ સાથે શો સંબંધ ?

પરંતુ વિઠ્ઠલ પંડિત ગુરુદેવ દ્વારા બતાવેલા ગૃહસ્થાશ્રમના આદર્શો અનુસાર ચાલતા રહ્યા અને બાળકોને શ્રેષ્ઠ સંસ્કારો આપતા રહ્યા.

સંત જ્ઞાનેશ્વર સહિત એમના ત્રણે પુત્રો તથા દીકરી મુક્તાબાળ ચારે ધર્મપ્રચારકની જેમ પરિભ્રમણ કરવા લાગ્યા. એક વાર કાશી ગયા ત્યારે પંડિતો સાથે શાસ્ત્રાર્થ થયો. સમતાવાદી જ્ઞાનેશ્વરજીએ શ્રેષ્ઠ કાર્યોમાં બધાનો અધિકાર સાબિત કરીને ભેંસોના મુખે વેદમંત્રોનું ઉચ્ચારણ કરાવ્યું. વિરોધી પંડિતોને ક્ષોભ થયો અને એમનું માથું શરમથી ઝૂકી ગયું. સંત જ્ઞાનેશ્વરના ચમત્કારી રૂઢિ વિરોધી પ્રયાસોએ દેવ સંસ્કૃતિનો વિસ્તાર અને ધર્મધારણા વગેરેમાં સફળતા મેળવી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# અસામાન્ય સમય માટે અસામાન્ય તૈયારી

### (ઓક્ટોબર ૧૯૭૯માં શાંતિકુંજમાં આપેલું ઉદ્‌બોધન)

ગાયત્રી મંત્ર અમારી સાથોસાથ બોલો.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

દેવીઓ અને ભાઈઓ ! ક્યારેક સાધનાઓ સમય પ્રમાણે અને પાત્રતા પ્રમાણે કરવામાં આવતી. એક સરખી સાધનાઓ ક્યારેય નથી કરવામાં આવી. પૌરાણિક યુગની સાધનાઓને જ્યારે આપણે જોઈએ છીએ તો એક મુખ્ય તપસ્વિની પાર્વતીજી તપ કરતી હતી. કેટલાય વર્ષો તેઓ હવા પર રહ્યા, પાંદડાં ખાઈને રહ્યા, પાણી પીને રહ્યા. ક્યારેક તપસ્વીઓ પણ આવી સાધનાઓ કરતા. ક્યારેક જ્ઞાનની સાધનાઓ કરવામાં આવતી. સૂત અને શૌનક જેવા ઋષિ નૈમિષારણ્ય ક્ષેત્રોમાં જઈને કથાકીર્તન કરતા. ત્યાં અનેક ભક્તજનો આવતા અને કથા શ્રવણ કરતા, સત્સંગની વાતો કરતા. ક્યારેક શિક્ષણની પરંપરા ચાલી તો બ્રાહ્મણોના આરણ્યકો સ્થપાયા અને ત્યાં જઈને લોકો જ્ઞાનોપાર્જન કરતા. સાધનાઓ એ વખતે પણ અજબ હતી. હજારો પ્રકારની સાધનાઓ પ્રચલિત હતી. જેમાં તાંત્રિક સાધનાઓથી લઈને સકામ સાધનાઓ થતી હતી. પરંતુ શિષ્ય અનુસાર સાધના નક્કી કરવાનું કામ ગુરુજનો અને ઋષિઓનું રહેતું. તેઓ જે સાધનાઓ બતાવતા તેને લોકો અપનાવીને પોતાને ધન્ય ગણતા અને સફળતા પણ પ્રાપ્ત કરતા હતા.

આજનો સમય સામાન્ય સમય નથી. આ સંધિનો સમય છે જેને આપત્તિકાળ ગણી શકાય. ધરતીકંપ થાય તો લોકો ભાગવા માંડે છે, કેટલાંક દટાઈ જાય છે, વીજળી પૂરવઠો બંધ થઈ જાય છે, પાણી પૂરવઠો બંધ થઈ જાય છે અને હાહાકાર મચી જાય છે. દુકાળને પણ આપત્તિકાળ ગણી શકાય. જ્યારે અનાજ નથી પાકતું, ખાવા નથી મળતું, પાણી સૂકાઈ જાય છે ત્યારે માણસ જીવ બચાવવા માટે ભાગવા માંડે છે અથવા તો પ્રાણત્યાગ કરી દે છે. એજ રીતે ક્યાંક આગ લાગે તો કોઈનું છાપરું સળગે, કોઈનું ઘર સળગે ત્યારે પોતાનું નહાવું, ધોવું, ખાવું પીવું બંધ કરીને આગ ઓલવવામાં દોડી જાઓ. તમે દુકાને જતા હોય અને ક્યાંક અકસ્માત થાય, કોઈને વાગે, કોઈ ઘાયલ થાય તો તેમની સેવા કરો. દુકાને જવાનું છોડી તેમને દવાખાને લઈ જાવ, પાટાપિંડી કરો. કારણકે ભૂકંપ, દુકાળ, આગ, પૂર જેવા અસામાન્ય સમયે અસામાન્ય કાર્યોમાં પ્રવૃત્ત થવું પડે છે. ભાવનાશીલો પોતાનો સામાન્ય ક્રમ બદલીને બીજાની સહાયતા કરવા દોડી જાય છે.

આજના આ સમયમાં આપણે આપત્તિધર્મને નિભાવવા માટે તૈયાર રહેવું જોઈએ. આ સંધિકાળમાં એક બાજુ કૌરવોની સેના ઊભી છે અને બીજી બાજુ પાંડવોની સેના છે. એક બાજુ અસુરતા જડબાં ફાડીને ઊભી છે. એક પક્ષે સર્વનાશનો પડકાર છે તો બીજા પક્ષે નવનિર્માણ કરવા માટે યુગશિલ્પી પૂરી તૈયારી સાથે કમર કસીને ઊભા છે. આ કૌરવો અને પાંડવોની લડાઈનો-મહાભારતનો સમય છે. આ આપત્તિકાળમાં આપણે વિશેષ ધર્મ અને ધ્યાન અપનાવવાં જોઈએ. અર્જુન ધર્મ-ધ્યાન કરવાનો વ્યવસાય કરતો ન હતો. ગીતામાં લખ્યું છે કે જ્યારે ભગવાને અર્જુનને લડવાનું કહ્યું તો તે આનાકાની કરવા લાગ્યો. લડીને શું ફાયદો ? પરંતુ તે તો આપત્તિકાળ હતો. જો ત્યાં લડાઈ લડવામાં ન આવી હોત તો કર્ણ, દુર્યોધન, દુશાસન અને શિશુપાલ મળીને કેવો કેર વરતાવી દેત. પોતાની લાલચ અને વાસનાથી કોણ જાણે કેટલાય લોકો પર જુલમ કરત અને જીવવું ઝેર કરી નાખત.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેથી ભગવાને મહાભારતની તૈયારી કરી અને અર્જુનને કહ્યું કે હવે સામાન્ય બાબતોને છોડી દો.

અર્જુન બોલ્યો, **'શ્રેયો ભોક્તું ભૈક્ષ્યમપીહ લોકે'**, હું તો ભિક્ષા માગીને પણ ખાઈ શકું છું કંઈક કામ કરીને પણ પેટ ભરી શકું છું. પછી શા માટે લડું ? ભગવાને કહ્યું "આ આપત્તિકાળ છે. એમાં વિશેષ ફરજો બજાવવાની હોય છે. એમણે આપત્તિધર્મ નિભાવવા માટે અર્જુનને તૈયાર કર્યો અને તે ભગવાનનું કહ્યું માનીને મને કે કમને લડવા તો તૈયાર થઈ ગયો. ત્યાર પછી તેઓ લડાઈના મેદાનમાં ગયા અને ગાંડીવ દ્વારા તીર ચલાવવા લાગ્યા અને બધા જ વિરોધીઓને ઠાર કર્યા. તેઓ પોતાના સામ્રાજ્યના સ્વામી બન્યા અને ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિના અધિકારી પણ બન્યા. આ આપતધર્મ જણાવી રહ્યો છું. તમે કહો અર્જુને પૂજા ઉપાસના કરી હતી ? કોઈ અનુષ્ઠાન જપ, તપ, ધ્યાન, ધારણા, સમાધિ દૈનિક પૂજા પણ કરી ન હતી. બસ, ભગવાનની આજ્ઞા માની હતી. તેમણે કહ્યું આ સમયે સૌથી મોટી સાધના મહાભારતની છે અને અર્જુન એમાં જ લાગી ગયો. ત્યારે ભગવાનની દર્શાવેલી સાધના મનુષ્યો દ્વારા કરેલી સાધનાની અપેક્ષાએ લાખો ગણી શ્રેયસ્કર સિદ્ધ થઈ. આ જ વાત બીજે પણ લાગુ પાડી શકાય.

હનુમાનજીએ કઈ સાધના કરી હતી ? કોઈ અનુષ્ઠાન, જપ, તપ કે ધ્યાન ધારણા કર્યાં હતાં ? કંઈ પણ કર્યું ન હતું. સુગ્રીવની સાથે એક ગુફામાં સંતાઈને બેઠા હતા. જ્યારે ભગવાન રામ સાથે મુલાકાત થઈ ગઈ ત્યારે એમણે કહ્યું હું તમારી શરણમાં આવ્યો છું મને આજ્ઞા આપો. આજ્ઞા હતી સીતાજીને શોધી લાવો. કોઈ અનુષ્ઠાન, જપ, તપ અથવા રામાયણ, ગીતા, નારાયણ મંત્રનો પાઠ કર્યો ન હતો. ભગવાન રામે કહ્યું આ સમયે તમારા સાથી મુશ્કેલીમાં છે. સીતાજી આપત્તિમાં ફસાયેલા છે અને સમગ્ર દેશ પર અનીતિ, અનાચાર, અધર્મના વાદળો છવાયેલાં છે તેમને દૂર કરવા પડશે. આજની આ જ સાધના છે. હનુમાનજીએ તે આજ્ઞા માથે ચડાવી. કોઈ આગ્રહ ન કર્યો કે જપ, તપ બતાવો. આવો આગ્રહ તો પુરુષાર્થ ન કરનારા, મહેનત પ્રત્યે અરુચિ ધરાવનારા અને સેવા પ્રત્યે બેદરકાર લોકો સેવતા હોય છે. આવા લોકો બેકાર બેસી રહે તો માળા ફેરવવાનું કામ જ આપવું પડે. અરે ભાઈ, બેકાર બેસી રહેવા કરતાં માળા ફેરવવી કે રામનું નામ લેવું શું ખોટું ? પરંતુ ઉપાસનાનો અર્થ રામનામ લેવું, માળા ફેરવવી એટલો જ નથી. દરેક જગ્યાએ માળા કામ નથી લાગતી. એ ક્યારેક કામ લાગે પણ એ જ કામ લાગે છે એવું નથી.

ઉપાસનાની દૃષ્ટિએ પ્રાસંગિક કર્તવ્યો, પ્રાસંગિક જવાબદારીઓનું વહન પણ અત્યંત જરૂરી બની રહે છે. હનુમાનજીએ એ જ કર્યું અને જે દિવસે તેઓ ભગવાનના શરણે આવ્યાં ત્યારથી તેમની આજ્ઞા અનુસાર જીવનભર સાધના કરતા રહ્યા. તેમણે પોતાની મરજી પ્રમાણેની સાધના કરી ? ના, ભગવાને હુકમ આપ્યો, સીતાને શોધી લાવો અને એ સીતાને શોધી લાવ્યા, અંગૂઠી આપી આવ્યા અને એમની નિશાની લાવી આપીને કહ્યું અને એમની શોધ કરી આવ્યા. બસ, કામ બરાબર રીતે પૂરું થયું. હવે સાધનાનો બીજો અધ્યાય શરૂ થયો. હવે ચાલો રાક્ષસો સાથે લડવા, યુદ્ધની તૈયારી કરો, સાધનો ભેગા કરો. હનુમાનજી પોતાના મહોલ્લામાં ગયા અને બધા જ રીંછ વાનરોને કહ્યું હું તો ભગવાનના કામ માટે જઈ જ રહ્યો છું. તમે બધા પણ ચાલો, હનુમાનજીએ એવો ઉત્સાહ ભર્યો કે બધા જ તેમની સાથે ચાલી નીકળ્યા. તેમાં નલ-નીલ જેવા પાવરધા ઈજનેરો પણ હતા જે મોટી ઈમારતો બનાવી શકતા હતા. શું તેઓ આપમેળે આવ્યા હતા ? કોઈ આપમેળે શા માટે આવે ? હનુમાનજી બધાને લાવ્યા હતા. હનુમાનજીએ લડાઈના બધા જ સાધનો મેળવ્યાં અને રાજાઓનો સર્વનાશ કરવા માટે આકાશપાતાળ એક કર્યાં. જ્યારે લક્ષ્મણજી મૂર્છિત થઈ ગયા હતા ત્યારે સુષેણ વૈદ્યે જડીબુટ્ટી બનાવી ત્યારે એ આખો પહાડ ઉખાડીને લાવ્યા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હતા. જપ-જપ-જપ એક જ વાત શીખ્યા છો તમે? બીજી કોઈ વાત શીખ્યા જ નથી. સૌથી સહેલું કામ બેઠા બેઠા માળા ફેરવવાનું, માથું હલાવવાનું અને જીભનું ટેરવું હલાવવાનું. તમે ઉપાસનાને આટલી સસ્તી સમજો છો ? જેમાં કષ્ટ ન સહેવું પડે પુરુષાર્થ ન કરવો પડે એ સાધના કહેવાય ? આટલી કિંમતી વસ્તુઓ આમ આટલી સસ્તી કિંમતમાં ખરીદવા ઇચ્છશો ? એવું ન કરશો. વાસ્તવિકતાની નજીક આવો.

ભગવાનને પ્રાપ્ત કરવા માગો છો તો ભગવાનનું કહ્યું પણ માનો. શરણાગતિ એનું જ નામ છે, સમર્પણ એનું જ નામ છે. સમર્પણ અને શરણાગતિ એ જ કે આપણે ભગવાનનું કહ્યું માનીએ, નહિ કે ભગવાનને આપણી આજ્ઞા માનવા વિવશ કરીએ, આપણી મનોકામના પૂર્ણ કરવા બાધ્ય કરીએ. તમે તમારી મરજી પ્રમાણે ભગવાનને ચલાવશો ? એ તમારી અરજી પ્રમાણે ચાલશે ? તમે કોણ છો ? તમારું નામ તો બતાવો ? તમારી હિંમત કેવી રીતે ચાલે છે ભગવાન પર હુકમ ચલાવવાની કે એ તમારી મનોકામના હમણાં જ પૂરી કરી નાખે ? તમને શરીર અને મન મળ્યાં, કુટુંબ મળ્યું, કલા મળી, સાધકો મળ્યાં, છતાં તમારી એ મજાલ કે તમે ભગવાનને તમારી દૈનિક જરૂરિયાતો પૂરી કરવાનું કહો. એ તો તમે પોતે પણ કરી શકો છો ? નહીંતર એક વાર તમે ભગવાનને કહેશો ભગવાનજી અમારી ગંદકી સાફ કરો. અમારા કપડા ધુઓ, મનોકામનામાં એ વાત પણ સમાયેલી છે. તમે શા માટે પુરુષાર્થ કરો ? શા માટે યોગ્યતા પ્રાપ્ત કરો ? તમે તો તમારા બધા કામ ભગવાન પાસેથી કરાવી લો. ખોરાક ચાવવા માટે પણ ભગવાનને કહો કે એ ચાવીને તમારા મોંમાં મૂકી દે. મિત્રો તમને એ વાતો શોભે એમ નથી. તમારે તમારો પુરુષાર્થ જાગ્રત કરવો પડશે અને ભગવાનનું કહ્યું માનવું પડશે.

ગોવાળિયાઓની વાત તો તમે સાંભળી છે ને ? એ ભગવાનના પરમપ્રિય મિત્રો હતા, સહયોગી હતા, સહચર હતા, સખા હતા, પરંતુ ગોવાળિયાઓને એમણે રામાયણના પાઠ કરવાને બદલે, અખંડ કીર્તન કરાવવાને બદલે કહ્યું, "આવો મિત્રો, ગોવર્ધન પહાડને ઉપાડીએ. ગોવાળિયાઓએ તેમનું કહ્યું માન્યું જ. કોઈએ પણ એ ન કહ્યું કે રામાયણના અખંડ પાઠ કરાવો, અમને સત્સંગ કરાવો, અમને ભંડારો કરાવો. ભગવાન તો ભગવાન છે. જો તેમના પ્રત્યે સમર્પણ છે તો તેમની આજ્ઞા તેમની આજ્ઞા છે. હુકમ થયો કે પહાડ ઉપાડવાનો છે તો તેમણે પહાડને ટેકો લગાડવાના અને પથ્થરો ભેગા કરવાના કાર્યોને જ કાર્ય ગણ્યું, પુણ્ય ગણ્યું.

પહેલાં આપણે શું કરવાનું છે એ વાતનો નિર્ણય લઈ લેવો જોઈએ. કંઈક કરવા માટે કોઈ મહાન શક્તિ સાથે પોતાનો સંબંધ જોડો અને કઠપૂતળીની જેમ પોતાનો સંબંધ જોડો અને કઠપૂતળીની જેમ તેમનું કહ્યું માનીને તેની પાછળ પાછળ ચાલો. આ જ સાચો અને યોગ્ય ઉપાય છે, જે લાભદાયક પણ છે. આથી આ સંધિકાળમાં આપણે બધાએ અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્ય કરવાનું છે. આજે જનજનના મનને પરિશુદ્ધ કરવાની આવશ્યકતા છે. માણસનું મન, ચિન્તન ભ્રષ્ટ થઈ ગયું છે. પોતાના આચરણને દુષ્ટ બનાવવામાં તેને કોઈ શરમ નથી. વિચારો ભ્રષ્ટ થયા છે કે અસ્તવ્યસ્ત થઈ ગયા છે. આજની સૌથી મોટી આવશ્યકતા વિચારક્રાન્તિની છે, જનમાનસના શુદ્ધિકરણની છે, લોકમંગળ માટે જનજાગરણની છે. જો તમે આ કરો છો તો માની લો કે તમે યુગસંધિની સાધના કરો છો.

તમે જે પરિવારના સભ્યો છો, એ પરિવાર મોટા મથામણ સાથે મહાપ્રયત્નોપૂર્વક બનાવવામાં આવ્યો છે. એમાં અમે શોધી શોધીને, ઋષિ મહર્ષિઓને, ઠેરઠેરથી ભેગા કર્યા છે. તમને શા માટે ભેગા કર્યા અને શા માટે સાધનામાં કામે લગાડ્યાં છે ? એટલા માટે કે ભગવાન પર ઉપકાર કરવામાં સામર્થ્ય બતાવી શકો અને ભગવાન તમારો એ ઉપકાર કોઈ દિવસ ભૂલે નહીં. ભગવાન ઉપકાર ભૂલતા નથી. હનુમાનને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેમણે પોતાના રાજકુટુંબના સભ્ય બનાવી લીધા. તમે રામ પંચાયતના ચિત્રો જોયાં છે. તેમાં ચાર ભાઈઓ અને સીતાજી છે. પરંતુ એમાં હનુમાનજી પણ શામેલ હશે જ. તેમાં હનુમાનની શી જરૂર હતી ? માત્ર એક જ કે **'રામ કાજ કીન્હે બિના મોહિ કહાં વિશ્રામ'** તેમણે એ વિચાર્યું ન હતું કે પોતાની ઇચ્છાથી વૈકુંઠ જશે, પોતે મુક્તિ મેળવશે. પોતાનો લાભ મેળવી લેશે કે પોતાનાં ચમત્કાર અને સિદ્ધિ જોશે. કારણકે પોતાનું સ્વત્વ ઓગાળી દીધું પછી પોતાની મરજી કેવી ? તેમણે ભગવાનની મરજી પૂરી કરી અને રામચંદ્રજીના કુટુંબમાં શામેલ થઈ ગયા. તમે પણ પોતાની મરજી છોડી આવું જ કરો.

ક્યારેક આ બાબાજી પાસે, ક્યારેક પેલા ગુરુજી પાસે જઈને ના બેસો. તમારી અંદર બેઠેલા ભગવાન માર્ગદર્શન કરી શકે છે અને તે એવો વિલક્ષણ માર્ગદર્શક છે જેવો અર્જુનનો હતો. જેણે અર્જુનના ઘોડા ચલાવ્યા, ગાંડીવ ચલાવ્યું, સાચો રસ્તો બતાવ્યો અને મોરચાની જાણકારી આપી. તમે પણ આવું જ કરી શકો છો. વધુ ચર્ચામાં પડ્યા વગર, આ સ્કીમ અને પેલી સ્કીમ કર્યા વગર એક જ સ્કીમ બનાવો. કારણકે કોઈ મહાન છાયામાં બેસશો ત્યારે જ તો કહેવું માનશો. બાળકો મોટાનું કહ્યું માને એમાં જ લાભ છે. વાંદરાનું એક બચ્ચું કૂદાકૂદ કરતું હતું. વાંદરું ના પાડી રહ્યું હતું. પણ બચ્ચું માને જ નહીં. એક દિવસ બે લાકડીઓને ચીરવા માટે મશીનમાં વચ્ચે ખાંચો લાગેલો હતો. વાંદરાના બચ્ચાએ એને ઉખેડી નાખ્યું ઉખેડતાં જ એનો હાથ દબાઈ ગયો. અને ચિચિયારી પાડતું રહી ગયું. જો તેણે વાંદરાની વાત માની હોત તો આવું ન થાત.

તમે પણ પોતાની મરજી પ્રમાણેની સાધના વિશે ક્યાં સુધી પૂછતા રહેશો ? ના પૂછશો. મેં તો આવું નથી પૂછ્યું. મારી જીવન સાધના વિશે મેં ક્યારેય મારા ગુરુને પૂછ્યું નથી કે મને આ મંત્ર બતાવો, પેલું તંત્ર બતાવો. મેં મારી મરજી ખતમ કરી દીધી અને તેમને કહ્યું હુકમ કરો. તેમણે જ કંઈ કહ્યું મેં વગર વિચારે કર્યું. મને વિશ્વાસ હતો કે મને જે રસ્તો બતાવવામાં આવશે એ સાચો જ હશે, કલ્યાણકારી જ હશે, કારણકે એ રસ્તો બતાવનારી સત્તા મહા સામર્થ્યવાન છે. આજે હું ક્યાંથી ક્યાં પહોંચી ગયો ? તમારા માટે પણ આ જ રસ્તો છે. સમયની માંગને પૂરી કરો.

રામચંદ્રજીએ જ્યારે જન્મ લીધો ત્યારે તેમની સાથે દેવતાગણ પણ આવ્યા હતા. દેવતાઓએ ભગવાનને કહ્યું મનુષ્ય તો બહુ ચાલાક હોય છે. તેમનામાં પરોપકાર સેવાની ભાવના ક્યાંથી ? એ તો પોતાના સ્વાર્થની જ વાત વિચારે છે. તમે જે કામ કરવા જાવ છો એ કામ સ્વાર્થીઓથી ઓછું જ થવાનું છે. પરમાર્થીઓનું દળ જોઈએ. ક્યાંથી લાવશો ? બસ શંકરજી હનુમાનજી રૂપે અને અન્ય દેવતાઓ રીંછ વાનરોના રૂપે આવી ગયા. તમારે પણ પ્રજ્ઞાવતારની સાથે એ દેવતાઓ જેવું કામ કરવાનું છે. તેમને સહકાર આપવાનો છે. એ માટે ભગવાનની મરજી પ્રમાણે ચાલીને એવી કિંમત ચૂકવીએ.

સમાજના નવા નિર્માણ માટે સમાજને નવા ઢાંચામાં ઢાળવાનો છે. જૂનો ઢાંચો એટલો જીર્ણશીર્ણ થઈ ગયો છે કે હવે તેને તોડ્યા ફોડ્યા સિવાય છૂટકો નથી. એમાં તમે મદદ કરો. તમે તમારો સમય, તમારી શક્તિ, તમારું મન, ભાવના લઈને આવો અને કામે લાગી જાવ. આજના યુગના ભગવાન પ્રજ્ઞાવતાર છે. તેને આંખો ખોલીને જોઈ લો, કાન ખોલીને સાંભળી લો. કેટલીક એવી જાણકારીઓ તમને પ્રજ્ઞા અભિયાનની અંતર્ગત આપવામાં આવી રહી છે જે ભગવાનની પ્રેરણા, ભગવાનની દિશાધારા છે. દેવતાઓએ ભગવાન કૃષ્ણની સાથે પણ જન્મ લીધો હતો. કૃષ્ણ ભગવાને વિચાર્યું ધરતી પર તેમનો સહયોગ કોણ કરશે ? તેઓ એકલા કેવી રીતે કામ કરી શકશે ? દેવતાઓએ કહ્યું, પ્રભુ, મને પણ ચાલવાની આજ્ઞા કરો. અમે તમારી સાથે ચાલીશું. ભગવાને હા પાડી દીધી. બસ, પછી બધા દેવતાઓએ જન્મ લઈને સહયોગ આપ્યો.

પાંડવો કોણ હતા ? પાંડવો પાંચ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દેવતાઓના પુત્રો હતા. કર્ણ પણ દેવતાનો પુત્ર હતો. ભગવાન કૃષ્ણને કામ લાગવા માટે જ તેમણે જન્મ લીધો હતો. ધર્મરાજે શું કર્યું ? અર્જુને કયું મોટું કામ કર્યું ? ભીમે કોનું શું કર્યું? નકુળ સહદેવ કયા કામમાં લાગેલા રહ્યાં ? એ બધાંએ મળીને માત્ર એક જ કામ કર્યું. ભગવાનની આજ્ઞા માની. એ કેવી રીતે શક્ય બન્યું ? કારણકે એ દેવતાઓ હતા. દેવતાઓની ભાવના આવી જ હોય છે. સ્વાર્થીઓ, ચાલાકો, મોહાંધોની ભાવનાઓ પાપના કાદવમાં ડૂબેલી હોય છે. તેમને વધુ પૈસો વધુ માનમોભા જોઈએ છે. એમના સંતાનો સાધન યુક્ત હોવા જોઈએ. બસ, એનાથી આગળ કંઈજ નહીં. દેવતાઓની ભાવનાઓ મોટી હોય છે. તેઓ પરોપકારને પ્રાધાન્ય આપે છે. ભગવાનની આવશ્યકતા સમજીને યોગદાન આપે છે. પાંડવોએ સમગ્ર જિંદગી આ જ કર્યું. તમે પણ એવા જ છો. તમે પોતાને આ કાર્ય કરવા માટે દેવતા માનો તો કોઈ વાંધો નથી.

આજે પ્રજ્ઞાવતારનો યુગ છે. ભગવાનની નવી શક્તિઓએ જન્મ લીધો છે. જ્ઞાનની ગંગા વહાવી દીધી છે. આ સમયે જે શક્તિઓનો જન્મ થયો છે એ સતત પ્રયત્નશીલ છે કે લોકો પોતાના વિચારો બદલે અને નવા વિચારોની સ્થાપના થાય. પ્રજ્ઞા અભિયાન એનું જ નામ છે. આ યોજના ભગવાનની છે અને ભગવાન વાસ્તવમાં તેનાં સંચાલનકર્તા છે. તો પછી એનો અવતાર સાથે શું સંબંધ ? હવાઈ જહાજ પેટ્રોલ વડે ઉડે છે. એને પાયલોટ થોડો જ ઉડાડે છે ? એ તો મશીન ફેરવે છે. એ જ રીતે આપણે છીએ અને અન્ય લોકો છે. આપણે મશીન ફેરવીએ પણ તાકાત ક્યાંથી આવે ? એ તાકાત તો ભગવાનની છે. મહાકાલની છે. હવાઈ જહાજ તો કરોડો રૂપિયાનું આવે છે પણ તેને બનાવવાની શક્તિ કોઈ બીજામાં છે. તમે એવી જ શક્તિ પેદા કરો. તમે તમારાં સમય અને ઇચ્છાશક્તિને, આકાંક્ષાઓને સમયની માંગ પૂરી કરવામાં લગાડી દો. તમારે યુગસૃષ્ટાની ભૂમિકા નિભાવવાની છે. એ માટે તમે આગળ વધશો તો આપને પૂરેપૂરો સહયોગ મળશે. તમે જાગૃત દેવદૂતોની રીતિનીતિ અપનાવો અને આગળ વધો.

દેવદૂતોએ બીજા કરે એની રાહ જોઈ ન હતી. હિમાલયના ઊંચા શિખર પર સૌથી પહેલા સૂર્યકિરણની આભા નિરાળી જ હોય છે. એનું દર્શન કરીને લોકો પોતાને ધન્ય સમજે છે. તમે પણ તમારાં કિરણો ફેલાવો. સૌથી પહેલાં ઝંડો આગળ ચાલે છે ત્યારે દૂરથી દેખાય છે. તમે આગળ ચાલો અને બીજાને રસ્તો બતાવો. લડાઈમાં રણશિંગા આગળ ચાલતા હોય છે. તમે પણ આગળ ચાલો અને રણશિંગુ ફૂંકો, કે જેથી સંપૂર્ણ સેનામાં હિંમત પેદા થાય. તમે જે યુગમાં પેદા થયા છો એ સંક્રાતિકાળ છે. આ સમયે યુગપ્રહરીની ભૂમિકા નિભાવનારાની ભૂમિકાને પેઢીઓ સદૈવ યાદ રાખશે અને શ્રદ્ધાપૂર્વક નમન કરશે. તમે બધા દેવાત્મા છો, પ્રહરી છો. યુગાત્માઓ અને યુગપ્રહરીઓએ જોવું પડશે કે યુગની જરૂરિયાતો કઈ છે અને તમારી ઈચ્છા કઈ છે ? અરે ભાઈ, અમે કહીએ છીએ તમારી ઇચ્છાને એક ખૂણામાં રાખો. ભગવાનની ઇચ્છા શું છે ? સમયની માંગ શું છે ? પ્રજ્ઞાવતારની માંગ શું છે એ કાન ખોલીને સાંભળો અને સાંભળ્યા પછી સંપૂર્ણ હિંમત સાથે સંપૂર્ણ વફાદારી અને જવાબદારી સાથે તેને નિભાવવામાં લાગી જાવ અને રીંછવાનરો અને ગોવાળિયાઓની જેમ ધન્ય થઈ જાવ. બુદ્ધના ધર્મચક્રપ્રવર્તનમાં ભિક્ષુઓ અને ગાંધીજીના અસહકારના આંદોલનમાં ભાગ લેનારાને લોકો આજે પણ શ્રદ્ધાથી નમે છે. મહાકાલના યુગપ્રત્યાવર્તનના કાર્યમાં ભાગ લેનારાને મારું આશ્વાસન છે કે તેઓ પણ મનુષ્યમાં દેવત્વના ઉદય તેમ જ ધરતી પર સ્વર્ગના અવતરણના લક્ષ્યને પૂર્ણ કરવામાં સફળ થશે, ધન્ય થશે. આવનારી પેઢીઓ તેમના આ કાર્યની પ્રશંસા કરશે અને પ્રેરણા પ્રાપ્ત કરી પોતાના જીવનનું સાચું લક્ષ્ય નિર્ધારિત કરશે. આજની વાત સમાપ્ત.

ૐ શાન્તિ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આત્મીય અનુરોધ

વીસમી સદીનો અંત અને એકવીસમી સદીનો આરંભ યુગ સંધિનો એવો અવસર છે જેને અભૂતપૂર્વ કહી શકાય છે. કદાચ ભવિષ્યમાં એની પુનરાવૃતિ કદી ન થાય. વિજ્ઞાને સુવિસ્તૃત સંસારને કોઈ ગલી મહોલ્લાની માફક નિકટવર્તી બનાવી દીધા છે. વ્યક્તિ અને સમાજની સમસ્યાઓ આપસમાં ગુંથાઈ ગઈ છે. સાથે મરવાનું સાથે જીવવાનું એવું વાતાવરણ બની ગયું છે. એટલા માટે સમસ્યાઓ અને સમાધાનોની શોધ નવી પરંતુ વ્યાપક દૃષ્ટિથી કરવી પડશે. પોતાનાથી મતલબ રાખવાનો આદિ કાલીન વિચાર હવે નહીં ચાલી શકે.

અત્યારના સમયમાં મહાવિનાશ તથા મહાસૃજન આમને સામને છે. એમાંથી એકની પસંદગી સામૂહિક માનવીય ચેતનાએ જ કરવી પડશે. એ ચેતનાને, જેનું પ્રતિનિધિત્વ જાગ્રત અને વરિષ્ઠ પ્રતિભાઓ કરતી રહી છે. એવી પ્રતિભાઓ જે પ્રામાણિકતા તથા પ્રખરતાથી સંપન્ન હોય. તેને યુગ સમન્વયના નિર્ણાયક પણ કહી શકાય છે.

વિસ્ફોટક ગતિથી વધતી જનસંખ્યા, ખાદ્ય અને ખનીજ પદાર્થોમાં નિરંતર થતી જતી ઉણપ, વધતું વાયુ પ્રદૂષણ, જલ પ્રદૂષણ, આણવિક વિકિરણ, વનોનો અતિ અધિક કાપ, ધરતી પર ઉપજાઉ પડોની ક્ષતિ અને રાસાયણિક ખાતરથી જમીનની ઉપજાઉતાનું સમાપન, વધતા શહેર, ઘટતા ગામ, ઔદ્યોગીકરણના લીધે વધતી બેરોજગારી, નશેબાજી, વ્યભિચાર જેવી દુષ્પ્રવૃત્તિઓ, લોભ, મોહ, વિલાસ અને પ્રદર્શનથી ભરી પૂરી સંકુચિત સ્વાર્થપરતા, કુપ્રચલનો પ્રત્યે દુરાગ્રહ જેવી અનેક સમસ્યાઓ આજના દિવસોમાં તોફાની ગતિથી વધી રહી છે. એની વધતી તોફાની દિશાધારા માનવી ગરિમાને પોતાના પ્રવાહમાં વહેવડાવી લઈ જઈ શકે છે અને મહાપ્રલયના દૃશ્ય ઉપસ્થિત કરી શકે છે. ધરતીનું વધતું તાપમાન જલ પ્રલય, પ્રચંડ તપન, ભૂખમરો, દુષ્કાળ, રોગચાળા જેવા સંકટ ઉત્પન્ન કરી શકે છે જેનાથી માનવી સત્તા અને સભ્યતાનું કોઈ નામ નિશાન ન રહે.

એકબાજુ જ્યાં આ સર્વભક્ષી પરિસ્થિતિઓ આ સુંદર વિશ્વ ઉદ્યાનને છિન્ન ભિન્ન કરવા તુલી થઈ છે, ત્યાં આશાની ઉષાકાળ જેવી એક મામૂલી કિરણ નવોદયનો, યુગ પ્રત્યાવર્તનનો સંકેત પણ આપી રહી છે. આવી વિષમ પરિસ્થિતિઓમાં વિનાશનો દમન અને વિકાસનો અભ્યુદય કરવાના હેતુ મહાકાળની નિયામક ચેતના અવતરિત થતી રહી છે. અને સંકટોને ટાળતી રહી છે. ''યદા યદા હિ ધર્મસ્ય'' વાળી ઉક્તિમાં આ યુગમાં બનનારી સંભાવનાનું આશ્વાસન પણ છે. સૃષ્ટિ પોતાની આ અનુપમ કલાકૃતિ ધરિત્રી, માનવી સત્તા અને તેની મહત્તાનો વિનાશ ન થવા દેવાનો ચમત્કારી સરંજામ એકત્ર કરે છે. જેથી નિરાશા કોઈએ પણ ન અપનાવી જોઈએ.

વિનાશના દમન અને વિકાસના સૃજનના આ આપત્તિકાળમાં મહાકાળ પ્રાણવાન પ્રતિભાઓને જાગ્રત આત્માઓને સહયોગી અને સહભાગી બનાવવા માટે આમંત્રણ મોકલેલ છે. પ્રમાદી અને કુસંસ્કારી એને અણદેખ્યું, અણસાભળ્યું કરી ઉપેક્ષા પણ કરી શકે છે પણ જેના અંદર આદર્શોની ઉચ્ચતા, દૂરદર્શી, વિવેકશીલતા હાજર છે તે સમય ચૂકી સદા પછતાવાની ભૂલ નથી કરી શકતા. મહત્વપૂર્ણ અવસરોની અવગણના કરનારા જ અભાગી કહેવાય છે. સાહસિક તો સહેજ સંભાવનામાં ભાગીદાર બનવા માટે પાંડવો જેવી સાહસિક સૂઝબૂઝનો પરિચય આપે છે.

આજના દિવસોમાં આવા મણિમોતીની શોધ થઈ રહી છે જેનો સુગઠિત હાર યુગ ચેતનાની મહાશક્તિના ગળામાં પહેરાવી શકાય. એવા સુસંસ્કારીઓની શોધ માટે યુગ નિમંત્રણ પહોંચાડી રહ્યા છે, જે જીવિત હશે પડખું બદલવા ઉઠી ઉભા થશે અને સંકટ કાળમાં શૌર્ય પ્રદર્શિત કરનારા સેનાપતિઓની માફક પોતાને વિજયશ્રી વરણ કરવાના અધિકારીના રૂપમાં પ્રસ્તુત કરશે. કંજૂસ અને કાયર જ કર્તવ્યોનો પોકાર સાંભળી, કાંપતા, ગભરાતા અને કોઈ કોતરમાં પોતાનું મોં છૂપાવવાની વિડંબના રચે છે. એક દિવસ તો તે પણ મરે છે પણ ખેદ પશ્ચાતાપની કલંક કાલિમા માથા પર લાદતા લાદતા મરે છે.

મહાવિનાશની પરિસ્થિતિઓ પોતાના મોતે મરશે. અરુણોદય આગલી જ ક્ષણો જાજ્વલ્યમાન દિવાકરની માફક ઉગશે. આ સંભાવના સુનિશ્ચિત છે જોવાનું એટલું માત્ર છે કે આ પરિવર્તન કાળમાં યુગ શિલ્પીની ભૂમિકા સંપાદન કરવા માટે શ્રેય કોણ મેળવે છે ? કોના કદમ સમય રહેતા શ્રેય પથ પર આગળ વધે છે.

**-લીલાપત શર્મા**

## વાસંતી પ્રેરણા

આ વખતે વસંત પર્વ ઉદ્‌બોધનમાં પૂજ્ય પંડિતજીએ ખૂબજ સારગર્ભિત સંદેશ આપ્યો. તે સાંભળી અમારા હૃદયમાં વાસંતી ઉલ્લાસ વધ્યો. આ પ્રવચનનો સર્વે ભાઈ-બહેનોને લાભ મળે માટે વાસંતી સંદેશ નામથી એક કેસટ તૈયાર કરવામાં આવી છે જેની કિંમત રૂા. ૨૦-૦૦ છે. જે ગાયત્રી જ્ઞાનપીઠ જૂનાવાડજ, અમદાવાદ અથવા ગાયત્રી તપોભૂમિ, મથુરાથી મંગાવી લેશો.

**-ઘનશ્યામભાઈ પટેલ**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**બાકરોલ જી. ખેડા** ગાયત્રી પરિવાર શાખા દ્વારા પરમ પૂ. ગુરુદેવના વિચારો ઘરે-ઘર પહોંચાડવાનું અભિયાન ઉત્સાહપૂર્વક ચાલે છે. પાછલા દિવસોમાં દીપયજ્ઞ જન્મદિવસ તેમજ કુંડીય યજ્ઞ દ્વારા પણ મિશનનો સંદેશ ઘરે-ઘર પહોંચેલ છે.

**જાફરાબાદ જી. અમરેલી** આ શાખા દ્વારા દ્વિગુણી અષ્ટોત્તર શત મહાયજ્ઞનું આયોજન સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું. જેમાં હજારો વ્યક્તિઓએ ભાગ લઈ દેવસંસ્કૃતિના કાર્ય કરવાની પ્રેરણાઓ ગ્રહણ કરી સંપૂર્ણ ગામમાં વિચારક્રાંતિ અભિયાનના સુવાક્યો ભીંતો પર લખવામાં આવ્યા.

**ચકલાશી જી. ખેડા** મહિનામાં ગાયત્રી પરિવાર શાખાના સહયોગથી વિના મૂલ્યે સર્વ રોગ નિદાન સારવાર આયુર્વેદિક કેમ્પ લગાવવામાં આવ્યો. જેનો લાભ લઈ પ્રજાજન યુગ ઋષિના ઉજ્જ્વળ ભવિષ્ય પ્રત્યે આશાવાન બનેલ છે.

**રાપર જી. કચ્છ** પાછલા દિવસોમાં ૨૪ કુંડી મહાયજ્ઞનું આયોજન ખૂબ જ ઉત્સાહભર્યા વાતાવરણમાં સંપન્ન થયેલ છે. આ કાર્યક્રમની સફળતા માટે ગાયત્રી પરિવારના ભાઈ-બહેનોએ અનુષ્ઠાનો કરી દિવ્ય વાતાવરણ તૈયાર કર્યું આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી હરિશભાઈ જોશીનો સહયોગ રહેલ છે.

**તિલકવાડા જી. વડોદરા** ગાયત્રી પરિવાર શાખા દ્વારા ૧૦૦૮ ગાયત્રી મહાદીપ યજ્ઞનું આયોજન સંપન્ન કરવામાં આવ્યું. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે દીપોને ગાયત્રી મહામંત્રના અક્ષરોમાં સુસજ્જિત કરી શોભામાં અભિવૃદ્ધિ કરેલ કાર્યક્રમના અંતે મિશનના જયઘોષથી આખું વાતાવરણ ગૂંજી ઉઠ્યું.

**ઉપલેટા જી. રાજકોટ** ગામે ગામ યજ્ઞ અંતર્ગત ગામના શ્રદ્ધાવાન ભાવિકો દ્વારા ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. એકવીસમી સદી ઉજ્જ્વળ ભવિષ્યની કામના કરવામાં આવી.

**દહેગામ જી. અમદાવાદ** ગાયત્રી આરાધના કેન્દ્ર દ્વારા મફત મેડીકલ કેમ્પનું આયોજન મ્યુનિસિપલ હાઈસ્કૂલમાં સફળતાપૂર્વક થયું. આ કેમ્પમાં નિષ્ણાત ડોક્ટરોની માનવ સેવાઓ હતી આ કેમ્પમાં દવાઓનું પણ મફત વિતરણ કરવામાં આવ્યું આ કેમ્પનો હજારો દીન દુઃખીઓએ એવા લાભ લીધો છે. આ કાર્યક્રમમાં અમદાવાદના ડોક્ટરોની વિશેષ સેવા હતી.

**ધોળકા અમદાવાદ** ગાયત્રી શક્તિપીઠ શાહીબાગના સહયોગથી જલાલપુર ગામે ૧૫ કુંડી યજ્ઞ તેમજ સરોડા ગામે સાત કુંડી યજ્ઞ આયોજન થયું આ કાર્યક્રમમાં પૂ. ગુરુદેવનો પ્રત્યક્ષ ચમત્કાર પણ થયો કે આસોપાલવના પાન લેવા ઝાડ પર ચઢેલ શ્રી યોગેશભાઈ અચાનક જમીન પર પડી ગયા લગભગ ૨૦-૨૫ ફૂટની ઊંચાઈ પરથી પડવા છતાંય શરીરના કોઈ પણ ભાગમાં ઈજા થઈ નહી યજ્ઞના આયોજન પછી યોગેશભાઈના ઘરે પ્રજ્ઞાપુરાણની સ્થાપના કરવામાં આવી જેનું સામૂહિક વાંચન કરવાની જવાબદારી તેમણે સ્વીકારી.

**ઝાલોદ મુવાડા જી. પંચમહાલ** ગાયત્રી પરિવાર શાખાના સહયોગથી યજ્ઞ આયોજન સંપન્ન કરવામાં આવ્યું પંચમહાલ જીલ્લાનું આ ખૂબ જ પછાત ક્ષેત્ર હોવા છતાં પૂ. ગુરુદેવના વિચારો પોકેટ સાહિત્ય દ્વારા ઘેર-ઘેર પહોંચાડવામાં આવેલ જેનો પરિજનોએ લાભ ઉઠાવેલ છે.

**પાલીતાણા જી. ભાવનગર** ગાયત્રી પ્રજ્ઞા મંદિર પરમ પૂ. ગુરુદેવની કલ્પના પ્રમાણે સાચા અર્થમાં જન જાગૃતિનું કેન્દ્ર બની ગયું અહીંયા નાના મોટા આયોજનની સાથે બાળ સંસ્કાર કેન્દ્ર તેમજ નિબંધ સ્પર્ધા તેમજ દેશભક્તિ ગીત સ્પર્ધાઓ પણ થાય છે.

**ગોઝારીયા જી. મહેસાણા** ગાયત્રી પરિવાર શાખા દ્વારા પાછલા થોડાંક જ દિવસોમાં ૨૪ ગામોમાં ૨૪ યજ્ઞનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે. જેમા ષોડશ સંસ્કાર તેમજ યુગ ઋષિના સાહિત્યનો કાર્યક્રમ પણ કરેલ છે.

**અંતિસર જી. ખેડા** પાછલા દિવસોમાં ગામમાં પ્રથમવાર પંચકુંડી ગાયત્રી યજ્ઞનું આયોજન ખેડા જીલ્લા ગાયત્રી પરિવાર દ્વારા સંપન્ન થયેલ છે. આ કાર્યક્રમમાં ખેડા જીલ્લાના પરિજનોએ શોભાયાત્રામાં ભાગ લીધેલ.

**ગામડી જી. ખેડા** ગાયત્રી શક્તિપીઠમાં પ્રખર પ્રજ્ઞા અને સજલ શ્રદ્ધાનો પ્રાણપ્રતિષ્ઠાનો કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો. ગાયત્રી શક્તિપીઠની પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ ભવ્ય શોભાયાત્રા નીકળી હતી, ૧૦૮ કુંવારી કન્યાઓનું તિલક કરી પૂજન પણ કરવામાં આવ્યું .

**તાલાલા ગીર જી. જૂનાગઢ** ગાયત્રી મંદિરના લાભાર્થે શ્રીરામ પારાયણ જ્ઞાનયજ્ઞનું નવદિવસીય ભવ્ય આયોજન પૂ. ગુરુદેવ વંદનીય માતાજીના સૂક્ષ્મ સંરક્ષણથી સફળ થયું. કથાના સ્થળે ગાયત્રી યજ્ઞ તેમજ છેલ્લા દિવસે ૧૦૦૮ ગાયત્રી દીપ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. મહાકાળની સુક્ષ્મ સત્તાનો બધાએ દિવ્ય સાક્ષાત્કાર કર્યો.

**આણંદ જી. ખેડા** ગાયત્રી મહિલા શક્તિપીઠ દ્વારા નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન તથા સારવાર કેમ્પનું સફળ આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું . આ કેમ્પની વિશેષતા ઇંજેક્શન વગર દાંત સરળતાથી કાઢવાની અનોખી પદ્ધતિથી દર્દીઓને લાભ આપવામાં આવેલ છે.

આ કાર્યક્રની સફળતા માટે ગાયત્રી પરિવાર મહિલા શાખાએ નારી શક્તિમાં કેટલી અદ્ભૂત શક્તિ છે તેનો સાક્ષાત્કાર કરાવેલ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.